# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

13 APRIL-2024 SATURDAY

વર્ષ-13 । અંક-148 । વિક્રમ સંવત-2080 । ચૈત્ર સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક




પેજ-08
કોરીઅન સિંગરનું 30 વર્ષે થયું મોત, દોસ્તો સાથેની પાર્ટીમાં અચાનક પડી ગયા

પેજ-09
રાફિન્હાના બે ગોલ વડે PSGને 3-2થી હરાવ્યું




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 27.00 |
| વડોદરા | 38.00 | 26.00 |
| સુરત | 33.00 | 26.00 |

પેજ 5

એર ઈન્ડિયાએ વિશ્વભરમાં 5 નવા કેન્દ્રો સાથે ગ્રાહક સેવામાં વધારો કર્યો

સાયબર ક્રાઈમ રેન્કિંગમાં ભારત 10માં સ્થાને : ટોપ પર રશિયા...

પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 74244.90 ▼ | 793.25 |
| નિફ્ટી | 22519.40 ▼ | 234.40 |
| સોનું | 73,620.00 ▲ | 1,976.00 |
| ચાંદી | 85,182.00 ▲ | 2,335.00 |

## લોકસભા ચૂંટણીને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જોરશોરથી પ્રચાર... ભ્રષ્ટાચાર વિરુદ્ધ લડત નહીં રોકાય

# 10 વર્ષમાં EDએ એક લાખ કરોડ રૂપિયા જપ્ત કર્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

લોકસભા ચૂંટણીને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. તેઓ રોડ શો અને જાહેર સભાઓ સંબોધી રહ્યા છે. આ દરમિયાન તેમણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, ’ભ્રષ્ટાચારીઓ વિરૂદ્ધ તપાસ એજન્સીઓની કાર્યવાહી ચાલુ છે અને આ કાર્યવાહી હવે અટકશે નહીં.લોકસભા 2024ની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાનને હવે સાત દિવસ જેટલો સમય બાકી છે ત્યારે રાજકીય પક્ષો પૂરજોશમાં પ્રચાર કરી રહી છે. આ વચ્ચે આજે વડાપ્રધાન મોદી જમ્મુ કાશ્મીરનમાં એક રેલીને સંબોધિત કરીને બે મોટી જાહેરાતો કરી હતી. વડાપ્રધાન મોદીએ પોતાના સંબોધન દરમિયાન કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં પૂર્ણ રાજ્યનો દરજ્જો મળશે અને ટૂંક સમયમાં અહીં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે. વડાપ્રધાનની આ જાહેરાત એટલા માટે પણ ખૂબ મહત્વની છે કારણ કે નેશનલ કોન્ફરન્સ અને પીડીપી સહિત તમામ રાજકીય પક્ષો કલમ 370 હટાવ્યા બાદથી જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણીની માંગ કરી રહ્યા છે.



### ● ઈન્ડીયા ગઠબંધનને દેશના મોટાભાગના લોકોની પરવા નથી : PM મોદી

પોતાના સંબોધનમાં આગળ વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ’કોંગ્રેસ અને ઈન્ડીયા ગઠબંધનને દેશના મોટાભાગના લોકોની પરવા નથી. વડાપ્રધાને નોન-વેજ ફૂડનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે ’નવરાત્રિ દરમિયાન નોન-વેજ ફૂડનો વીડિયો બતાવીને લોકોની ભાવનાઓને ઠેસ પહોંચાડીને તેઓ (વિપક્ષ) કોને ખુશ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે? આજે જ્યારે હું બોલી રહ્યો છું, ત્યારપછી આ લોકો મારા પર અપશબ્દોનો મારો ચલાવશે. પરંતુ જ્યારે વસ્તુઓ અસહ્ય બની જાય છે, ત્યારે લોકશાહીમાં મારી જવાબદારી છે કે હું દેશને દરેક વસ્તુની સાચી બાજુ જણાવું.

### ● કોંગ્રેસે કબજો કરવાના ડરથી સરહદી ગામોનો વિકાસ કર્યો નથી

મોદીએ કહ્યું, ’રાજસ્થાનના રણમાં મહિલાઓ કહેતી હતી કે ઘી ઢોળાઈ જાય તો મારું કશું જ નહીં જાય, પરંતુ પાણી ઢોળાવું ન જોઈએ. મોદીજીએ આ સમસ્યાનો ઉકેલ માટે જળ જીવન મિશનની શરુઆત કરી, પરંતુ કોંગ્રેસ સરકારે તેમાં પણ ભ્રષ્ટાચાર આચર્યો હતો. કોંગ્રેસની વિચારસરણી જ વિકાસ વિરોધી છે.મોદીએ કહ્યું કે તેમણે જાણીજોઈને દેશના સરહદી ગામોને વિકાસથી દૂર રાખ્યા. તેઓએ કારણ આપ્યું કે જો સરહદની નજીક વિકાસ થશે તો દુશ્મનના કબજાની શક્યતા વધશે. આ શરમજનક વાત છે. બાડમેરની સરહદ કબજે કરવાનું વિચારવાની હિંમત કયા દુશ્મનમાં છે?

### PMએ કહ્યું- કોંગ્રેસના શહજાદે કહે છે કે હિંદુ ધર્મની શક્તિનો વિનાશ કરીશ

મોદીએ કહ્યું કે કોંગ્રેસ એવા દરેક કામનો વિરોધ કરે છે જે રાષ્ટ્રહિતમાં હોય. અમે શક્તિની પૂજા કરીએ છીએ, પરંતુ કોંગ્રેસના શહજાદે કહે છે કે તેઓ હિન્દુ ધર્મની શક્તિનો નાશ કરશે. તમે મારી માતાઓ અને બહેનોની શક્તિને જાણતા નથી. આ શક્તિનો નાશ કરનારાઓ સાથે ફક્ત મારી માતાઓ અને બહેનો જ લડી લેશે. કોંગ્રેસે રામ મંદિરનો બહિષ્કાર કર્યો. કોંગ્રેસ રામ નવમીની શોભાયાત્રા પર રાજસ્થાનમાં પથ્થરમારો કરનારા તોફાનીઓને રક્ષણ પૂરું પાડે છે. જ્યારે ઘૂસણખોરો દેશમાં આવે છે ત્યારે કોંગ્રેસ તેમનું સ્વાગત કરે છે, પરંતુ જેઓ દેશના ભાગલાનો વિરોધ કરતા દલિત-શીખ ભાઈ-બહેનોને નાગરિકતા આપતા CAA કાયદાનો વિરોધ કરે છે.

## Quick Read

### કેજરીવાલના અંગત સચિવ વિભવને ફરજ મુક્ત કર્યા : વિજિલન્સ વિભાગની કાર્યવાહી

નવી દિલ્હી | દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. વિજિલન્સ ડિપાર્ટમેન્ટે કેજરીવાલના પ્રાઈવેટ સેક્રેટરી વિભવ કુમારને ફરજ મુક્ત કર્યા છે.ઈડીને એક્સાઈઝ કૌભાંડમાં અનેક વખત તેમની પૂછપરછ કરી હતી. ડિરેક્ટોરેટ ઓફ વિજિલન્સે નિમણુક સમયે નિયમોના કથિત ઉલ્લંઘન બદલ અરવિંદ કેજરીવાલના પર્સનલ સેક્રેટરીને બરતરફ કર્યા છે. બિભવ કુમારની સેવાઓ તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવી છે.

### IIT ગુવાહાટીનો વિદ્યાર્થી હોસ્ટેલમાં મૃત હાલતમાં મળી આવ્યો : પોલીસને આત્મહત્યાની આશંકા

ગુવાહાટી | IIT ગુવાહાટીનો એક વિદ્યાર્થી તેની હોસ્ટેલમાં મૃત હાલતમાં મળી આવ્યો છે. પોલીસે આત્મહત્યાની આશંકા વ્યક્ત કરી છે. પરિવારે રેગિંગ બાદ હત્યાનો આરોપ લગાવ્યો છે. મૃતક બિહારના સમસ્તીપુર જિલ્લાના મોહનપુર ગામનો રહેવાસી હતો. 20 વર્ષીય સૌરભ બી.ટેક કોમ્પ્યુટર સાયન્સના પ્રથમ વર્ષનો વિદ્યાર્થી હતો. પોલીસે જણાવ્યું- આ ઘટના બુધવારે સાંજે સાડા પાંચ વાગ્યાની આસપાસ બની હતી. મૃતકનો રૂમમેટ ક્લાસ માટે ગયો હતો.

### હરિયાણામાં બસ અકસ્માત : આઠ વિદ્યાર્થીનાં મોત, આચાર્ય સહિત ત્રણની ધરપકડ

ચંડીગઢ | હરિયાણાના મહેન્દ્રગઢમાં એક સ્કૂલ બસ સાથે અકસ્માત થયો હતો, જેને પગલે આઠ વિદ્યાર્થીઓ માર્યા ગયા હતા. આ ઘટનાને પગલે પોલીસે સ્કૂલના આચાર્ય સહિત ત્રણ લોકોની ધરપકડ કરી છે. આ અકસ્માતમાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓ ઘાયલ પણ થયા છે. હરિયાણા સરકારે આ સમગ્ર ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. આ બસ એક ખાનગી શાળા સાથે સંકળાયેલી છે. અને ડ્રાઈવર બેદરકારીથી તેને ચલાવતો હોવાથી અકસ્માત સર્જાયો હોવાનું સામે આવ્યું છે.

### બેંગલુરુ રામેશ્વરમ કેફે બ્લાસ્ટના 2 આરોપી કોલકાતામાંથી અરેસ્ટ : સાજીબે IED મૂક્યો હતો

બેંગલુરુ | બેંગલુરુના રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં NIAએ શુક્રવારે કોલકાતામાંથી બે આરોપીઓની ધરપકડ કરી હતી. તેમના નામ અબ્દુલ મતીન તાહા અને મુસાવીર હુસૈન સાજીબ છે. NIA અનુસાર 2 માર્ચે સાજીબે કાફેમાં IED મૂક્યો હતો, જ્યારે તાહાએ આખો પ્લાન તૈયાર કર્યો હતો. NIA જે બેંગલુરુમાં રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસની તપાસ કરી રહી છે, તેમણે 5 એપ્રિલે કહ્યું હતું કે આ કેસમાં મુખ્ય અને સહ-આરોપીઓની ઓળખ કરવામાં આવી છે.

### તમિલનાડુમાં ભાજપ માટે કપરાં ચઢાણ, લોકસભાની 39 બેઠકો પર ત્રિકોણિયો જંગ ખેલાશે

નવી દિલ્હી | ડીએમકે-કોંગ્રેસના મુદ્દા : ભાજપ સામે એકહથ્થુ શાસન ચલાવવાનો આરોપ, ઈલેક્ટોરલ બોન્ડ, સ્થાનિક તમિલ સંસ્કૃતિ પર ખતરો, હિન્દી ભાષા થોપવાનો આરોપ, લઘુમતી અને પછાત વર્ગો માટે ભાજપથી ખતરો છે એવો પ્રચાર, નીટ જેવી એક્ઝામમાં તમિલ સ્ટૂડન્ટ્સ સાથે થતો અન્યાય. સ્ટાલિનની સરકારે છેલ્લાં ત્રણ વર્ષમાં કરેલા કામના આધારે નિષ્ફળ નીવડી હોવાથી ટીકા, ભાજપના સ્થાનિક નેતાઓ તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રીઓ સહિત નેતાઓનું અપમાન કરતી હોવાનો આરોપ.

## ભારતે નવી ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી

# વધુ એક યુદ્ધના ભણકારા! ભારતીયોને ઈરાન અને ઈઝરાયલની મુસાફરી ન કરવા આદેશ

### ઈરાનના હુમલાને રોકવા માટે અમેરિકાએ ચીન-સાઉદી પાસે મદદ માગી

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ઈરાન તરફથી ઈઝરાયલ પર હુમલાની ધમકીને જોતા ભારતે નવી ટ્રાવેલ એડવાઈઝરી જાહેર કરી છે. જેમાં ભારતીય નાગરિકોને ઈરાન અને ઈઝરાયલ ન જવાની સલાહ આપવામાં આવી છે. બીજી તરફ અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલ (WSJ)એ દાવો કર્યો છે કે ઈરાન આગામી બે દિવસમાં ઈઝરાયલ પર હુમલો કરી શકે છે. WSJએ શુક્રવારે અમેરિકન ઈન્ટેલિજન્સનો હવાલો આપીને આ માહિતી આપી હતી. અહેવાલમાં ઈરાનના એક અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે હુમલાની યોજના ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ ખામેનેઈ સાથે શેર કરવામાં આવી હતી. તેઓ તેની સંભવિત અસરનું મૂલ્યાંકન કરી રહ્યા છે. જો કે, અધિકારીએ એમ પણ કહ્યું છે કે હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી. તે જ સમયે, ઈઝરાયલ તેના ઉત્તર અને પશ્ચિમ બંનેમાં ઈરાનના હુમલાનો સામનો કરવાની તૈયારી કરી રહ્યું છે. ઈરાન તરફથી ઈઝરાયલ પર હુમલાની ધમકી વચ્ચે અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકને સાઉદી અરેબિયા, ચીન, તુર્કી અને ઘણા યુરોપિયન દેશોના વિદેશ મંત્રીઓ સાથે ફોન પર વાત કરી.

### દાવો : ઈરાન 2 દિવસમાં ઈઝરાયલ પર હુમલો કરી શકે છે

વિદેશ મંત્રાલયે એક એડવાઈઝરી જાહેર કરીને ભારતીયોને આગળની સૂચના ન મળે ત્યાં સુધી ઈરાન અને ઈઝરાયલની મુસાફરી ટાળવા જણાવ્યું હતું. આ ઉપરાંત જેઓ હાલમાં ઈરાન અથવા ઈઝરાયલમાં રહે છે તેઓ ભારતીય દૂતાવાસનો સંપર્ક કરે અને પોતાનું રજીસ્ટ્રેશન કરાવે. તેઓ સુરક્ષાને લઈને ખૂબ કાળજી રાખે. અહેવાલો અનુસાર, ઈરાન આગામી 48 કલાકમાં ઈઝરાયલ પર હુમલો કરી શકે છે. ઈરાન ઈઝરાયલ પર હુમલો કરવાના રાજકીય જોખમોનું મૂલ્યાંકન કરી રહ્યું છે. બંને દેશો વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચ્યો જ્યારે હુમલામાં સીરિયામાં ઈરાની કોન્સ્યુલેટની ઈમારત ધ્વસ્ત થઈ ગઈ હતી.

### શું ઈઝરાયેલ યુદ્ધની તૈયારી કરી રહ્યું છે?

ઈરાને આ હુમલા માટે ઈઝરાયલને જવાબદાર ઠેરવ્યું હતું જેમાં તેનો એક સૈન્ય કમાન્ડર અને છ અધિકારીઓ માર્યા ગયા હતા. ઈરાન ઈઝરાયલ પર સીધો હુમલો કરે તેવી શક્યતા નથી. તે હુમલા કરવા માટે લેબનોનમાં હિઝબુલ્લાહ અને યમનમાં હુથી જેવા સંગઠનોનો ઉપયોગ કરી શકે છે. આ દરમિયાન ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ કહ્યું, ’અમે સંરક્ષણ અને હુમલા બંનેમાં ઈઝરાયલની સુરક્ષા જરૂરિયાતોને પહોંચી વળવાની તૈયારી કરી રહ્યા છીએ.’

# બિહાર-રાજસ્થાન સહિત 14 રાજ્યોમાં વરસાદની શક્યતા

### MP-UPના 39 જિલ્લાઓમાં વાવાઝોડા ,વરસાદનું એલર્ટ : હીટવેવ મામલે PMએ મીટિંગ કરી



(એજન્સી) નવી દિલ્હી । તા. 12

દેશના બિહાર-રાજસ્થાન સહિત 14 રાજ્યોમાં હવામાન વિભાગે આજે વરસાદ પડવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. આમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, બિહાર, તેલંગાણા, કેરળ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી અને આંદામાન અને નિકોબાર ટાપુઓનો સમાવેશ થાય છે. મધ્યપ્રદેશમાં, નર્મદાપુરમ, બેતુલ, નરસિંહપુર અને છિંદવાડા સહિત 36 જિલ્લાઓમાં કેટલાક સ્થળોએ વાવાઝોડા અને કરા પડવાનું રેડ એલર્ટ છે. ઉત્તરપ્રદેશના 13 જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બિહારના 9 જિલ્લામાં આજે હળવા વરસાદની શક્યતા છે. તેમજ, આગામી બે દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ અને હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા અને વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

# મંદિરો પર વધી રહેલા હુમલાથી ભારતીય મૂળના અમેરિકન સાસંદો નારાજ, સંસદમાં રજૂ કર્યો પ્રસ્તાવ

(એજન્સી) નવી દિલ્હી । તા. 12

ભારત સહિતના બીજા દેશોના મામલાઓમાં માથુ મારતા અમેરિકાને તેના જ દેશના સાંસદોએ સંસદની અંદર અરીસો બતાવ્યો છે. અમેરિકાની સંસદમાં એક પ્રસ્તાવ રજૂ કરાયો છે અને તેમાં અમેરિકામાં હિન્દુ મંદિરો પર થયેલા હુમલા સામે નારાજગી વ્યક્ત કરાઈ છે. આ પ્રસ્તાવને ભારતીય મૂળના કોંગ્રેસ મેન શ્રી થાનેદારે સંસદ સમક્ષ રજૂ કર્યો છે. આ પહેલા પણ ભારતીય મૂળના સાંસદોએ અમેરિકાના કાયદા મંત્રાલયને એક પત્ર લખીને હિન્દુ મંદિરો પર થઈ રહેલા હુમલામાં શું કાર્યવાહી થઈ તેનો જવાબ માંગ્યો હતો. સંસદમાં રજૂ થયેલા પ્રસ્તાવમાં કહેવાયુ છે કે, અમેરિકાની પ્રગતિમાં હિન્દુ સમુદાયનુ બહુ મોટુ



યોગદાન છે. આમ છતા હિન્દુઓને અમેરિકામાં પક્ષપાતનો સામનો કરવો પડી રહ્યો છે. સ્કૂલો અને કોલેજોમાં હિન્દુ વિદ્યાર્થીઓનુ અપમાન કરાય છે, તેમની સાથે પક્ષપાત કરાય છે અને તેમને હેટ ક્રાઈમનો ભોગ બનવાનો વારો આવે છે. અમેરિકામાં હિન્દુઓ સામે નફરતની અને મંદિરો પર હુમલાઓની ઘટનાઓ વધી છે. અમેરિકામાં આજે 40 લાખ હિન્દુઓ રહે છે.

# અમારા કારણે જ બેંગલુરુ બ્લાસ્ટના આરોપીઓ ઝડપાયા : મમતા બેનર્જી

(એજન્સી) કોલકાતા । તા. 12

પશ્ચિમ બંગાળમાંથી બેંગલુરુમાં રામેશ્વરમ કેફે વિસ્ફોટના બે આરોપીઓની ધરપકડને લઈને તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ સામ-સામે છે. TMCના સુપ્રીમો અને મુખ્યમંત્રી મમતા બેનર્જીએ



કહ્યું કે અમારા કારણે બેંગલુરુ કેફે બ્લાસ્ટના બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. મમતા કૂચ બિહારના દિનહાટામાં ચૂંટણી રેલી યોજી હતી. આ દરમિયાન તેમણે મંચ પરથી કહ્યું- બીજેપીના એક નેતાએ કહ્યું છે કે બંગાળ સુરક્ષિત નથી, જ્યારે બંગાળ પોલીસની કાર્યવાહીના કારણે બે કલાકમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી. બંને આરોપીઓ બંગાળના રહેવાસી નથી. તેઓ અહીં છુપાયા હતા. ભાજપ બંગાળમાં અફવાઓ ફેલાવે છે. તમે (ભાજપ) સત્તામાં છો તેવા રાજ્યો વિશે શું? શું ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બિહાર અને ગુજરાત સુરક્ષિત છે? જો બંગાળમાં શાંતિ છે.

# ભાજપ સરકારમાં એક લાખ ખેડૂતોએ કર્યું સુસાઈડ

### કોંગ્રેસની સરકાર બનશે તો ન માત્ર એમએસપીની ગેરેન્ટી આપીશું, પરંતુ ખેડૂતો માટે દેવામાફી થશે




(એજન્સી) નવી દિલ્હી । તા. 12

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ખેડૂતો મુદ્દે ભાજપ પ્રહાર કર્યા છે. પ્રિયંકાએ શુક્રવારે (12 એપ્રિલ) કહ્યું કે, ’ભાજપના નેતૃત્વ વાળી એનડીએ સરકારમાં એક લાખથી વધુ ખેડૂતોએ સુસાઈડ કર્યું છે. ખેડૂતોની ન તો આવક બેગણી થઈ અને ન તો એમએસપી અપાયું. તેમણે વાયદો કર્યો કે કોંગ્રેસની સરકાર બનશે તો ન માત્ર એમએસપીની ગેરેન્ટી આપીશું, પરંતુ ખેડૂતો માટે દેવામાફી પણ થશે.’ દેશમાં લોકસભા ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. આ સમયે તમામ પક્ષ પોતપોતાના ચૂંટણી ઢંઢેરાઓમાં ખેડૂતો માટે અનેક વાયદાઓ કરી રહ્યા છે. એવો જ વાયદો કોંગ્રેસે પણ કર્યો છે, જેમણે કહ્યું કે, ’તેઓ ખેડૂતોને એમએસપીની કાયદાકીય ગેરેન્ટી આપવાના છે. અહીં મહત્વની વાત એ છે કે પંજાબ-હરિયાણા બોર્ડર પર પ્રદર્શન કરનારા ખેડૂતોની માંગ પણ એ જ છે. તેઓ સરકારથી સતત માગ કરી રહ્યા છે કે તેમને પાકો પર એમએસપીની કાયદાકીય ગેરેન્ટી આપવામાં આવે.

### કૃષિ ઉપકરણો પર વસૂલવામાં આવી રહ્યું છે GST

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પ્રિયંકા ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપે ખેડૂતોના દેવા માફ ન કર્યા, પરંતુ ઉદ્યોગપતિઓના લાખો કરોડ રૂપિયા માફ થયા છે. તેમણે X પર લખ્યું કે, ’આજે દેશમાં દરરોજ 30 ખેડૂતો આત્મહત્યા કરે છે. ભાજપ રાજમાં 1 લાખથી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી લીધી. કૃષિમાં ઉપયોગ થનારી જરૂરી વસ્તુઓ અને ઉપકરણો પર જીએસટી વસૂલવામાં આવે છે.’ કોંગ્રેસ મહાસચિવે આરોપ લગાવ્યો કે, ’10 વર્ષમાં ન ખેડૂતોને એમએસપી મળી, ન આવક બેગણી થઈ. દેવામાં ડૂબેલા ખેડૂતોનો એક પૈસો માફ ન થયો, પરંતુ કેટલાક ઉદ્યોગપતિઓ 16 લાખ કરોડ માફ કરી દીધા.’

## પોસ્ટરને સ્કેન કર્યા બાદ વીડિયોમાં ભાજપના કૌભાંડ જુઓ

# તમિલનાડુમાં PMના ફોટા અને QR કોડવાળા ‘જી પે’ના પોસ્ટર લાગ્યા

(એજન્સી) ચેન્નાઇ । તા. 12

લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કાના થોડા દિવસો પહેલા, પીએમ મોદીની સરકાર પર કૌભાંડનો આરોપ લગાવતા પોસ્ટર તમિલનાડુમાં અનેક જગ્યાએ જોવા મળી રહ્યા છે. પોસ્ટર્સ પર ’જી પે’ લખેલું છે, જેમાં પીએમ મોદીની તસવીર અને એક QR કોડ છે. તેના પર લખેલું છે ’કૃપા કરીને સ્કેન કરો અને ભાજપના કૌભાંડ જુઓ’. પોસ્ટરને સ્કેન કરવાથી વીડિયો દેખાય છે. વીડિયોમાં એક વ્યક્તિ ચૂંટણી બોન્ડ દ્વારા ભાજપના કથિત કૌભાંડ, CAG રિપોર્ટમાં ગેરરીતિઓ, અનેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં કથિત ભ્રષ્ટાચાર વિશે વાત કરે છે. વીડિયોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે ભાજપે મોટા કોર્પોરેટ્સની લાખો કરોડોની લોન માફ કરી દીધી છે. વીડિયોમાં લોકોને અપીલ પણ કરવામાં આવી છે કે તેઓ ભાજપને વોટ કરવાને બદલે I.N.D.I.A બ્લોકને વોટ આપે.




### PMએ કહ્યું- DMK પાસે ભ્રષ્ટાચારનો કોપીરાઈટ છે

પીએમ મોદીએ તમિલનાડુના વેલ્લોર અને મેટ્ટુપલયમમાં ડીએમકે અને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું. PMએ કહ્યું, DMK પાસે ભ્રષ્ટાચારનો કોપીરાઈટ છે. આખો પરિવાર મળીને તમિલનાડુને લૂંટવાનું કામ કરી રહ્યો છે. પાર્ટી એક પારિવારિક કંપની બની ગઈ છે. તેમણે તમિલ વિરોધી સંસ્કૃતિને પણ પ્રોત્સાહન આપ્યું છે. પાર્ટીએ રાજ્યના ભવિષ્ય અને નાના બાળકોને પણ છોડ્યા નથી. શાળામાં ડ્રગ ડીલરો પણ છે. પીએમએ કહ્યું કે ડીએમકે અહંકારમાં ડૂબેલી પાર્ટી છે.

### કોંગ્રેસે કર્ણાટકમાં PayCM અભિયાન શરૂ કર્યું હતું

સપ્ટેમ્બર 2022માં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીઓ પહેલા, કોંગ્રેસે તત્કાલીન ભાજપ સરકારના મુખ્ય પ્રધાન વસવરાજ બોમ્મઈ વિરુદ્ધ PayCM અભિયાન શરૂ કર્યું હતું, તેમના પર ભ્રષ્ટાચારમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. આ અભિયાનમાં PayTMની જેમ કર્ણાટકના તત્કાલિન મુખ્યમંત્રી બોમ્મઈનો ફોટો QR કોડની અંદર મૂકવામાં આવ્યો હતો. QR કોડ સ્કેન કરવાથી કોંગ્રેસની ’40 ટકા સરકાર’ની વેબસાઈટ ખુલતી હતી.

# દલુ ખડીયા ગામે ટીંટોડી ચાર ઈંડા મુકતા આ વર્ષે ચોમાસાની ઋતુ સારી રહેવાની હોય તેવું અનુમાન

જગદીશ ત્રિવેદી - લુણાવાડા

પ્રાપ્ત થતી માહિતી અનુસાર મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના દલુકડીયા ગામ પાસે ટીટોડી પક્ષી એ નીચે જમીન ઉપર ચાર ઈંડા મુકતા ચોમાસુ કેવું રહેશે તેની અટકડો લોકો કરી રહેલા સાંભળવા મળી રહી છે એવું કહેવામાં આવે છે કે ટીટોડી જો નીચે જમીન ઉપર ઈંડા મૂકે તો ઓછા વરસાદનું અનુમાન કરવામાં આવે છે પરંતુ ટીટોડી ત્રણ જ ઈંડા મૂકતી હોય છે તેની જગ્યાએ ટીટોડીએ ચાર ઈંડા મૂક્યા હોવાથી ચારેમાસ સારા વરસાદની અટકડો લોકો કરી રહ્યા છે.



ટીટોડી હંમેશા જળાશયોની આસપાસ ફરતી નજરે પડતું પક્ષી છે ટીટોડી એવું પક્ષી છે કે જે જમીન ઉપર ઈંડા મૂકે છે અને હંમેશા તે જમીન ઉપર જ ફરતું દ્રષ્ટિગોચર થાય છે ટીટોડી આષાઢ માસમાં ઈંડા મૂકે તો તે ખૂબ જ મહત્વનું ગણવામાં આવે છે, ટીટોડી ચાર ઈંડા મૂકે તો વરસાદ ચારેમાસ સારો રહેશે, એક ઈંડુ મૂકે તો આસાળ માસમાં વરસાદ, બે ઈંડા મૂકે તો શ્રાવણ માસમાં વરસાદ, ત્રણ ઈંડા મૂકે તો ભાદરવા માસમાં વરસાદ થાય એવું અનુમાન કરવામાં આવી રહેલું જણાય છે પક્ષીઓની દુષ્કાળના સમયની પણ અગાઉથી જાણ થઈ જવા પામતી હોય છે ટીટોડી દ્વારા વહેલા વરસાદ ના સંકેત આપવામાં આવ્યા છે ટીટોડીએ ઊંચા ઈંડા મૂક્યા હોવાથી વરસાદનું પ્રમાણ વધારે રહેશે તેવી ઘણા લોકોની માન્યતાઓ છે ટીટોડી ઊંચાઈ પર ઈંડા મૂકે તો વ્યાપક પ્રમાણમાં વરસાદ થવાની સંભાવના છે અને વહેલા મૂકે તો ચોમાસુ વહેલું બેસી જાય તેવી લોકમાન્યતા પ્રચલિત છે.

આ વખતે ટીટોડીએ જમીન ઉપર ત્રણ નહીં પરંતુ ચાર ઈંડા મૂક્યા હોવાથી ચોમાસામાં ચારેમાસ વરસાદ સારો રહેવાના સંકેત જણાવી રહ્યા હોય તેવું લોકોની અટકડો ઉપરથી સાંભળવા મળી રહ્યું છે



લોક સભા ની ચૂંટણી ને ગણત્રી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે કેટલાક પક્ષીય નેતા ઓ એક પક્ષ છોડી બીજામાં જોડાવવાની જાણે હરીફાઈ ચાલી રહી હોય તેમ ગુરૂવારે પાટણ લોક સભા ના જાહેર થયેલા કોગ્રેશ ના ઉમેદવાર ચંદન જી ઠાકોર નો ચાણસ્મા નો પ્રવાસ હતો દરમિયાન જિ તોડા નો ચૂંટણીલક્ષી પ્રવાસ દરમિયાન જિતોડા ના પૂર્વ સરપંચ બાબુજી ઠાકોર તેમના ૫૦ કાર્યકરો સાથે કેસરીયા ભાજપી સાથે છેડો ફાડી ઉમેદવાર ચંદનજી ના હસ્તે કોગ્રેશ નો ખેશ ધારણ કરી કોંગ્રેસ માં જોડાયા હતા જ્યારે કોગ્રેશ ના પીઢ અગ્રણી પરશુરામ ગોકલાણીએ તેમના ૧૦૦ થી વધારે કાર્યકરો સાથે કોગ્રેશ ને રામ રામ કરી ઉમેદવાર ભરતજી ડાભી ની ઉપસ્થિતી માં કેસરી યો ધારણ કરી ભાજપ માં જોડાયા હતા.

# ઇકો ગાડી થી અકસ્માત કરનાર આરોપીને વિવિધ કલમોના ભંગ બદલ દંડ ફટકારતી બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ મહીસાગરની કોર્ટ

જગદીશ ત્રિવેદી-ખારોલ

ફરિયાદ પક્ષના કેસની વિગતો મુજબ આરોપી રમેશભાઈ કાળુભાઈ તલાર ઉંમર વર્ષ 34, રહેવાસી ઉંદરા, ભાઠા, તાલુકો લુણાવાડા, જીલ્લો મહીસાગર ના ઓ એ તારીખ ૩૧/૦૭/૨૦૨૩ ના રોજ સોનાવાડા ગામે હાઈવે રોડ ઉપર ચાલતા જતા સોમાભાઈ અમરાભાઈ તલાર ઉંમર વર્ષ 55 નાઓને આરોપીએ પોતાના કબજાની ઈકો ગાડી નંબર જીજે ૩૫ ટી ૨૧૭૩ ને પૂર ઝડપે અને ગલત ભરી રીતે અહંકારી લઈ આવીને સોમાભાઈ અમરાભાઈ તળાવની પાછળથી ટક્કર મારીને રોડ ઉપર પાડી દઈ માથામાં પાછળના ભાગે તથા જમણી આંખની ઉપરના ભાગે તેમ જ જમણા પગ પર ઢીચણ થી નીચેના ભાગે ઈજાઓ પહોંચાડી હતી ત્યારે અકસ્માતનું ભોગ બનનારને લુણાવાડા ની વિનાયક હોસ્પિટલ ખાતે સારવાર કરાવીને વધુ સારવાર માટે એઈમ્સ હોસ્પિટલ મોડાસા ખાતે લઈ જઈને પ્રવા સારવાર કરાવી સારું જણાતો ઘરે લાવતો મોત નીપજવા પામી હતું જેથી ઈ પી કો કલમ મુજબ ૨૭૯,૩૦૪(અ),૩૩૭ તથા એમ વી એક્ટની કલમ ૧૭૭,૧૮૪ મુજબનું ગુનો આરોપીએ કરેલ હોય ફરિયાદીની ફરિયાદના આધારે ગુનાની તપાસના અંતે આરોપી સામે પૂરતો પુરાવો મળી આવતો પોલીસે ચાર્જશીટ દાખલ કરેલી હતી. આ અંગેનો કેસ મહીસાગર લુણાવાડાની બીજા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ એમ પરમાર ની કોર્ટમાં ચાલી જતા અને સરકારી વકીલ વાય. એચ . ગોસાઈની ધારદાર રજૂઆતો ના પગલે આ કામના આરોપી રમેશભાઈ કાળુભાઈ તલારના ઓને ઈ પી કોડ ની કલમ ૨૭૯,૩૦૪(અ),૩૩૭ તથા એમ વી એક્ટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના ગુનાના ભંગ બદલ ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ ૨૫૫(૨) મુજબ કસુરવાર ઠરાવીને આરોપીને ઈ પી કોડ ની કલમ ૨૭૯ ના ભંગ બદલ રૂ.૧૦૦૦/- (એક હજાર) દંડ, ઈ પી કોડ ની કલમ ૩૦૪(અ) ના ભંગ બદલ રૂપિયા ૧૦,૦૦૦/- ( દસ હજાર) દંડ તથા ઈપી કોડ ની કલમ ૩૩૭ ના ભંગ બદલ રૂપિયા ૫૦૦/- (પાંચસો) નો દંડ તથા એમ વી એક્ટની કલમ ૧૭૭ તથા ૧૮૪ ના ભંગ બદલ રૂપિયા ૫૦૦/- (પાંચસો) નો દંડ ફટકારવામાં આવ્યો છે આમ કુલ દંડની રકમ 12,000 છે. જો આરોપી દંડ ભરવામાં કશૂર કરે તો આરોપીને છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

## આહવાનાં પટેલપાડા ખાતે શો રૂમમાંથી ટ્રાયલનાં બહાને મોટરસાયકલ લઈને ઈસમ ફરાર

સુશીલ પવાર-ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવાનાં પટેલપાડા ખાતે આવેલ સર્વ મંગલ ઓટો ટુ વ્હીલર ગાડીનાં શોરૂમ પરથી એક અજાણ્યો 45 થી 50 વર્ષની ઉંમરનો ઈસમ ટ્રાયલ કરવાના બહાને શોરૂમ પરથી એક મોટરસાયકલ લઈ ગયો હતો.અને પછી પરત ફર્યો ન હતો.ત્યારે સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.હોન્ડા સાઈન મોટરસાયકલ (નંબર વગરની 100 C.C. ,જેની કિંમત રૂપિયા 78,000/-) ટ્રાયલ કરવાના બહાને લઈ ગયો હતો.પરંતુ અજાણ્યો ઈસમ મોટરસાયકલ લઈને પરત ફર્યો ન હતો.આ અજાણ્યો ઈસમ મોટર સાયકલ પરત ન આપીને વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનું જણાય આવતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.આ બનાવને લઈને આહવા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જાફરાબાદની મેઈન બજારની કરીયાણાની દુકાનમાં રાત્રીના સમયે લાગી આગ

## આગ લાગેતો પાલિકા પાસે આગ બુઝાવવા માટે કોઈ પણ જાતના ફાયર ફાઈટર અગ્નિ શામક વાહનો ની સુવિધા વિહોણું

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદ મેઈન બજારમાં કરિયાણા ની દુકાનમાં લાગી આગ લાગતા લોકોના ટોળા એકઠા થતા એકબીજાએ સાથસહકાર થી પણી ભરીભરીને આગ ઉપર કાબુ મેળવ્યું હતું આ કામ નગરપાલિકા દ્વારા કરવામાં આવતી હોય એ કામ લોકો દ્વારા કરવામાં આવ્યું હતું



તારીખ ૧૦/૦૪/૨૦૨૪ ના રોજ રાત્રિના સમયે મેઈન બજારમાં કરિયાણાની દુકાનમાં લાગી આગ આ આગ લાગવાની સાથે લોકોના ટોળેટોળા એકઠા થયા સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પાલિકા નું અગ્નિ શામક ફાયર ફાયટર ના ટેન્કરો બે હતા તે વાહનોની ટેન્કરોની પૂરતી દેખરેખ તકેદારી ન રાખતા ઘણા સમયથી બંધ હાલતમાં પડ્યા છે. તો શું આ ટેન્કરો પાલિકા ની કોઈ જગ્યાએ કાંટ ખાઈ રહ્યા છે ? આવી દુર્ઘટનાઓ ઘટે તો લોકોને કોનો સાહારો આ જોતાં એવું લાગી રહ્યું છે કે અંધેર નગરી ચોપટ રાજા જેવા હાલ જાફરાબાદ શહેરના થઈ રહ્યા છે.

પાલિકા દુકાન ધારોકો પાસે થી મસમોટા વેરા વસૂલાત કરતા હોય પરંતુ આવી દુર્ઘટનાઓ ઘટે ત્યારે પાલિકા પાસે આવી સુવિધા નથી નાગરિકો પણ હવે સમજી ગયા છે. એટલે તો આવી દુર્ઘટનાઓ ઘટે ત્યારે જાત મહેનત જિંદાબાદ ના સૂત્ર મુજબ લોકોએ પાણીની ડોલો ભરી અને આ આગ બુજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ આગ કાબુમાં ન આવતા અંતે નાગરિકો દ્વારા પોતાના ખર્ચે પાણીના ખાનગી ટાંકાઓ મંગાવી આગ બુઝાવવા માટે જહેમત ઉઠાવવી પડી હતી જે દુકાનમાં આગ લાગી તે દુકાનની આજુબાજુ માં પણ દુકાનો હોય અને લાખો કરોડો નો માલસામાન આજુબાજુ ની દુકાનો માં ભરેલ હોય પરંતુ નગરપાલિકા માં આવી ઘટના ઘટે ત્યારે આવી સુવિધા વિહોણી પાલિકા જાગૃતજણો દ્વારા નગરપાલિકા માં ફોન કરતા એવું જણાવ્યું કે ફાઈર ટેન્કર બંધ છે એવું જણાવ્યું હતું જ્યારે અગ્નિ શામક ફાઈર ફાઈટર ના ટેન્કરો નવા નક્કોર આવ્યા ત્યારે તેનો ઉપયોગ અમુક લોકો પોતાના અંગત કામમાં વાપરતા હતા તેવું પણ જનતા જનાર્દન માંથી ચર્ચાઈ રહ્યું હતું હવે આ ફાયર ફાયટર અગ્નિ શામક ના ટેન્કરો ની પૂરતી તકેદારી ન રાખતા કાંટ ખાઈ રહ્યા છે.

# લોકસભા સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટે નામાંકન પત્રો ભરવાનું શરૂ કરવામાં આવ્યું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અંતર્ગત ત્રીજા તબક્કામાં યોજાનાર ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જે અનુસાર ગુજરાતમાં આવેલી લોકસભાની 26 બેઠકો માટેની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની 05 બેઠકો માટેની પેટાચૂંટણી માટે આજથી ઉમેદવારીપત્રો ભરવાની શરૂઆત થઈ જશે. મુખ્ય નિર્વાચન અધિકારી પી. ભારતી એ જણાવ્યું હતું કે, ગુજરાતમાં સમાવિષ્ટ 26 લોકસભા મતવિભાગો તથા વિજાપુર, પોરબંદર, માણાવદર, ખંભાત અને વાઘોડિયા એમ કુલ 05 વિધાનસભા મતવિસ્તારના ચૂંટણી અધિકારીઓ દ્વારા નમુના નં-01 માં ચૂંટણી નોટીસ પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેથી આગામી તા.19 એપ્રિલ, 2024 સુધી જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે 11 વાગ્યાથી બપોરના 03 વાગ્યા દરમિયાન ઉમેદવારી પત્રો મળી શકશે તથા ભરેલા ઉમેદવારી પત્રો રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા.20 એપ્રિલ, 2024ના રોજ સવારે 11 કલાકે હાથ ધરવામાં આવશે. માન્ય થયેલા ઉમેદવાર ઈચ્છે તો તા.22 એપ્રિલ, 2024 ના રોજ બપોરે 03 વાગ્યા સુધીમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી શકશે. ઈ.વી.એમ




રાજ્યના તમામ જિલ્લાઓમાં રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં ઈવીએમના પ્રથમ રેન્ડમાઈઝેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ઈવીએમ મશીનોની ફાળવણી જિલ્લા કક્ષાએથી એસેમ્બ્લી સેગ્મેન્ટ(AS) કક્ષાએ કરવામાં આવી છે. હરીફ ઉમેદવારોની યાદી આખરી થયા બાદ હરીફ ઉમેદવારો કે તેમના પ્રતિનિધિઓ તથા ભારતના ચૂંટણી પંચ દ્વારા નીમવામાં આવેલ જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ઈવીએમના બીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

# સિંહ પર બાઈક ચડાવવાનો પ્રયાસ કરનાર બંને સગીર: તેના પિતાની સામે કાર્યવાહી

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

સાસણ સફારી રૂટ પર બની હતી ગંભીર ઘટના કાયમ સિંહ સાથે રહેતા હોવાથી દરેક વર્તણૂકથી વાકેફ હોવાના તરૂણનાં નિવેદનો.સિંહ પરિવાર પર બાઈક ચડાવવાનો પ્રયાસ કરનાર દુધાળા નેસના બંને વ્યક્તિ તરૂણ વયના હોવાનું ખુલ્યું છે.

વન વિભાગ દ્વારા બંને તરુણના તેમના વાલીની રૂબરૂમાં નિવેદનો લઈને જવા દેવામાં આવ્યા છે. બાઈક તેમના પિતાના નામે હોવાથી હાલ વન વિભાગ દ્વારા તેમની અટકાયત કરવામાં આવી છે. ગત રવિવારે સાસણ જંગલ સફારી, રૂટપરદુધાળા નેસ નજીક સિંહ પરિવાર રસ્તા પર હતો ત્યારે પ્રવાસીઓ સિંહ પરિવારને નિહાળી રહ્યા હતા. સિંહ હોવાથી વન વિભાગનો સ્ટાફ પણ સ્થળ પરહાજર હતો. બાઈક પર નીકળેલાબંને તરુણને વન વિભાગના સ્ટાફે સિંહ હોવાથી થોડીવાર ગાડી રોકવા કહ્યું હતું છતાં પણ બંને તરૂણે સિંહ પર બાઈક ચડાવવાનો પ્રયાસ કર્યો હોવાનો વિડીયો વાયરલ થતા વન વિભાગે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. સિંહ પર બાઈક ચડાવવાનો પ્રયાસ કરનાર બંને તરૂણ દુધાળા નેસના માલધારી હોવાનું જાણવા મળતા વનવિભાગે તેમને બોલાવી તેમના વાલીની રૂબરૂમાં નિવેદન લીધુ હતું. બાદમાં બંને તરૂણને જવા દીધા હતા.

## અમદાવાદ જિલ્લાની પૂર્વ અને પશ્ચિમ લોકસભા બેઠક માટે પ્રથમ દિવસે કુલ 98 ફોર્મનું વિતરણ થયું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

લોકસભાની સામાન્ય ચૂંટણી આગામી તારીખ 7 મે-2024ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીનું આજે વિધિવત જાહેરનામું પડવાની સાથે ઉમેદવારી ફોર્મ ભરવાની શરૂઆત આજથી થઈ છે. જોકે ઉમેદવારી ફોર્મ ભરવાના પ્રથમ દિવસે આજે અમદાવાદ જિલ્લાની પૂર્વ અને પશ્ચિમ લોકસભા બેઠક માટે એક પણ ઉમેદવારી ફોર્મ ભરાયું નથી પરંતુ ફોર્મ ભરવાના પ્રથમ દિવસે 44 જેટલાં વ્યક્તિઓ 98 ફોર્મ લઈ ગયા છે. જેમાં અમદાવાદ પૂર્વ બેઠક માટે 29 વ્યક્તિઓ 59 ફોર્મ લઈ ગયા છે જ્યારે પશ્ચિમ બેઠક માટે 15 વ્યક્તિઓ 39 ફોર્મ લઈ ગયા છે. ભરાયેલા ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી તા.૨૦/૦૪/૨૦૨૪ના રોજ સવારના ૧૧.૦૦ વાગ્યાથી સબંધિત ચૂંટણી અધિકારીની કચેરી ખાતે હાથ ધરાશે.

## વાદળછાયા વાતાવરણ અને માવઠાની સંભાવનાને કારણે પાકના રક્ષણ માટે ખેડૂતોને તકેદારીના ભાગરૂપે ઉચિત પગલાં લેવા અનુરોધ

સુરત । તા.12

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા.૧૩,૧૪ અને ૧૫ એપ્રિલના રોજ સુરત જિલ્લામાં વાદળછાયા વાતારણની સાથે હળવા/ સામાન્ય વરસાદની આગાહી હોય આ સમયે વાદળછાયા વાતાવરણને કારણે પાકના રક્ષણ માટે ખેડૂતોને તકેદારીના ભાગરૂપે ઉચિત પગલાં લેવા જણાવાયું છે. કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક/ તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવા અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. સાથે જ આ સમયગાળા પૂરતો જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવો તેમજ ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહીં તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એપીએમસી વેપારી અને ખેડુત મિત્રોએ એ.પી. એમ.સી.માં અનાજ અને ખેતપેદાશો સુરક્ષિત રાખવા ત્યાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી.

## પશ્ચિમ રેલવે દોડાવશે અમદાવાદ અને દાનાપુર વચ્ચે ગ્રીષ્મકાલીન સ્પેશિયલ ટ્રેન

અમદાવાદ । તા.12

પશ્ચિમ રેલવે દ્વારા આગામી ગ્રીષ્મકાલીન મોસમ દરમિયાન યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને દાનાપુર વચ્ચે ગ્રીષ્મકાલીન સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર 09417/09418 અમદાવાદ-દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ (કુલ 22 ટ્રીપ) ટ્રેન નંબર 09417 અમદાવાદ-દાનાપુર સ્પેશિયલ 15 એપ્રિલ 2024 થી 24 જૂન 2024 સુધી દર સોમવારે અમદાવાદથી સવારે 09:10 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે 20:30 વાગ્યે દાનાપુર પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર 09418 દાનાપુર-અમદાવાદ સ્પેશિયલ 16 એપ્રિલ 2024 થી 25 જૂન સુધી દર મંગળવારે દાનાપુરથી રાત્રે 23:50 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે 11:10 કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશામાં, આ ટ્રેન નડિયાદ, છાયાપુરી, રતલામ, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિંડૌન સિટી, બયાના, ભરતપુર, મથુરા, કાસગંજ, ફરુખાબાદ, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, સુલતાનપુર, જૌનપુર સિટી, વારાણસી, પંડિત દીનદયાળ ઉપાધ્યાય જંકશન, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ ક્લાસના કોચ રહેશે ટ્રેન નંબર 09417નું બુકિંગ 13 એપ્રિલ, 2024 થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTCની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના પરિચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, યાત્રીઓ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# દાહોદ સેવા સદન ખાતે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ

દિપક રાવલ - દાહોદ

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ભારતના ચૂંટણી પંચ તરફથી ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ૧૯-દાહોદ (અ. જ. જા.)સંસદીય મતદાર વિભાગની ચૂંટણીની તારીખો તથા ઉમેદવારી પત્ર મેળવવા અને રજૂ કરવાના અંગેના સ્થળોની જાણકારી દાહોદ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ પ્રેસ કોન્ફરન્સમાં આપવામાં આવી હતી.



આ પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેએ જણાવ્યું હતું કે, ચૂંટણી પંચનું જાહેરનામુ તથા ચૂંટણી નોટીસ બહાર પાડવાની તા.૧૨ એપ્રિલ, ૨૦૨૪ છે. ઉમેદવારી પત્રો તા.૧૨ એપ્રિલ, ૨૦૨૪ થી તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ (જાહેર રજાના દિવસો સિવાય) સુધીમાં (સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ દરમિયાન) રજૂ કરી શકાશે. ઉમેદવારે પોતાનું ઉમેદવારી પત્ર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી, દાહોદને કલેકટર કચેરી, જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે અથવા મદદનીશ ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી, દાહોદને પ્રાંત કચેરી, ગડી ફોર્ટ, દાહોદ ખાતે ઉમેદવારી પત્રો રજૂ કરી શકશે.

MCX
METAL & ENERGY
Trade with Trust
**Multi Commodity Exchange of India Limited**
Exchange Square, CTS No. 255, Suren Road, Chakala, Andheri (East), Mumbai – 400 093.
www.mcxindia.com

**NOTICE**

NOTICE is hereby given that following Members of Multi Commodity Exchange of India Ltd. (Exchange) have requested for surrender of their Membership of the Exchange:

| Sr. No. | Name of the Member(s) | Member ID | SEBI Reg. No. | Timeline for Receiving Claims/ Complaints |
|---|---|---|---|---|
| 1. | MNM Comtrade Private Limited | 55275 | INZ000294433 | 30 Days |
| 2. | KLB Commodities Private Limited | 31690 | INZ000105134 | 60 Days |

Any client(s)/constituent(s) of the above referred Members, having any claim/dispute/complaint against these Members, arising out of the transactions executed on MCX platform, may lodge their claim within the timelines as provided in the above table, failing which, it shall be deemed that no claim exist against the above referred Members or such claim, if any, shall be deemed to have been waived. The complaints so lodged will be dealt with in accordance with the Bye-Laws, Rules and Business Rules of the Exchange.

The Client(s)/Constituent(s) may submit their claim on the online portal of the Exchange (https://igrs.mcxindia.com) or provide "Client Complaint Form" (available at www.mcxindia.com) in hard copy to Investor Services Department, Multi Commodity Exchange of India Ltd., Exchange Square, CTS No. 255, Suren Road, Chakala, Andheri (East), Mumbai – 400 093 or email it at grievance@mcxindia.com.

Upon surrender of Membership, the Authorised Person(s) (APs), if any, registered through these Members shall also cease to exist and therefore, such APs are not authorized henceforth to deal in that capacity.

*Place: Mumbai*
*Date: April 12, 2024*

***For Multi Commodity Exchange of India Ltd.***
***Sd/-***
*Authorised Signatory – Membership Department*

## ભાજપા પ્રદેશ અધ્યક્ષની અધ્યક્ષતામા જામનગર ખાતે બૂથ પ્રમુખ સંમેલન યોજાયું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નવસારી લોકસભાના ઉમેદવાર તેમજ પેજ સમિતિના પ્રણેતા કે જેમના નેતૃત્વમા ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશનું સંગઠન મજબૂતાઈની સાથે દરેક ચૂંટણીમા ભારતીય જનતા પાર્ટીની ભવ્ય જીત થઈ રહી છે તેવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ એક પછી એક જીલ્લામા બૂથ પ્રમુખના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપી રહ્યા છે ત્યારે આજે જામનગર ખાતે તેમની અધ્યક્ષતામા જામનગર લોકસભા બૂથ પ્રમુખ સંમેલન યોજાયું. પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલએ સૌને રોજીંદા જીવનમા જીતના સંકલ્પ લેવા વિનંતી કરતા સંબોધન કર્યુ કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી,જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગર પાલિકા, મહાનગર પાલિકા, પેટા ચૂંટણી તેમજ વિધાનસભાની ચૂંટણીમા પણ ભારતીય જનતા પાર્ટીના વિજય કાર્યકર્તાઓના પરિશ્રમને કારણે થયો છે. વિધાનસભાની ચૂંટણીમા ભાજપને 156 બેઠકો મળી તેમા પહેલો અધિકારી મોદીનો છે કારણ કે તેમને જનતાનો વિશ્વાસ જીત્યો ત્યાર પછી દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહને જાય છે કે તેમણે જીતે તેવા ઉમેદવારને ચૂંટણી લડાવી અને ત્રીજો જશ જનતાને જાય છે કે તેમને ભાજપને મત આપ્યો ત્યાર બાદ કાર્યકર્તાઓને જાય છે કે તેમણે ભાજપ તરફ મતદાન કરાવવામા મહેનત કરી. મને કાર્યકર્તાઓની તાકાત પર વિશ્વાસ હતો એટલે જ વિધાનસભાની ચૂંટણીમા 182 બેઠકોની જીતનો વિશ્વાસ રાખ્યો હતો.

# અમદાવાદ મંડળે વર્ષ 2023-24 માં વિવિધ ટિકિટ ચેકિંગ અભિયાનથી રૂ. 28.30 કરોડની આવક પ્રાપ્ત થઈ

અમદાવાદ । તા.12

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ દ્વારા તમામ કાયદેસર મુસાફરોને આરામદાયક મુસાફરી અને વધુ સારી સેવાઓ સુનિશ્ચિત કરવા અને અને રેલ યાતાયાત માં અનધિકૃત મુસાફરીને રોકવા માટે મેલ/એક્સપ્રેસ તેમજ પેસેન્જર ટ્રેનો અને હોલિડે સ્પેશિયલ ટ્રેનોમાં ટિકિટ વગરના/ અનિયમિત મુસાફરોને રોકવા માટે સઘન ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં 01 એપ્રિલ 2023 થી 31 માર્ચ 2024 સુધી કુલ 3.99 લાખ કેસ નોંધાયા હતા. રૂ. 28.30 કરોડથી વધુની આવક હાંસલ કરી છે.

વરિષ્ટ મંડળ વાણિજ્ય મેનેજર શ્રી પવનકુમાર સિંહ ની આગેવાની હેઠળ વિવિધ પ્રકારની ટિકિટ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ વર્ષે, 01 એપ્રિલ, 2023 થી 31 માર્ચ, 2024 સુધી, અમદાવાદ મંડળ દ્વારા વધુને વધુ ટિકિટ ચેકિંગ કર્મચારીઓ દ્વારા



સમય સમય પર આરપીએફની મદદ લેવામાં આવી હતી મણિનગર-નડિયાદ, અસારવા-દહેગામ, મહેસાણા-પાલનપુર, પાલનપુર-ગાંધીધામ સેક્શન અને અમદાવાદ સ્ટેશન પર વિવિધ ટિકિટ ચેકિંગ ઝુંબેશ ચલાવવા આવી. વર્ષ દરમિયાન હાથ ધરાયેલા મોટા પાયે ટિકિટ ચેકિંગ દરમિયાન કુલ 3.99 લાખ કેસ નોંધાયા હતા અને રૂ. 28.30 કરોડથી વધુની આવક હાંસલ કરી. જે ગત વર્ષ કરતા 1.66 ટકા વધુ છે. તમામ મુસાફરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ માત્ર યોગ્ય ટ્રેન ટિકિટ પર જ મુસાફરી કરે, આના થી તમે રેલવેની પ્રગતિમાં યોગદાન આપીને સન્માનપૂર્વક મુસાફરી કરવા સક્ષમ બનાવશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વડોદરામાં નિંદ્રાધિન પરિવારના મકાનની લોખંડની બારી ગ્રીલ કટરથી કાપી દાગીના-રોકડની ચોરી કરી ફરાર, ઘરમાં સીમંતનો પ્રસંગ હતો...

# વડોદરામાં મકાનમાં ચોરી : તસ્કરો ખોટા દાગીનાને તિજોરીમાં મૂકી જતા રહ્યાં

(એજન્સી) વડોદરા | તા.12

વડોદરા નજીક અણખોલ ગામમાં મધરાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. નિંદ્રાધિન પરિવારના મકાનની લોખંડની બારી ગ્રીલ કટર મશીનથી કાપી તિજોરીમાંથી રોકડ રૂપિયા 40 હજાર તથા સોનાના દાગીના મળી કુલ 2.80 લાખનો મુદ્દામાલ ચોરી કરી ફરાર થઇ ગયા હતા. પુત્રવધૂના સીમંતના ત્રીજા દિવસે ત્રાટકેલા તસ્કરો ભેટની રકમ તેમજ દાગીના ચોરી જતાં ગામમાં ચકચાર મચી ગઇ હતી. આ બનાવ અંગે મંજુસર પોલીસે તપાસ હાથ ધરી છે.



મળેલી માહિતી વડોદરા નજીક આવેલા અણખોલ ગામમાં નાળાવાળા ફળિયામાં સુરેશભાઈ શંકરભાઈ પાટણવાડીયા પરિવાર સાથે રહે છે અને ખેતી કરે છે. બે દિવસ પહેલાં તેમની પુત્રવધૂના સીમંતનો ઘરમાં પ્રસંગ હતો. આથી તેઓ બેંક લોકરમાં મુકેલા દાગીના ઘરે લાવ્યા હતા. સીમંતનો પ્રસંગ પૂરો થયા બાદ પુત્રવધૂ તેના ઘરેણાં પહેરીને પિયર જતી રહી હતી. જ્યારે બાકીના દાગીના તેમજ સીમંતમાં આવેલી રૂપિયા 40 હજારની રોકડ ઘરની તિજોરીમાં મુકી રાખી હતી.

ત્રણ રૂમ રસોડાના બે મજલી મકાનમાં સુરેશભાઈ અને તેમની પત્ની એક રૂમમાં સૂઇ ગયા હતા. તેમનો પુત્ર આશિષ અન્ય રૂમમાં સૂઇ ગયો હતો. દરમિયાન મધ રાત્રે 2.30 થી 3 વાગ્યાના સુમારે તેઓના મકાનને તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ મકાનના પાછળના ભાગમાં આવેલ રૂમની લોખંડની બારી ગ્રીલ કટર મશીનથી કાપીને ઘરમાં પ્રવેશ્યા હતા. કટર મશીનનો અવાજ ન આવે તે માટે ઓઈલ જેવા પ્રવાહીનો તસ્કરોએ ઉપયોગ કર્યો હતો.

ઘરમાં પ્રવેશેલા તસ્કરોએ આશિષ જે રૂમમાં સૂઇ ગયો હતો તે રૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો અને તિજોરીવાળા રૂમમાં ગયા હતા. તસ્કરોએ ડુપ્લીકેટ ચાવીથી તિજોરી ખોલીને તિજોરીમાં મુકેલા સોના-ચાંદીના દાગીના તેમજ સીમંતમાં ભેટમાં આવેલી રૂપિયા 40 હજાર રોકડ મુકેલ પાકીટ ચોરી કરીને ફરાર થઇ ગયા હતા. આ બનાવ અંગે સુરેશભાઈ પાટણવાડીયાએ જણાવ્યું હતું કે, મોડી રાત્રે લઘુ શંકાએ ઉઠ્યો હતો. તે સમયે પુત્રના રૂમનો દરવાજો ખૂલ્યો ન હતો. દરવાજો ખોલવા માટે પ્રયાસ કર્યો હતો. તેનો અવાજ થતાં, તસ્કરો ચોરી કરીને બીજા રૂમના દરવાજાથી નીકળી ગયા હતા. 4 થી 5 જેટલા તસ્કરો હોવાનું લાગી રહ્યું હતું. તસ્કરો વસ્તુઓ કાઢી મકાનની પાછળના ભાગમાં આવેલા ખેતરોમાં ખાલી બોક્સ અને પાકીટ ફેંકી દીધા હતા. દરમિયાન આ બનાવ અંગેની જાણ મંજુસર પોલીસને કરતા વી.એમ. ટાંક સ્ટાફ સાથે દોડી ગયા હતા. ચોરીનો ભેદ ઉકેલવા માટે ડોગ સ્ક્વોડ અને ફીંગરપ્રિન્ટ નિષ્ણાતોની મદદ લઇ તપાસ શરૂ કરી હતી.

## ન્યૂઝ કોર્નર

### ડભોઇ ચોકડી નજીક કન્ટેનરની ટક્કરે વેમારડીના યુવકનું ઘટના સ્થળે મોત

કરજણ | કરજણ ડભોઇ ચોકડી પર એક કન્ટેનર ચાલકે પોતાનું કન્ટેનર પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી મજૂરી કામ અર્થે જઇ રહેલા વેમારડીના યુવકની બાઇકને અડફેટમાં લેતાં યુવકના માથા ઉપર કન્ટેનરનું વ્હીલ ફરી વળતાં યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે કન્ટેનર ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વેમારડી ગામના રસિક શનાભાઈ તલાવીયા વેમારડી ગામથી સવારે 8:30 વાગ્યાના અરસામાં પોતાની બાઇક લઈને કરજણ કલર કામની મજૂરી અર્થે જતો હતો. ત્યારે કરજણ ડભોઇ ચોકડી પાસે રસિક તલાવીયા બાઇક લઈને રોડ ક્રોસ કરતો હતો.

### વેસણીયા ગામ પાસેથી ગાંજાના જથ્થા સાથે એક ઇસમ ઝડપાયો...

વાઘોડિયા | વડોદરા ગ્રામ્યમાં ગેરકાયદેસર માદક દ્રવ્યોના ખરીદ વેચાણ તથા હેરા-ફેરીની પ્રવૃત્તી ન ચાલે તે સારૂ એસ.ઓ.જી. ટીમ દ્વારા જિલ્લામાં અસરકારક પેટ્રોલીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. વાઘોડિયાના વેસણીયા ગામની સીમમાં, રામેશરાથી આજવા આવતા કેનાલવાળા રોડ ઉપર ચેકીંગ કામગીરી દરમ્યાન નશાકારક માદક પદાર્થ વનસ્પતીજન્ય ગાંજા સાથે રોકડ 900 રૂપિયા કુલ મળી રૂા. 77160નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.

### મેફેડ્રોન સાથે પકડાયેલા બંને શખ્સ પાંચ દિવસના રિમાન્ડ પર સોંપાયા

રાજકોટ | શહેરના કુવાડવા રોડ જૂના જકાતનાકા પાસેથી બુધવારે ડ્રગના જથ્થા સાથે પકડાયેલા બંને શખ્સને પોલીસે રિમાન્ડ પર લીધા છે. બુધવારે બી ડિવિઝન પોલીસ અને એલસીબી ઝોન-2ની ટીમે બાતમીના આધારે જામનગરના શાહરુખ બસીર જામ અને રાહુલ દીપક ગોસાઈને રૂ.75 હજારની કિંમતના 7.50 ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપી લીધા હતા. જ્યાં અદાલતે બંને આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરી પોલીસ હવાલે કર્યા હતા.

### સિવિલના PM રૂમની બહાર દર્દનાક દૃશ્ય : 22 કલાક પછી મૃતદેહ મળ્યો

# પત્નીના ખોળામાં 4 માસના બાળક સામે પતિની લાશ, ને પોલીસ કહે છે- અમારી પાસે સ્ટાફ નથી

(એજન્સી) સુરત | તા.12

સાહેબ, અમારે મૃતદેહ લઈને દૂર જવાનું છે, હવે તો સાંજ થવા આવી છે. તેવા સવાલ સામે 'પોલીસ સ્ટેશનમાં સ્ટાફ નથી, આવે ત્યારે મોકલી આપીશું' પોસ્ટમોર્ટમ માટે સરથાણા પોલીસનો ઉડાઉ જવાબ મળતાં પરિવાર હેરાન પરેશાન થઈ ગયો હતો. ગત રોજ ભર બપોરે ગરમીમાં પતિનો મૃતદેહ લેવા માટે પત્ની 4 માસના બાળકને લઈને પોલીસની રાહમાં બેસી રહી હતી. 22 કલાક બાદ આજે 11 વાગ્યે પરિવારને મૃતદેહ મળ્યો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ આસામના વતની નઝરઅલી સુકરઅલી (22 વર્ષ) હાલ સાયણ ખાતે આદર્શ સોસાયટીમાં પત્ની તેમજ 4 માસના બાળક સાથે રહેતો હતો. નઝરઅલી સાયણમા કાપડ મિલમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે નઝરઅલી તેના ઉમરઅલી નામના મિત્ર સાથે બાઇક ઉપર ઈદની ખરીદી કરવા માટે સુરત આવ્યો હતો. ખરીદી કરીને બંને મિત્રો બાઇક લઈને ઘરે પરત જઈ રહ્યા હતા. તે દરમિયાન સરથાણા પોલીસ મથકની હદમાં આવતા ડાયમંડ નગર પાસે BRTS રેલિંગ સાથે તેઓની બાઇક અથડાઈ હતી.

અકસ્માતમાં ઉમર અલીનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. તેમજ ગંભીર ઈજાઓ થતાં નઝરઅલીને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન ગુરુવારે સવારે તેનું મોત નિપજ્યું હતું. જેથી સિવિલ પોલીસ ચોકીથી સરથાણા પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી.

સરથાણા પોલીસને જાણ કરવાના 22 કલાક સુધીનો સમય વિતી ગયો હતો. તેમ છતાં પોલીસ સ્ટેશનથી કોઈ પોલીસ કર્મી નવી સિવિલ હોસ્પિટલ ખાતે આવ્યો ન હતો. અકસ્માતનો બનાવ હતો, જેથી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવું પણ જરૂરી હતું.



### ફોન કર્યા પણ પોલીસ ન આવી

નઝરઅલીના પિતરાઈ ભાઈ મુઝાન હુસૈને જણાવ્યું હતું કે, પોલીસની રાહ જોવામાં કલાકો વિતી ગયા હતા. તેમ છતાં કોઈ પોલીસ આવ્યા ન હતા. જેથી મે ગત રોજ સાંજે 5:30 વાગ્યાના સુમારે સરથાણા પોલીસ મથકમાં ફોન કર્યો હતો કે, સાહેબ અમારે મૃતદેહ લઈને દૂર જવાનું છે, હવે તો સાંજ થવા આવી છે.

### કબર ખોદાઈ ગઈ પણ મૃતદેહ નથી મળતો

વધુમાં જણાવ્યું હતું કે, સાંજ પડ્યા બાદ પોસ્ટમોર્ટમ ન થાય તે માટે આજે સવારે 8:00 વાગે આવવાનું કહ્યું હતું. જોકે, 11 વાગવા છતાં પણ હજુ પણ પોસ્ટમોર્ટમ થયું નથી અને અમે પરિવારજનો પોસ્ટમોર્ટમની બહાર રાહ જોઈએ છીએ. કબ્રસ્તાનમાં કબર પણ ખોદાઈ ગઈ છે અને અહીંથી અમને મૃતદેહ મળી રહ્યો નથી.(22 કલાક પછી મૃતદેહ પીએમ કરીને સોંપાયો છે)

**પોલીસ સ્ટેશનમાં સ્ટાફ નથી :** વધુમાં જણાવ્યું હતું કે, નઝરઅલીના 4 માસના બાળકને સવારથી દૂધ પીવડાવ્યું નથી. આટલી ગરમી તેના બાળક વિશે તો વિચારો તેમ કહ્યું હતું. તો સામેથી ઉડાઉ જવાબ આપી દીધો હતો. કહ્યું કે, પોલીસ સ્ટેશનમાં સ્ટાફ નથી આવે ત્યારે મોકલી આપીશું, અમે શું કરીએ તેમ જવાબ મળતાં પરિવાર દુઃખદ ઘડીમાં ભાંગી પડ્યું હતું અને કોની મદદ લે તેવી સ્થિતિમાં આવી ગયું હતું.

# કેનાલમાં પાણી ભરવા ગયેલા યુવકનો પગ લપસતાં પાણીમાં ગરકાવ થયાં

જગદીશ ત્રિવેદી | ખારોલ

પંચમહાલના શહેરા તાલુકામાં આવેલ પાનમડેમની સિંચાઈ કેનાલમાં ત્રણ મુસ્લિમ યુવાનોના ડૂબી જવાથી કરુણ મોત થતા રમજાન ઈદનો તહેવાર માતમમાં ફેરવાઈ ગયો હતો. મરણ જનાર ત્રણેય મુસ્લિમ યુવાનો લુણાવાડા તાલુકાના કોઠંબા ગામના હતા. જેમાં બે સગાભાઈ હતા. ગઈકાલે રમજાન ઈદનો તહેવાર હતો એટલે દરેક મુસ્લિમ બિરાદરો ઈદનો તહેવાર હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી રહ્યા હતા. તેવામાં એકસાથે કેનાલમાં ડૂબી જતાં 2 સગાભાઈ અને 1 મૌલાનાના મોતના સમાચારથી લુણાવાડા તાલુકાના કોઠંબા ગામમાં શોકનો માહોલ પ્રસરી ગયો હતો. પંચમહાલના શહેરા તાલુકાના છેવાડાના કોઠા ગામ પાસે આવેલ પાનમડેમનો નજારો જોવા માટે મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કોઠંબા ગામ ખાતે રહેતા બુરહાન શેખ તેના મિત્રો સાથે આવ્યા હતા. ત્યારે ડેમ પાસે આવેલ પાનમ સિંચાઈ કેનાલમાં એક યુવાન પાણી ભરવા જતાં તે સમયે પગ લપસી જતા કેનાલના પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. ત્યારે તેને બચાવવા માટે બીજા યુવકોએ પણ કેનાલમાં છલાંગ લગાવી હતી, પરંતુ જોતજોતામાં ત્રણેય મુસ્લિમ યુવાનો કેનાલના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.



પાનમની સિંચાઈ કેનાલના પાણીમાં યુવાનો ડૂબી રહ્યા હતા તે સમયે ત્યાં ઉપસ્થિત બીજા લોકો પણ કેનાલમાં ડૂબી રહેલા યુવાનોને બચાવવા માટેના પ્રયાસો કર્યા હતા. બનાવની જાણ તંત્રને થતાં ઘટના સ્થળે પહોંચી પાનમ જળાશય સિંચાઈ કેનાલમાં છોડવામાં આવેલ પાણી તાત્કાલિક બંધ કરાવીને યુવાનોની શોધખોળ હાથ ધરી હતી.

સ્થાનિક ગ્રામજનોની મદદથી કેનાલમાંથી ભારે જહેમત બાદ એક બાદ એક યુવાનોના મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. મૃતક ત્રણ મુસ્લિમ યુવાનોમાંથી બે સગા ભાઈઓ હતા. બનાવની જાણ સ્થાનિક પોલીસને થતાં તાત્કાલિક કાર્યવાહી કરી ત્રણેય મુસ્લિમ યુવાનોના મૃતદેહોને હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા. રમજાન ઈદના દિવસે બનેલી દુઃખદ ઘટનાને લઈને સમગ્ર કોઠંબા ગામમાં શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

## હવામાન: શહેરમાં 15મી સુધી વાદળો રહેશે, બફારા વચ્ચે પારો 38 ડિગ્રી નોંધાયો હતો...

વડોદરા | વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે 13 થી 15 એપ્રિલ સુધી ઉત્તર-દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક જિલ્લામાં વીજળીના કડાકા સાથે કમોસમી વરસાદ પડવાની આગાહી કરાઈ છે. આ આગાહી વચ્ચે વડોદરામાં વાદળછાયું વાતાવરણ રહે તેવી સંભાવના છે. શહેરમાં બે દિવસ ઠંડા પવનોને કારણે ગરમીથી શહેરીજનોને રાહત મળી રહી છે. આગામી દિવસોમાં પણ ગરમીમાંથી રાહત મળે તેવી સંભાવના છે.

શહેરમાં ગુરુવારે વાદળો જોવા મળ્યાં હતાં, જેથી બફારો વર્તાયો હતો. વાદળને કારણે મહત્તમ પારો 38 ડિગ્રી સુધી રહ્યો હતો અને લઘુતમ પારો 25.6 ડિગ્રી નોંધાયો હતો. જ્યારે ભેજ સવારે 60 ટકા અને સાંજે 30 ટકા નોંધાયો હતો. પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમની દિશાથી 6 કિમીની ઝડપે પવનો ફૂંકાયા હતા. 13મીએ સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, ગીર સોમનાથ અને કચ્છના કેટલાક વિસ્તારમાં અને દાહોદમાં વરસાદ વરસી શકે છે.

## તપાસ : ONGC બ્રિજથી કૂદેલા યુવકનો મૃતદેહ નાવડી ઓવારેથી જોવા મળ્યો...

(એજન્સી) સુરત | તા.12

ONGC બ્રિજથી કૂદેલા કતારગામના યુવકનો મૃતદેહ 36 કલાકે નાવડી ઓવારેથી મળ્યો હતો. યુવકે આર્થિક તંગીથી આપઘાત કર્યાની શક્યતા છે. કતારગામની લલીતા ચોકડી નજીક રહેતા 42 વર્ષીય દિપક કાજીવાલાએ મંગળવારે મળસ્કે ઓએનજીસી બ્રિજ પરથી તાપીમાં પડતું મુકી દીધું હતું. પરિવારને જાણ થતા ફાયરબ્રિગેડને જણાવતા શોધખોળ હાથ ધરાઈ હતી. ત્યારબાદ પણ પત્તો લાગ્યો ન હતો. બુધવારે સાંજે નાવડી ઓવારા પાસેથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. કોહવાઈ ગયેલો મૃતદેહ પહેલા ઓળખાયો ન હતો. જોકે, તાપીમાં પડતું મુકનાર દિપકભાઈની સતત સાથે રહેનાર પરિવારના સભ્યોને બોલાવી ફરીથી ઓળખ કરાવતા તેમણે પહેરેલી ઘડિયાળ અને હાથમાં પહેરેલા કડાના કારણે તેમની ઓળખ થઈ હતી. રાંદેર પોલીસે બનાવ સંદર્ભે અકસ્માત મોતની નોંધ કરી તપાસ શરૂ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક દિપકભાઈ હાલ કોઈ કામધંધો કરતા ન હોવાથી આર્થિક સંકડામણથી તેમણે આપઘાતનું પગલું ભરી લીધું હોવાની શક્યતા છે.

## હોટલ અને રિસોર્ટના ટાસ્કના નામે ઠગોએ ઉત્રાણના તબીબ પાસેથી 10 લાખ પડાવ્યા

(એજન્સી) સુરત | તા.12

શું પાર્ટટાઈમ જોબ કરવા ઈચ્છા ધરાવો છો, આવો મેસેજ કરી હોટલ અને રિસોર્ટના રિવ્યુ આપી ટાસ્કના નામે સારો પ્રોફિટ થશે એમ કહી ઉત્રાણના ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટરની સાથે ઠગ ટોળકીએ 10.58 લાખની ચીટીંગ થઈ છે.ઉત્રાણના લેકગાર્ડનની સામે ગોકુળનગર-1માં તબીબ વિપુલ મગનભાઈ રાઠોડ રહે છે. આ તબીબ પર 29મી ડિસેમ્બરે ટેલિગ્રામ પરથી મેસેજ આવ્યો હતો. જેમાં પાર્ટટાઈમ જોબની વાત કરી અલગ-અલગ હોટલ અને રિસોર્ટમાં રિવ્યુ આપી ટાસ્ક પૂર્ણ કરવાની વાત કરી હતી. શરૂઆતમાં તબીબને ટાસ્ક પૂર્ણ કરતા નફા તરીકે 350 રૂપિયા બેંક ખાતામાં જમા થયા હતા.




ઠગ ટોળકીએ એક લીંક અને એપ્લીકેશન રજિસ્ટ્રેશન કરાવી યુઝર આઈડી અને પાસવર્ડ જનરેટ કર્યો હતો. તબીબને 3 હજાર, 8800નો ટાસ્ક પૂર્ણ કરવાનું જણાવ્યું તે રૂપિયા પણ ખાતામાં જમા થયા હતા. ઠગ ટોળકીએ લાખોનો ટાસ્ક આપી લાખોની રકમ રોકાણ કરાવી હતી. જે રકમ રિફંડ થઈ જશે એમ કહ્યું હતું. બાદ રૂપિયા પરત લેવા 30 ટકા ટેક્સ આપવો પડશે કહ્યું હતું. આવી રીતે ઠગ ટોળકીએ તબીબ પાસેથી ટુકડે-ટુકડે કરી 11 લાખ પડાવી જેમાંથી 43 હજાર બેંક ખાતામાં જમા કરાવી બાકીના 10.58 લાખની રકમ ચાંઉ કરી હતી.સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરતા પોલીસે બેંક ખાતેદારો સહિત 5 જણા સામે ઠગાઈ અને આઈટી એક્ટનો ગુનો દાખલ કર્યો છે.

## ચોરી : ઉંભેળની વૃદ્ધાના ગળામાંથી સોનાની ચેન તોડી બાઈક સવાર ફરાર થયા

(એજન્સી) આંબોલી | તા.12

કામરેજ વિસ્તારમાં ધોળે દિવસે ચોરી અને લૂંટફાટની ઘટનાને અંજામ આપતા તત્વોને પોલીસનો કોઈ ડર રહેવા પામ્યો નથી.બેખોફ બની તેઓ તેમનો ઈરાદો પાર પાડી રહ્યા છે. ત્યારે કામરેજના ઉંભેળ ગામની 77 વર્ષની વૃદ્ધાના ગળામાંથી પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા ઈસમો .90 હજારની કિંમતની સોનાની ચેન તોડી ફરાર થઈ ગયા હતા.ઉંભેળ ખાતેની એસ.કે ગેરેજ પાછળની શેરીમાં પરિવાર સાથે રહેતા 77 વર્ષીય હસુમતી ઈશ્વરભાઈ ટેલર સોમવારે સાંજના 6 વાગ્યા આસપાસ પાદર ફળિયામાં આવેલી કરિયાણાની દુકાને સામાન લેવા ગયા હતા. દુકાનેથી સામાન લઈ પરત ફરી રહ્યા હતા.ત્યારે એસ.કે ગેરેજની પાછળ શ્રી રામ વાસણ ભંડાર નામની દુકાન સામેના રોડ પર પલ્સર બાઈક પર હેલ્મેટ પહેરેલ ચાલક તેમજ મોઢા પર રૂમાલ બાંધેલ પાછળ બેઠેલા અજાણ્યા બાઈક સવારે હસુમતીબેનના ગળામાંથી સોનાની ચેન તોડી ફરાર થઈ ગયા હતા. હસુમતીબેને બૂમાબૂમ કરતા લોકટોળું એકત્ર થાય એ પહેલા અજાણ્યા બાઈક સવાર અંજામ આપી કડોદરા તરફ ફરાર થઈ ગયા હતા.

**બ્રેકિંગ ન્યૂઝ**

### શકુનીઓની ધરપકડ:શહેરમાં 2 સ્થળે ધમધમતા જુગાર પર દરોડા...

વડોદરા | શહેરમાં તાંદલજા અને કારેલીબાગ વિસ્તારમાં રમાતા જુગાર પર પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યાંથી કુલ 14 જુગારિયાઓની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે 4 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. શહેરના તાંદલજા વિસ્તારમાં આવેલા જાસ્મીન ટાવર સ્પ્રિન્ગ બ્લોસમના મકાન નં-401માં પત્તા પાનાનો હાર-જીતનો જુગાર રમતા 8 ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા છે અને રૂા.1.60 લાખનો મુદ્દામાલ પણ જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ઝડપેલા આરોપીઓમાં મકાન માલિક સહિતની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ફરિયાદ:પાદરામાં ગેસ કનેક્શન મંજૂર છતાં ફાળવણી ન કરાતાં ફરિયાદ

પાદરા | પાદરાના વડુ ગામે રહેતા એક મહિલા એ સરકારની ઉજ્વલા યોજના અનુસાર આપવામાં આવેલ ગેસ કનેક્શનમાં ગેસ માફિયાઓ વડે કરેલ ગેરરીતી અંગે વડુ પોલીસ મથકે ફરિયાદ અપાતા તપાસ હાથ ધરાઈ છે. પાદરાના વડુ ગામે રહેતા એક મહિલાએ સરકારની ઉજ્વલા યોજના અનુસાર આપવામાં આવેલ ગેસ કનેક્શનમાં ગેસ માફિયાઓ વડે કરેલ ગેરરીતિ અંગે વડુ પોલીસ મથકે ફરિયાદ આપતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. પાદરાના વડુ ગામે નવીનગરીમાં રહેતા રમીલાબેન અરવિંદભાઈ રાણા ગરીબી હેઠળ જીવે છે અને અભણ છે.

### ડુમસ રોડ લાન્સર આર્મી સ્કૂલ સામે 30 માર્ચે અકસ્માત થયો હતો

# 4.50 લાખની સાઈકલને બાઈકે ટક્કર મારી, દોઢ લાખ ખર્ચ આવતાં વળતર માગ્યું

(એજન્સી) સુરત | તા.12

વેસુના એક મહિલા તબીબ 30 માર્ચે સવારે પોતાની 4.20 લાખની સાઈકલ પર સાઈકલિંગ કરવા નીકળ્યા હતા. દરમિયાન ડુમસ રોડ પર આવેલી લાન્સર આર્મી સ્કૂલની સામે રસ્તામાં એક બાઈકચાલકે તેમની સાઈકલને પાછળથી ટક્કર મારી દીધી હતી, જેના કારણે તબીબને ઈજા પહોંચી હતી, જ્યારે તેમની સાઈકલને 1.50 લાખ જેટલું નુકસાન થયું હતું. જો કે, બાઈકચાલકે તબીબને રિપેરિંગ ખર્ચ આપવાની ના પાડી દેતાં મામલો ઉમરા પોલીસમાં પહોંચ્યો હતો. જ્યાં ડોક્ટર હેતલ તમાકુવાલાએ આ મામલે ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે બાઈક ચાલક રોહન સામે ગુનો નોંધ્યો છે.

વેસુમાં રહેતા અને ડેન્ટિસ્ટ તરીકે પ્રક્ટિસ કરતા હેતલબેન દીપકભાઈ તમાકુવાલા 30મી તારીખે સવારે સાઈકલિંગ કરવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન એક બાઈકચાલકે તેમની સાઈકલને પાછળથી અડફટે ચડાવી દીધી હતી. જેમાં મહિલા તબીબ નીચે પટકાઈ ગયા હતા. સ્થળ પર લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયા હતા. બાઈકચાલકે તે વખતે સાઈકલમાં થયેલા નુકસાન બાબતે મરામત ખર્ચ આપવાની વાત કરી પોતાનું નામ અને ફોન નંબર ડોક્ટરને આપી ચાલી ગયો હતો. સાઈકલને રિપેરિંગ માટેનો એસ્ટીમેટ 1.49 લાખનો આપ્યો હતો. મહિલા તબીબે આ ખર્ચ માટે બાઈકચાલકને વાત કરતા તેણે હાથ ઊંચા કરી દીધા હતા. જેના કારણે મહિલા તબીબે પોલીસમાં ફરિયાદ આપી છે.

### કામરેજની હોટલમાં ત્રણ શખસોએ મેનેજરને ચપ્પુનાં ઘા મારી લોહીલુહાણ કર્યો

# 'આ શાક કેમ બનાવ્યું' કહી હોટલ મેનેજર પર હુમલો

(એજન્સી) બારડોલી | તા.12

કામરેજનાં ઉંભેળ ગામે નેશનલ હાઈવે પર આવેલી હોટલમાં જમવા આવેલા ત્રણ લોકોએ હોટલ મેનેજમેન્ટ સાથે 'આ શાક કેમ બનાવ્યું'ની કહી નજીવી બાબતે મેનેજર ઉપર ચપ્પુના ઘા મારી હુમલો કર્યો હતો. જે સમગ્ર ઘટના હોટેલના CCTV કેમેરામાં કેદ થઈ હતી. આ CCTVના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર કામરેજ પોલીસની હદમાં ઉંભેળ ગામે નેશનલ હાઈવે નંબર-48 પર મુંબઈથી અમદાવાદ જતાં રોડ પર મહાદેવ હોટલ આવેલી છે. જ્યાં તારીખ 8 એપ્રિલના રોજ ત્રણ લોકો બાઈક લઈને જમવા આવ્યા હતા. આ ત્રણેયે જમવાનું મંગાવ્યું હતું. ત્યાર બાદ હોટલ દ્વારા પીરસવામાં આવેલા શાક મામલે ઉપરોક્ત ત્રણ લોકોએ 'આ શાક કેમ બનાવ્યું' કહી કાઉન્ટર પર બેઠેલા હોટલનાં મેનેજર ગણપતરામ ગીરધારીરામ પ્રજાપતી તેમજ રસોઈયા કુશારામ મોમતારામ પ્રજાપતી (ઉં.વ.50) સાથે બોલાચાલી કરી હતી.

જોકે થોડીવારમાં નજીવી બોલાચાલીએ ઉગ્ર અને હિંસક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. હોટલમાં જમવા આવેલા ત્રણેય લોકોએ એકબીજાની મદદગારીથી હોટલનાં કાઉન્ટર પર બેસેલા મેનેજર ગણપતરામ અને રસોઈયા કુશારામ ઉપર શરીરના વિવિધ ભાગે ચપ્પુના ઘા મારી તેઓને લોહીલુહાણ કરી દીધા હતા. આમ શાક બનાવવા જેવી નજીવી બાબતે થયેલા જીવલેણ હુમલાની ઘટના હોટલમાં લગાવેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

બનાવની જાણ મહાદેવ હોટલનાં રસોઈયા કુશારામે કામરેજ પોલીસને કરી હતી. જેથી હરકતમાં આવેલી પોલીસે બનાવનાં સ્થળે દોડી જઈ સીસીટીવી ફુટેજમાં કેદ

# લીંબુના ભાવ કિલોએ 150 સુધી પહોંચ્યા, હજુ ભાવ વધવાની સંભાવના

(એજન્સી) આણંદ | તા 12

આણંદ શહેર સહિત જિલ્લાભરમાં ગરમીની શરૂઆત સાથે લીંબુની માંગ વધવા પામી છે. જેને લઈ લીંબુના ભાવમાં ઉછાળો નોંધાયો છે અને હોલસેલ માર્કેટમાં રૂા.૮૫ થી ૯૦ પ્રતિ કિલોના ભાવે મળતા લીંબુ હાલ રીટેલ બજારમાં રૂા.૧૨૦ થી ૧૫૦ની આસપાસ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે.હોલસેલ માર્કેટમાં રૂા.૮૫ થી ૯૦ના ભાવે મળતા લીંબુ રીટેઈલ બજારમાં હાલ ૧૨૦ થી ૧૫૦ પ્રતિ કિલોના ભાવે વેચાતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. હાલ પડી રહેલ કાળઝાળ ગરમીને કારણે બપોરના સુમારે માર્ગો સુમસામ ભાસી રહ્યા છે અને કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. સાથે સાથે અગત્યના કામકાજ અર્થે બજારમાં નીકળતા નાગરિકોને ગરમીથી બચવા માટે ટોપી, ચશ્મા તેમજ બુકાનીનો સહારો લેતા હોવાનું જોવા મળી રહ્યા છે. ગરમીની શરૂઆત સાથે જ બજારમાં ઠંડાપીણા, આઈસ્ક્રીમ, બરફગોલા તેમજ લીંબુ શરબતનું ચલણ વધવા પામ્યું છે. આણંદના બજારમાં રોજના ૧૬ કિલોનો એક દાગીનો એવા ૬૦ થી ૬૫ નંગ દાગીના પ્રતિદિન ઠલવાય છે. મોટાભાગે અમદાવાદથી માલ આવે છે. અમદાવાદમાં બહારના રાજ્ય તેમજ અન્ય સ્થળોએથી માલ આવે છે. ઉપરાંત મંજુસર, સાવલી તરફ પણ લીંબુની વાડીઓ આવેલી હોઈ કેટલાક વેપારીઓ વાડીઓ ભાડે રાખી વખારોમાં માલનો સંગ્રહ કરતા હોય છે અને આવો માલ પણ હાલ આવકમાં હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.હાલ બજારમાં લીંબુના ભાવો આસમાને પહોંચતા આણંદના બજારોમાં માંડ ૨૫૦ થી ૩૦૦ કિલો લીંબુનું વેચાણ થઈ રહ્યું હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

## ન્યુઝ ફ્લેશ

### બગદાણામાં મકાનમાંથી દારૂની 348 બોટલ સાથે શખ્સ પકડાયો

ભાવનગર | મહુવા તાલુકાના બગદાણા ગામે રહેણાંક મકાનમાં પોલીસે દરોડો પાડી ઓરડીમાં છુપાવેલી વિદેશી દારૂની નાની-મોટી ૩૪૮ બોટલ સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. અંગ્રેજી દારૂનો જથ્થો રાખી તેની હેરફેર કરતા હોવાની મળેલી ચોક્કસ બાતમીના આધારે બગદાણા પોલીસે મોડીરાત્રિના સમયે રામજી ગોહિલના મકાનમાં દરોડો પાડી તલાશી લેતા મકાનના ફળિયામાં આવેલ ઓરડીમાં છુપાવેલી વિદેશી દારૂની મોટી બોટલ નં.૧૦૮ અને ચપટાં નં.૨૪૦ મળી કુલ ૩૫૮ બોટલ મળી આવતા પોલીસે રામજી ગોહિલની ધરપકડ કરી હતી. જ્યારે પ્રવીણ બાંભણિયા નામનો શખ્સ નાસી ગયો હતો. ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### તણસાની નંદીની હોટલમાં મેનેજર, વેઈટર અને વોચમેન ઉપર હુમલો

ભાવનગર | ઘોઘા તાલુકાના તણસા ગામ પાસે આવેલી નંદની હોટલમાં ટેબલ સાફ કરવા જેવી નજીવી બાબતમાં ઓદરકાના ચાર શખ્સે ધમાલ મચાવી મેનેજર, વેઈટર અને વોચમેન ઉપર હુમલો કરી જાનથી મારી નાંખવા ધમકી આપી હતી. ઘટના સંદર્ભે મળતી વિગત અનુસાર ઘોઘાના તણસા ગામથી આગળ ભાવનગર-સોમનાથ હાઈવે પર આવેલી નંદીની હોટલમાં ગઈકાલે બુધવારે રાત્રિના સમયે ઓદરકા ગામે રહેતો છત્રપાલસિંહ શંભુભા નામનો શખ્સ જમવા માટે આવ્યો હતો. ત્યારે હોટલના વેઈટર નવીનભાઈ લક્ષીભાઈ ભગોરા જમતા હોય, તેમને ટેબલ સાફ કરવાનું કહ્યું હતું.

### વાડોલામાં તિક્ષ્ણ હથિયારના ઘા મારી ભત્રીજાએ કાકાની હત્યા કરી

આણંદ | ખંભાત તાલુકાના વાડોલા ગામે રસ્તામાં લઘુશંકા કરવા બાબતે ઠપકો આપવાની રીસ રાખી ભત્રીજાએ સગા કાકાને તીક્ષ્ણ હથિયારના ઘા મારી હત્યા કરી નાખી છે. વાડોલા ગામના બસ સ્ટેન્ડ નજીક રહેતા કાંતિભાઈ બાબરભાઈ પરમાર બુધવાર રાત્રિના સુમારે પોતાના ઘર તરફ જઈ રહ્યા હતા. ત્યારે તેમના ભાભી સવિતાબેન રસ્તામાં લઘુશંકા કરવા બેઠા હોવાથી તેમણે ઠપકો આપ્યો હતો. બાદમાં તે ઘરે બેઠા હતા તે દરમિયાન નજીકમાં રહેતો તેમનો ભત્રીજો બળદેવભાઈ મફતભાઈ પરમાર ત્યાં આવી પહોંચ્યો હતો અને ઉશ્કેરાઈ જઈ તીક્ષ્ણ હથિયાર લઈ આવી કાંતિભાઈના ચહેરા ઉપર ઘા ઝીંકી દીધા હતા. બાદમાં અન્ય પરિવારજનો ત્યાં આવી મામલો થાળે પાડયો હતો. જો કે બીજી તરફ કાંતિભાઈના પુત્ર સુધીરે વાડોલા ગામે આવી તપાસ કરતા કાંતિભાઈ મૃત્યુ પામ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

### જુદાજુદા નામેથી ખરીદી એક્ટીવ કરેલા 145 સીમકાર્ડ મળ્યા

# સટ્ટા માટે કરમસદથી દુબઇ સીમકાર્ડ મોકલવાનું કૌભાંડ SOG પોલીસે પકડાયું

(એજન્સી) આણંદ | તા 12

આણંદ એસઓજી પોલીસે બુધવારે કરમસદ ખાતેથી એક શખ્સને એક્ટીવ કરેલા ૧૪૫ સીમકાર્ડ તથા ૧૪ જેટલા ડેબિટ-ક્રેડીટ કાર્ડ સાથે ઝડપી પાડયો હતો. બાદમાં નાપાડ ખાતેથી સીમકાર્ડ આપનાર બે શખ્સોને ઝડપી લઈ વિદ્યાનગર પોલીસના હવાલે કર્યા હતા.

કરમસદ ખાતે રહેતો ચિરાગ સુરેશભાઈ સોલંકી એક્ટિવ કરેલા સીમકાર્ડ દુબઈ મોકલી ઓનલાઈન ગેમિંગ ઝોન તથા સટ્ટામાં ઉપયોગ કરાવતો હોવાની બાતમી આણંદ એસઓજી પોલીસને મળી હતી.

જેથી એસઓજી ટીમે બુધવારે કરમસદના રામદેવપીર મંદિર પાછળ આવેલા સોમાભાઈ રેસીડેન્સી ખાતે છાપો મારીને ચિરાગને ઝડપી પાડયો હતો. પોલીસે એક કબાટમાંથી એક્ટિવ કરેલા એરટેલ કંપનીના કુલ ૧૪૫ નંગ સીમકાર્ડ તથા ૧૪ જેટલા બેંકના ડેબિટ-ક્રેડિટ કાર્ડ જપ્ત કર્યા હતા. જે અંગે પુછતાં એક્ટિવ કરેલા સીમકાર્ડ તેણે નાપાડ ગામે રહેતા સમર શહીદખાન રાઠોડ અને જેનુલઆબેદીન રણજીતભાઈ રાઠોડ પાસેથી એક સીમકાર્ડ રૂા.૧,૨૫૦માં ખરીદ્યું હતું અને તે દુબઈ લઈ જઈ જૈમિન ચીમનભાઈ ઠાકોરને વેચવાનો હોવાની કબુલાત કરી હતી.એસઓજીએ કબુલાતના આધારે સીમકાર્ડ, ૧ મોબાઈલ સહિત કુલ રૂા.૪૨,૨૫૦નો મુદ્દામાલ જપ્ત કરી નાપાડ ખાતે છાપો મારી સમર રાઠોડ તથા જેનુલઆબેદીન રાઠોડને પણ ઝડપી પાડયા હતા. આ બંને શખ્શો અલગ-અલગ નામ-સરનામાથી એક્ટિવ કરેલા સીમકાર્ડ ચિરાગને વેચતા હોવાનું ખુલવા પામ્યું હતું.



### દુબઈના શખ્સે વેચાણ માટે સીમકાર્ડ ખરીધા હોવાનું ખૂલ્યું

દુબઈમાં રહેતા અને ભારતમાંથી સીમકાર્ડ મંગાવનાર જૈમીન ચીમનભાઈ ઠાકોર (રહે. મુળ ગાયત્રી પાર્ક, રામદેવપીર મંદિર સામે, કરમસદ, હાલ- દુબઈ) એ પ્રત્યેક સીમકાર્ડ રૂ.૧,૫૦૦માં વેચાણ આપવા માટે લીધા હોવાનું અને ડેબીટ તથા ક્રેડીટ કાર્ડ અંગત ઉપયોગ માટે લીધા હોવાનું કરમસદથી ઝડપાયેલા ચિરાગ સોલંકીએ કબુલ્યું હોવાનું જાણવા મળે છે.

### 'હાઇપ્રોફાઇલ' ગાંધીનગરની બેઠક માટે ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

(એજન્સી) ગાંધીનગર | તા 12

કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા દેશભરમાં લોકસભા ચૂંટણીની જાહેરાત અગાઉ કરી દેવામાં આવી હતી. જે અંતર્ગત સાત તબક્કા પૈકી ત્રીજા તબક્કામાં ગુજરાતની ૨૬ બેઠકો માટે ચૂંટણી યોજાનાર છે.જેમાં હાઈપ્રોફાઈલ ગણાતી ગાંધીનગર લોકસભાની ચૂંટણી પણ થશે. ગાંધીનગર લોકસભામાં ગાંધીનગર ઉત્તર અને કલોલ ઉપરાંત સાણંદ, વેજલપુર, ઘાટલોડિયા, નારણપુરા અને સાબરમતી વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે ત્યારે આ હાઈપ્રોફાઈલ ગાંધીનગરની બેઠક માટે આવતીકાલે તા.૧૨ને શુક્રવારે ચૂંટણી અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવશે તેની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાના શરૂ થઈ જશે. તા.૧૨થી ૧૯ સુધી ફોર્મ ભરી શકાશે. જ્યારે તા.૨૦મીએ ફોર્મ ચકાસણી કરવામાં આવશે અને તા.૨૨મીએ ઉમેદવારી પરત ખેંચવાનો દિવસ રખવામાં આવ્યો છે. ચૂંટણીના જાહેરનામાની સાથે વિવિધ ટીમો પણ એક્ટીવ થઈ જશે. ગાંધીનગર લોકસભા બેઠકના ચૂંટણી જંગમાં જંપલાવવા માંગતા ઉમેદવારો પોતાનું ફોર્મ ભરી શકશે.

### એક લાખની કિંમતનો મોંઘોદાટ ફોન અને સ્કોર્પિયો કાર કબજે કરી

# એલઆઈસી એજન્ટ સાથે 2.70 લાખની લૂંટમાં બે શખ્સ ઝડપાયા

(એજન્સી) ભાવનગર | તા 12

મહુવા તાલુકાના ગળથર ગામ નજીક મહુવાના એલઆઈસી અજન્ટે જુગારમાં જીતેલી રકમ સહિત રૂા.૨.૭૦ લાખની રોકડની લૂંટ ચલાવ્યાની ઘટનામાં ભાવનગરમાંથી લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે બે શખ્સને ઝડપી લીધા છે. આ બન્ને લૂંટારું પાસેથી ક્રાઈમ બ્રાંચે એક લાખ રૂપિયાની કિંમતનો મોંઘોદાટ મોબાઈલ ફોન, કાર અને લૂંટની રોકડ રકમ મળી ૧૩.૭૦ લાખની માલમત્તા કબજે કરી હતી. બન્ને શખ્સની પૂછતાછમાં ભાવનગરના વધુ એક શખ્સનું પણ નામ ખુલવા પામ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મહુવાના સૈતાનગર, પ્લોટ નં.૦૯માં રહેતા એલઆઈસી એજન્ટ ભરતકુમાર લક્ષ્મીશંકર જાની (ઉ.વ.૬૨, રહે, મુળ દેગવડા, તા. મહુવા) ગત તા.૯-૪ના રોજ સાંજના સમયે રાજાવદર ગામે રહેતો તેનો મિત્ર વાઘા પાંચાભાઈ લાફકા નામના શખ્સના ઘરે રોકડ રૂા.૧.૪૦ લાખ લઈ જુગાર રમવા ગયા હતા. જ્યાંથી જુગારમાં જીતેલા ૧.૩૦ લાખ મળી કુલ રૂા.૨.૭૦ લાખની રોકડ લઈ તેઓ બાઈક પર પરત આવી રહ્યા હતા. ત્યારે બેલમપર ગામથી આગળ જીવનજ્યોત વિદ્યાલય પછી આશરે અડધો કિ.મી. દૂર ગળથર ગામના રોડ પરથી પસાર થતી વેળાએ વાઘા લાફરાનો સબંધી લાલા મેર અને પકો સિંધીએ જય ઠાકર લખેલી સ્કોર્પિયો કારમાં છરીથી હાથમાં ઈજના પહોંચાડી ૨.૭૦ લાખની લૂંટ ચલાવી બન્ને શખ્સ એલઆઈસી એજન્ટનો મોબાઈલ ફોન, પાકીટ અને બાઈકની ચાવી ઝૂંટવી લીબા બાદ ફોન, પાકીટ અને થેલી સહિતની વસ્તુ ખારી ગામ નજીક ફેંકી શખ્સો નાસી ગયા હતા.દરમિયાનમાં વાઘા લાફરા નામનો શખ્સ ભરતભાઈ જાનીને લઈને બગદાણા પોલીસ મથકે ગયો હતો. જ્યાં પોલીસની અલગ-અલગ ઉલટ તપાસમાં મુખ્ય સૂત્રધાર વાઘા લાફરાએ પોતે જ તેના સાથીઓ સાથે મળી લૂંટનો પ્રી-પ્લાન કરી અંજામ અપાવ્યાનો ઘટસ્ફોટ થતાં બગદાણા પોલીસે તેની ધરપકડ કરી લીધી હતી. જ્યારે ભરતભાઈ જાનીએ વાઘા પાંચાભાઈ લાફકા (રહે, રાજાવદર, તા.મહુવા), લાલા હકાભાઈ મેર (રહે, કાળાતળાવ, તા. ભાવનગર) અને પકો સિંધી (રહે, ભાવનગર) નામના શખ્સો સામે નોંધાવેલી ફરિયાદના આધારે બગદાણા આઈપીસી ૩૯૪ અને ૧૨૦ (બી), જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એમ.બી. ગુર્જરે હાથ ધરી હતી.



### આલમપુર ગામના સ્મશાનમાં અને ખોરજમાંથી જુગાર રમતા 11 ઝડપાયા

(એજન્સી) ગાંધીનગર | તા 12

ગાંધીનગર જિલ્લામાં હાલ દારૂ અને જુગારની પ્રવૃત્તિ ડામવા માટે પોલીસ દ્વારા ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત આલમપુર ગામમાં સ્મશાનમાં જુગાર રમતા છ જુગારી અને ખોરજમાં જુગાર રમતા પાંચ જુગારીઓને ઝડપીને પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લામાં લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને પોલીસ દ્વારા દારૂ જુગારની પ્રવૃત્તિ ડામવા માટે દોડધામ શરૂ કરવામાં આવી છે અને બાતમીદારોને સક્રિય કરીને અલગ અલગ ઠેકાણા ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે ચિલોડા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે સમયે બાતમી મળી હતી કે, આલમપુર ગામથી લેકાવાડા તરફ જવાના માર્ગ ઉપર સ્મશાનમાં ભેગા મળીને કેટલાક વ્યક્તિઓ જુગાર રમી રહ્યા છે. જેમની પાસેથી રોકડ કબજે કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



### ભાવનગરના શેઢાવદર ગામના પાદરમાં ડંમ્પર અડફેટે બાઈક ચાલકનું મોત

(એજન્સી) ભાવનગર | તા 12

ભાવનગર જિલ્લાના શેઢાવદર ગામ નજીક આવેલા પુલ પાસે ડમ્પર ટ્રક ચાલકે અડફેટે લેતા સમઢીયાળાના બાઈક સવાર યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેનું સર ટી હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મળતી માહિતી અનુસાર ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકાના શેઢાવદર ગામ નજીક પુલ પાસે અકસ્માત સર્જાયો હતો. સમઢીયાળા ગામે રહેતા મેહુલભાઈ મેરાભાઈ મેર ઉ.વ.30 ગતરોજ સાંજના છ કલાકના અરસા દરમિયાન સિદસર ગામે દુધ મંડળીમાં હિસાબ કરી બાઈક લઈ પરત ગામ જઈ રહ્યા હતા.આ વેળાએ શેઢાવદર ગામ નજીક પુલ પાસે પહોંચતા ડમ્પર ચાલકે પોતાનું ડમ્પર પુરપાટ ઝડપે અને બેફિકરાઈ પુર્વક ચલાવી બાઈકને અડફેટે લઈ મેહુલભાઈને ગંભીર ઈજા પહોંચાડતા તેઓને તાત્કાલીક સારવાર અર્થે ભાવનગર સર ટી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



### મુબારકપુરા પાસેથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો

(એજન્સી) કલોલ | તા 12

કલોલ પોલીસે મહુડી ગાંધીનગર હાઈવે પર આવેલ મુબારકપુરા ખાતેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે એક લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ અને બિયરના ટીન ,બ્રેઝા ગાડી તેમજ મોબાઈલ ફોન જપ્ત કર્યો હતો. પોલીસે દારૂની ખેપ મારતા ઈસમોને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. કલોલ તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન પીઆઈને બાતમી મળી હતી કે મહુડી ગાંધીનગર હાઈવે પર મારુતિ બ્રેઝા ગાડીમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો ભરી નીકળનાર છે. જેને પગલે મુબારકપુરા કાશ્મીરવેલી કટ પાસે કલોલ તાલુકા સર્વેન્સ સ્ટાફના માણસો વોચ ગોઠવીને બેઠા હતા.આ દરમિયાન બાતમી વાળી ગાડી આવતા ટીમ દ્વારા ગાડી ઉભી રખાઈને તપાસ કરવામાં આવી હતી.ગાડીમાંથી પોલીસને ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૮૩ બોટલ તેમજ બીયરના ૪૩ જેટલા ટીન મળી આવ્યા હતા.



### યુવાનના 71.89 લાખની છેતરપિંડીના ગુનામાં ગેંગનો સાગરિત ઝડપાયો

(એજન્સી) ગાંધીનગર | તા 12

અડાલજના યુવાનને ગઠીયાએ પાર્ટ ટાઇમ રૂપિયા કમાવા માટે ટેલિગ્રામના ગ્રુપમાં જોડાવીને રેટીંગ અને રિવ્યુ પર કમિશન આપવાની વાત કરી અલગ અલગ સમયે યુવાનના બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ટ્રાન્સફર કરાવી ૭૧.૮૯ લાખની છેતરપિંડી કરવામાં આવી હતી જે ગુનામાં સાયબર ક્રાઇમ પોલીસે ગેંગના સાગરીતને ઝડપી લીધો છે. મળતી વિગતો પ્રમાણે અડાલજમાં આવેલી અટલ આવાસ યોજનામાં રહેતા અને અદાણી શાંતિગ્રામમાં કંપનીમાં આઇટી વિભાગમાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતો ચિત્રંજન અનુપ રાય ગત ત્રણ ઓક્ટોબરના રોજ ઘરે હતો તે દરમિયાન તેના મોબાઇલ ઉપર એક મેસેજ આવ્યો હતો અને ઘરે બેઠા પાર્ટ ટાઇમ કમાવાની લાલચ આપવામાં આવી હતી ત્યારબાદ તેને ટેલિગ્રામ ગુરપમાં જોડવામાં આવ્યો હતો અને અલગ અલગ ટાસ્ક આપીને તેના ખાતામાં થોડા રૂપિયા જમા કરવામાં આવ્યા હતા.

### ઓનલાઇન સાઇટ ઉપરથી બીજા લગ્ન કર્યા પણ સુખ મળ્યું નહીં

# પત્ની પાસે પતિ અકુદરતી સંબંધની માગણી કરતો : કંટાળીને ઝેરી દવા ગટગટાવી

(એજન્સી) ગાંધીનગર | તા 12

ગાંધીનગર શહેર નજીક પેથાપુર વિસ્તારમાં રહેતી યુવતીએ ઓનલાઈન સાઈટ ઉપરથી બીજા લગ્ન કર્યા હતા પરંતુ પતિ દ્વારા અકુદરતી સંબંધની માંગણી કરીને ત્રાસ આપવામાં આવતો તો સાસુ સસરા પણ ત્રાસ આપતા હતા. આખરે કંટાળીને આ યુવતીએ ઝેરી દવા ગટગટાવી હતી. જેને લઈ પતિ અને સાસુ સસરા સામે મહિલા પોલીસમાં ગુનો દાખલ થયો છે.

આ ઘટના અંગે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર વિસ્તારમાં રહેતી ૨૦ વર્ષીય યુવતીના પ્રથમ લગ્ન ચાર વર્ષ અગાઉ થયા હતા. આ લગ્નજીવનથી તેણીએ અઢી વર્ષની બાળકીને પણ જન્મ આપ્યો હતો પરંતુ પતિ સાથે મનમેળ નહીં આવતા આખરે તેણે છૂટાછેડા લઈ લીધા હતા ત્યારબાદ બાળકીના ભવિષ્યને ધ્યાને રાખીને બીજા લગ્ન કરવાનું નક્કી કર્યું હતું અને ઓનલાઈન સાઈટ માધ્યમથી ઝુંડાલ ખાતે રહેતા યુવાન સાથે સંપર્ક થયો હતો ત્યારબાદ બંનેના પરિવારજનોની ઈચ્છા મુજબ લગ્ન કરી લીધા હતા. જોકે આ યુવતી સાસરીમાં ગઈ ત્યારે લગ્નના થોડા દિવસ પછી જ પતિ અને સાસરા નાની નાની વાતમાં ત્રાસ આપવા લાગ્યા હતા અને ઘર માટે સર સામાનની માગણી કરતા હતા.

દહેજ માટે પતિનું વર્તન પણ બદલાઈ ગયું હતું અને પતિ અવારનવાર અકુદરતી સંબંધની માગણી કરીને માનસિક ત્રાસ આપતો હતો. જોકે બાળકીના ભવિષ્યને ધ્યાને રાખીને તે આ ત્રાસ સહન કરતી હતી તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હતી અને જેના પગલે તે પિયરમાં રહેવા લાગી હતી.

### મદદગારી કરનાર અને પશુ ચોરી જનારા ધોળકાના ઈંગોલી ગામના બે શખ્સ વિરૂદ્ધ ગુનો દાખલ

# તારાપુરના ખડા ગામે ઘેટાં અને બકરાં ચોરતો શખ્સ ઝડપાયો

(એજન્સી) તારાપુર | તા 12

તારાપુરના ખડા ગામે ઘેટાં બકરા સાથે સીમમાં પડાવ નાખી રહેતા કચ્છના માલધારીઓનું ઘેટું મોટરસાઈકલ પર ચોરી જતો ધોળકાના ઈંગોલી ગામનો શખ્સ ઝડપાયો હતો. બાદમાં 'હું ઈંગોલી ગામનો ડોન ઓવેશખાન છું' કહી મોટરસાઈકલ ચાલકને છોડાવવા આવનાર શખ્સને પણ માલધારીઓએ પકડી તારાપુર પોલીસને હવાલે કર્યો હતો. ઓવેશ ખાનને ખંભાત સબ જેલમાં મોકલી આપવાનો હુકમ કોર્ટે કર્યો છે.કચ્છ- ભચાઉના સાડવાડા ગામના વતની દેવાભાઈ ગોવાભાઇ રબારી હાલ તારાપુર તાલુકાના ખડા ગામે પોતાના ઘેટા બકરાનો માલ સીમના ખેતરોમાં પડાવ નાખી રહી પશુપાલનનો ધંધો કરે છે. ગત સાત દિવસ પહેલા સવારના અરસામાં ખડા ગામે દેવાભાઈ રબારીના પડાવે કાર ચાલક અને એક મોટરસાયકલ ચાલક આવી ૧૧ જેટલા ઘેટા- બકરા ચોરી ગાડીમાં ભરી જતા રહ્યા હતા. નંબર પ્લેટ વગરની ગાડીનો પીછો કરવા છતાં હાથમાં આવ્યા ન હતા. ત્યારે ગત તા.૧૦ એપ્રિલના બપોરે મોટરસાયકલ ઉપર એક ઈસમ આવી દેવાભાઈ રબારીના ઘેટા બકરાના પડાવમાંથી એક ઘેટું ચોરી કરીને લઈ જતા સમયે દેવાભાઈ રબારી તેમના સમાજના લક્ષ્મણભાઈ રબારી તથા સાજણભાઈ રબારીએ ભેગા થઈ ઘેટું લઈ જતા મોટરસાયકલ ચાલકને પકડી લીધો હતો. તેની પૂછપરછ કરતા પકડાયેલો ઈસમ બાલાભાઈ રમેશભાઈ દેવીપુજક રહે. ઈંગોલી તા. ધોળકા, જિ. અમદાવાદ ગ્રામ્યવાળા હોવાનું જણાવ્યું હતું.

આ ઘટના વખતે સ્કોપયો ગાડી લઈને આવેલો ઓવેશખાન રહે. ઈંગોલી, તા- ધોળકા, જિ. અમદાવાદ ગ્રામ્યવાળાએ ઘેટાં ચોરી કરતા ઝડપાયેલા બાલાભાઈ દેવીપુજકને છોડાવી જવા દેવાભાઈ રબારી સાથે ઝઘડો કરી 'મોટરસાયકલ ચાલકને જવા દો નહીં તો તમોને અહીં રહેવા દઈશું નહીં, જાનથી મારી નાખીશ, હું ઈંગોલી ગામનો ડોન ઓવેશખાન છું.' તેવી ધમકી આપી ઘેટાં સાથે ઝડપાયેલ મોટરસાયકલ સવારને લઈ જવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે દેવાભાઈ રબારી સહિતના ભાઈઓએ બંનેને પકડી તારાપુર પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા હતા.



### સાબરકાંઠાના જિલ્લાઓમાં ભાજપના પ્રવેશબંધીના બેનર લગાવી વિરોધ

(એજન્સી) સાબરકાંઠા | તા 12

ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ સાથે સાબરકાંઠા જિલ્લાના કેટલાક તાલુકાના ગામોમાં ભાજપના પ્રવેશબંધીના બેનરો લાગી વિરોધ કરાઈ રહ્યો છે. ત્યારે હિંમતનગરના નવા ગામે પણ પ્રવેશબંધીના બેનરો લાગ્યા છે.આ અંગેની વિગત એવી છે કે, રાજકોટના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ કરેલી ટિપ્પણી બાદ ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ શરૂ થયો હતો. જોતજોતામાં આ વિરોધ રાજ્યભરમાં અલગ અલગ ગામોમાં પહોંચ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, ઈડર, વડાલી, હિંમતનગર, તલોદ તાલુકાના કેટલાક ગામડાઓમાં ભાજપને પ્રવેશબંધી સાથેના બેનરો લાગ્યા છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સમયપત્રક આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જીવનસાથી દિલની વાત સાંભળવા માટે પૂરતો સમય આપશે.



**વૃષભ (બ,વ,ઉ)**

દિવસની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે.



**મિથુન (ક,છ,ઘ)**

ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂ મૂલ્ય સમજાશે.



**કર્ક (ડ,હ)**

મારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.



**સિંહ (મ,ટ)**

માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે.



**કન્યા (પ,ઠ,ણ)**

તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ.



**તુલા (ર,ત)**

હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે.



**વૃશ્ચિક (ન,ય)**

તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.



**ધન (ભ,ધ,ફ)**

ગત દિવસોમાં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. અંગત બાબતો ઉકેલવામાં ઉદાર રહો.



**મકર (ખ,જ)**

તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ.



**કુંભ (ગ,શ,સ)**

સ્વાસ્થ્ય બરાબર રહેશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**

આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો.

## સેન્સેક્સ અને નિફ્ટી સપ્તાહના અંતે તૂટ્યા

# રોકાણકારોની મૂડી 2.51 લાખ કરોડ ઘટી

(એજન્સી) નવી મુંબઇ | તા.12

શેરબજારમાં આજે ભારે વેચવાલીના કારણે સેન્સેક્સ અને નિફ્ટી સપ્તાહના અંતિમ દિવસે મોટા ઘટાડા સાથે બંધ રહ્યા છે. સેન્સેક્સ 793.25 પોઈન્ટ તૂટી 74244.90 અને નિફ્ટી50 234.40 પોઈન્ટ ઘટી 22519.40 પર બંધ રહ્યો હતો. આ સાથે રોકાણકારોની મૂડી રૂ. 2.51 લાખ કરોડ ઘટી છે. સેન્સેક્સ પેકની 30 સ્ક્રિપ્સ પૈકી માત્ર 3માં જ સુધારો નોંધાયો હતો. બાકીના 27 શેરો 4 ટકા સુધી તૂટ્યા હતા. બીએસઈ ખાતે ટ્રેડેડ કુલ 3943 સ્ક્રિપ્સમાંથી 1466 ગ્રીન ઝોન અને 2373 રેડ ઝોનમાં બંધ રહી હતી. ચોથા ત્રિમાસિકના કોર્પોરેટ પરિણામોની સિઝન શરૂ થઈ ચૂકી છે.



**નિષ્ણાતોની નજરે |** શેરબજારોએ સપ્તાહની શરૂઆતમાં સતત તેજી સાથે નવી ઐતિહાસિક ટોચ બનાવી છે. આ ટોચથી માર્કેટમાં પ્રોફિટ બુકિંગ વધ્યું છે. માર્કેટમાં એકાદ કરેક્શન જોવા મળી શકે છે. બીજી બાજુ એડીબી, વર્લ્ડ બેન્ક, સહિતની ટોચની રિસર્ચ ફર્મે ભારતની આર્થિક વૃદ્ધિ મજબૂત હોવાના અંદાજો આપ્યા છે. વૈશ્વિક પડકારોને બાદ કરતાં એકંદરે સ્થાનીય માર્કેટમાં તેજી રહી શકે છે.

### નિફ્ટી માટે ટેકાની સપાટી 22101

માર્કેટ નિષ્ણાતોએ નિફ્ટી50 માટે 22339-22101ને અતિ મહત્વની ટેકા સપાટી દર્શાવી છે. જ્યારે તેનુ રેઝિસ્ટન્સ લેવલ 22810-23100 નિર્ધારિત કર્યું છે. સ્થાનિક સ્તરે શેરબજાર માટે પોઝિટીવ વલણ છે, પરંતુ વૈશ્વિક પડકારો વધી રહ્યા છે. જેની અસર શેરબજાર પર જોવા મળી શકે છે.

### ઘટાડા પાછળનું કારણ

અમેરિકાના ફુગાવામાં વૃદ્ધિ અને ઈરાન-ઈઝરાયલ વચ્ચે વધતા જિઓ-પોલિટિકલ તણાવના કારણે વૈશ્વિક બજારો ઘટ્યા છે, તેમજ માર્કેટમાં વોલ્યૂમ ઓવર વેઈટ થઈ રહ્યા છે, જેના પગલે પ્રોફિટ બુકિંગ વધ્યું છે. સેન્સેક્સ અને નિફ્ટીના મોટાભાગના શેરોમાં ઓવર વોલ્યૂમ નોંધાયા છે.

## ઈઝરાયલ-ઈરાન ઘર્ષણ વચ્ચે ક્રુડ વધી 90 ડોલર : ચાંદી રૂ.82500ની ટોચે

મુંબઈ | તા.12

ઈઝરાયલ-ઈરાન ઘર્ષણના અહેવાલો વચ્ચે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલ ફરી એકવાર ૯૦ ડોલર કોર્સ કરી ગયું છે. બીજી તરફ અમદાવાદ સોના-ચાંદી બજારમાં ચાંદી વધીને રૂ.૮૨૫૦૦ની નવી ટોચે પહોંચી હતી. અમદાવાદ બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના ૯૯.૫૦ના રૂ.૭૪૦૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૪૨૦૦ના મથાળે જળવાઈ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૫૦૦ વધી રૂ.૮૨૫૦૦ રહ્યા હતા. મુંબઈ ઝવેરી બજારમાં આજે બુલીયન બજાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોનાના ભાવ ઉંચે નરમ હતા જ્યારે ચાંદીના ભાવ ઉંચકાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૩૩૮થી ૨૩૩૯ વાળા નીચામાં ૨૩૨૫ તથા ઉંચામાં ૨૩૪૬ પબી ૨૩૩૫થી ૨૩૩૬ ડોલર રહ્યાના નિર્દેશો હતા. અમેરિકામાં ફુગાવાનો દર અપેક્ષા કરતાં ઉંચો આવતાં ત્યાં હવે પછી થનારો વ્યાજ દરનો અપેક્ષીત ઘટાડો વિલંબમાં પડશે એવી ગણતરી વચ્ચે વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં તથા બોન્ડ યીલ્ડ પણ વધી જતાં વૈશ્વિક સોનામાં ઉછાળે ફંડોનું સેલીંગ જોવા મળ્યાના સમાચાર હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૨૭.૯૪થી ૨૭.૯૫ વાળા નીચામાં ૨૭.૭૫ તથા ઉંચામાં ૨૮.૦૬ થઈ ૨૭.૯૯થી ૨૮.૦૦ ડોલર રહ્યા હતા. કરન્સી બજારમાં આજે બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૩.૧૯ વાળા ઝડપી ઉછળી રૂ.૮૩.૪૦ આસપાસ બોલાતા થયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. ચીનનું નવું મહાહથિયાર, જેને ટ્રેક કરવું પણ મુશ્કેલ, ભારત કેવી રીતે કરશે તેનો સામનો? દરમિયાન, વિશ્વ બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૯૭૨ ડોલર રહ્યા હતા.

### ન્યૂઝ ટ્રેક

#### Bharti Hexacom IPO Listing: IPO એ રોકાણકારોને કર્યા માલામલ




Bharti Hexacom IPO Listing: ભારતી હેક્સાકોમ રાજસ્થાન અને ઉત્તર-પૂર્વ ભારતના ટેલિકોમ વર્તુળોમાં ફિક્સ લાઈન ટેલિફોન અને બ્રોડબેન્ડ સેવાઓ પ્રદાન કરે છે. ટેલિકોમ ક્ષેત્રની દિગ્ગજ ભારતી એરટેલની તેમાં 70 ટકા ભાગીદારી છે. તેના IPOને રોકાણકારો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો અને આજે તેના શેરનું લિસ્ટિંગ કરવામાં આવ્યું છે. આ મુદ્દો સંપૂર્ણપણે વેચાણ માટેની ઓફર હતી. ટેલિકોમ ક્ષેત્રની દિગ્ગજ કંપની ભારતી એરટેલની કંપની ભારતી હેક્સાકોમના શેરોએ આજે સ્થાનિક બજારમાં સફળ એન્ટ્રી કરી હતી.

#### આવી રહ્યો છે 10 હજાર કરોડનો એનટીપીસી ગ્રીનનો આઈપીઓ

મુંબઈ | ભારતીય સ્ટોક માર્કેટમાં એક બાદ એક આઈપીઓ આવી રહ્યાં છે. ઈન્વેસ્ટર પણ નાના-મોટા આઈપીઓ પર રોકાણ કરી રહ્યાં છે. હવે એનટીપીસી ગ્રીન એનર્જી પણ આ વહેતી ગંગામાં હાથ ધોવા માટે લગભગ 10000 કરોડ રૂપિયાનો આઈપીઓ લઈને આવી રહી છે. આ આઈપીઓ એલઆઈસી દ્વારા 2022માં લાવવામાં આવેલા આઈપીઓ બાદ કોઈ જાહેર ક્ષેત્રની કંપની દ્વારા લાવવામાં આવી રહેલો સૌથી મોટો ઈશ્યૂ છે. એનટીપીસી ગ્રીન એનર્જી આઈપીઓથી આવનાર પૈસાનો ઉપયોગ સોલર એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન અમોનિયા જેવી વસ્તુ પર કરશે.

#### હવે PF ખાતાને મર્જ કરવાનું ટેન્શન સમાપ્ત

મુંબઈ | નાણાકીય વર્ષ 2024-25ની શરૂઆત થયાને એક અઠવાડિયાથી વધુ સમય થઈ ગયો છે. EPFO સંબંધિત નવા નિયમો લાગુ કરવામાં એટલા જ દિવસો વીતી ગયા છે. જો તમે વર્કિંગ પર્સન છો તો તમારી પાસે ચોક્કસપણે EPFO એકાઉન્ટ હશે, આવી સ્થિતિમાં આ સમાચાર તમારા માટે ઉપયોગી સાબિત થઈ શકે છે. હકીકતમાં, જ્યારે પણ તમે નોકરી બદલો છો, ત્યારે તમારે તેની સાથે તમારું EPFO બેલેન્સ ટ્રાન્સફર કરવા માટે સંઘર્ષ કરવો પડે છે. ઘણી વખત EPFO બેલેન્સ મહિનાઓ સુધી ટ્રાન્સફર થઈ શકતું નથી. પરંતુ હવે આવું નહીં થાય.

### સનફલાવર ઓઈલની આયાતમાં નોંધાયેલો પચાસ ટકાનો જંગી વધારો

## ઊંચા ભાવને પગલે પામ ઓઈલની આયાત 10 માસના તળિયે

(એજન્સી) નવી દિલ્હી | તા12

દેશની પામ ઓઈલની આયાત માર્ચમાં ઘટીને ૧૦ મહિનાની નીચી સપાટીએ રહી હતી. ઊંચા ભાવને કારણે આયાતકારોએ પામ ઓઈલને બદલે સનફલાવર ઓઈલની ખરીદીમાં વધારો કર્યો હતો. જેને પગલે તેની આયાતમાં પચાસ ટકા વધારો જોવા મળ્યો છે. માર્ચમાં સનફલાવર તેલનો આયાત આંક અત્યારસુધીનો બીજો મોટો આંક રહ્યો હતો, એમ સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ' એસોસિએશન ઓફ ઈન્ડિયા (સી)ના આંકડા જણાવે છે. ભારત વનસ્પતિ તેલનો મોટો આયાતકાર દેશ છે ત્યારે પામ ઓઈલની આયાતમાં ઘટાડાથી મલેશિયાના પામ ઓઈલ ફ્યુચર્સના ભાવમાં પીછેહઠ જોવા



મળી શકે છે. સનફલાવર ઓઈલની ખરીદીમાં વધારાથી રાતા સમુદ્ર વિસ્તારમાં સનફલાવર ઓઈલની ઈન્વેન્ટરીસમાં ઘટાડો થવામાં મદદ મળશે એમ બજારના વર્તુળોએ જણાવ્યું હતું. ચીનનું નવું મહાહથિયાર, જેને ટ્રેક કરવું પણ મુશ્કેલ, ભારત કેવી રીતે કરશે તેનો સામનો? ફેબ્રુઆરીની સરખામણીએ માર્ચમાં પામ ઓઈલની આયાત ૨.૫૦ ટકા ઘટી ૪૮૫૩૫૪ ટન રહી હતી, જે ૨૦૨૩ના મે બાદ સૌથી નીચી રહી છે એમ સી દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયું હતું. પામ ઓઈલ ઉત્પાદક દેશોમાં ઉત્પાદનમાં ઘટાડો થતાં તેના ભાવ ઊંચકાયા હતા જેને પરિણામે ભારતના આયાતકારોએ સનફલાવર ઓઈલની આયાત તરફ વળવાની ફરજ પડી હોવાનું સીના સુત્રોએ જણાવ્યું હતું. સનફલાવર ઓઈલની આયાત ગયા મહિને પચાસ ટકા વધી ૪૪૫૭૨૩ ટન રહી હતી, જે અત્યારસુધીની બીજી મોટી આયાત છે. ક્રુડ પામ ઓઈલના ભાવ વિશ્વ બજારમાં મે ડિલિવરી માટે પ્રતિ ટન ૧૦૪૦ ડોલર બોલાઈ રહ્યા છે.

## LPGના વાર્ષિક વપરાશમાં 82 અને ATFમાં 50 ટકાનો નોંધપાત્ર વધારો

નવી દિલ્હી | તા.12

દેશમાં પેટ્રોલનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે. દેશમાં જેમ જેમ વાહનોની સંખ્યા વધી રહી છે તેમ તેમ પેટ્રોલનો વપરાશ પણ વધી રહ્યો છે. તાજેતરના એક રિપોર્ટ અનુસાર છેલ્લા ૧૦ વર્ષમાં પેટ્રોલનો વપરાશ બમણાથી વધુ થયો છે. તે જ સમયે, ડીઝલના વપરાશમાં લગભગ ત્રીજા ભાગનો વધારો થયો છે જ્યારે તેલની કુલ માંગ અડધી થઈ ગઈ છે. ડેટા દર્શાવે છે કે ઈવી (ઈલેક્ટ્રિક વાહનો) અને નવીનીકરણીય ઉર્જા માટે નીતિગત દબાણ હોવા છતાં અશ્મિભૂત ઈંધણની માંગ યથાવત છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના ડેટા અનુસાર, ૨૦૧૩-૧૪ અને ૨૦૨૩-૨૪ વચ્ચે પેટ્રોલના વાર્ષિક વપરાશમાં ૧૧૭ ટકા, ડીઝલમાં ૩૧ ટકા, એવિએશન ટર્બાઈન ફ્યુઅલમાં ટકા ૫૦ ટકા અને નૂઁઅો વાર્ષિક વપરાશ ૮૨ ટકા વધ્યો છે. આ સમયગાળા દરમિયાન કેરોસીનના વપરાશમાં ૯૩ ટકાનો ઘટાડો થયો છે. છેલ્લા એક દાયકામાં પેટ્રોલથી ચાલતા વાહનોની પ્રાધાન્યતા પણ વધી છે કારણ કે ડિરેગ્યુલેશન પછી ડીઝલ વાહનોને પહેલા જેવી પસંદગી નથી મળી રહી. ડીઝલ વાહનોની ઘટી રહેલી લોકપ્રિયતા પાછળનું એક કારણ એ છે કે પેટ્રોલ વાહનોને ઓછી જાળવણીની જરૂર પડે છે અને હવે ઈલેક્ટ્રિક વાહનો હાઈબ્રિડ વેરિઅન્ટમાં ઉપલબ્ધ છે.

## મુખ્ય બજારો ખાતેથી મંદ માગને પરિણામે ઓટો નિકાસ નબળી રહેવાની ધારણાં

### નાણાં વર્ષમાં ઓટો ક્ષેત્રની આવક વૃદ્ધિ મર્યાદિત રહેશે

(એજન્સી) મુંબઇ | તા.12

મુખ્ય નિકાસ મથકો ખાતેથી મંદ માગને પરિણામે વર્તમાન નાણાં વર્ષમાં દેશમાંથી ઓટો તથા ઓટો એન્સિલરિસની નિકાસ નબળી રહેવાની એક રિપોર્ટમાં ધારણાં મૂકવામાં આવી છે. આફ્રિકા તથા દક્ષિણ એશિયા ભારતના ઓટો ઉદ્યોગ માટે પરંપરાગત બજારો છે. જો કે લેટિન અમેરિકા, મધ્ય પૂર્વ તથા ફિલિપાઈન્સ જેવા દેશોમાં ભારતીય ઓટો કંપનીઓની હાજરી વધવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. નાણાં વર્ષ ૨૦૨૪ના પ્રથમ છ મહિનામાં ઓટો એન્સિલરીસની નિકાસ આવકમાં ૨.૭૦ ટકા સામાન્ય વધારો જોવાયો હતો અને નાણાં વર્ષ ૨૦૨૩માં આ આંક ૫.૨૦ ટકા રહ્યો હતો. આર્થિક પડકારો તથા ભૌગોલિક રાજકીય મુદ્દાઓને



કારણે નાણાં વર્ષ ૨૦૨૪ના પાછલા ૬ મહિનાથી નાણાં વર્ષ ૨૦૨૫ના પ્રથમ ૬ મહિનામાં નિકાસ પર અસર જોવા મળી રહી છે, જેને પરિણામે નાણાં વર્ષ ૨૦૨૫ના સંપૂર્ણ વર્ષની નિકાસ નીચી રહેવા ધારણાં છે. નબળી નિકાસને કારણે આ ઉદ્યોગની આવક વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૬-૮ ટકા સુધી મર્યાદિત રહેવાની પણ રેટિંગ એજન્સીના રિપોર્ટમાં અંદાજ મૂકવામાં આવ્યો છે.

# પગારમાંથી કપાતા ટીડીએસ રિફંડ માટે આ ટેક્સ રૅઝિમ અપનાવી શકો છો

(એજન્સી) મુંબઇ | તા.12

ઘણા પગારદારોના પગારમાંથી ટીડીએસ કપાતો હોય છે. આ ટીડીએસનું રિફંડ નાણાકીય વર્ષના અંતે ઈનકમ ટેક્સ રિટર્ન ફાઈલ કરતી વખતે મેળવી શકાય છે. આ ટીડીએસ (Tax Deducted At Source)માં ડિડક્શનનો વધુ લાભ લેવા માટે યોગ્ય ટેક્સ રૅઝિમની પસંદગી કરવી આવશ્યક છે. આવો, જાણીએ જૂની અને નવી ટેક્સ રૅઝિમમાંથી કઈ પદ્ધતિ અપનાવી વધુ લાભ મેળવી શકો છો. કર્મચારીએ તેના એમ્પ્લોયરને નવી કે જૂની ટેક્સ પદ્ધતિની પસંદગી વિશે જણાવવુ પડશે. કારણકે, એમ્પ્લોયર દ્વારા પસંદગીના રૅઝિમમાં લાગૂ ઈનકમ ટેક્સ સ્લેબના આધારે ટીડીએસ કપાય છે. જો જૂની રૅઝિમ અનુસાર સેલેરી પર ટીડીએસ કપાતો હોય તો તેઓ આ પદ્ધતિ અંતર્ગત વિવિધ ડિડક્શનનો લાભ લઈ શકે છે. એમ્પ્લોયર દ્વારા રજૂ કરવામાં આવેલા ફોર્મ 16માં દર્શાવેલા ડિડક્શનની રકમ પર ક્લેમ કરી શકો છો. જ્યારે




નવી ટેક્સ રૅઝિમમાં ફોર્મ-16માં દર્શાવેલ કલમ 80સીસીડી હેઠળ માન્ય અને ક્લેમ કરવામાં આવેલા ડિડક્શન તથા સ્ટાન્ડર્ડ ડિડક્શનનું જ રિફંડ મેળવી શકો છો. નવી અને જૂની બંને ટેક્સ રૅઝિમમાં ટેક્સ ડિડક્શનના અલગ-અલગ લાભ મળવા પાત્ર છે. નવી ટેક્સ રૅઝિમમાં લાગૂ બે ડિડક્શન જૂની ટેક્સ રૅઝિમમાં પણ માન્ય છે. તદુપરાંત તેમાં અન્ય ડિડક્શન પણ સામેલ છે. જો ફોર્મ 16 મુજબ દર્શાવેલ આવક, કર મુક્તિ અને ડિડક્શનની વિગતો અને ઈનકમ ટેક્સ રિટર્નમાં જારી વિગતો વચ્ચે કોઈ વિરોધાભાસ જોવા મળ્યો તો આવકવેરા વિભાગની કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે. આથી, આ વધારાના ડિડક્શન અને કરમુક્તિની વિગતો માટે માન્ય પુરાવાના આધારે દર્શાવવી જોઈએ. આવકવેરા વિભાગના સીપીસી દ્વારા આઈટીઆરની પ્રક્રિયા થતી હોય છે, જેમાં વિરોધાભાસ દર્શાવતા ક્લેમ તે રદ્દ કરે, ત્યારે આ પુરાવા રજૂ કરવા પડી શકે છે. ટીડીએસ ક્લેમ માટે જૂની ટેક્સ રૅઝિમનો વિકલ્પ યોગ્ય અને સુરક્ષિત છે. જેમાં તમામ માન્ય કરમુક્તિ અને ડિડક્શન પર રિફંડ મેળવી શકો છો. જો પગારમાંથી ટીડીએસ કપાતો હોય તો નવા નાણાકીય વર્ષની શરૂઆતથી જ ક્લેમ કરવા માટે ટેક્સ રૅઝિમ પસંદ કરી લો, જે યોગ્ય રહેશે, કારણકે, આઈટીઆર ફાઈલ કરતી વખતે પસંદગી કરશો તો એમ્પ્લોયરને ફોર્મ-16માં અમુક વિગતોમાં ફેરફાર કરવો પડી શકે છે.

### ચોમાસુ સારુ રહેવાની આગાહીથી એફએમસીજીના વેચાણમાં વૃદ્ધિની આશા

(એજન્સી) મુંબઈ | તા.12

વર્તમાન વર્ષનું ચોમાસુ સારુ રહેવાની સ્કાયમેટની આગાહીથી દેશના ફાસ્ટ મુવિંગ કન્ઝયૂમર ગુડસ (એફએમસીજી) ક્ષેત્રને વર્તમાન નાણાં વર્ષમાં કામકાજ સારુ રહેવાની તથા વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ થવાની આશા જાગી છે. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ ૨૦૨૪-૨૫નું વર્ષ સારુ જોવા મળવાની શકયતા હોવાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. એફએમસીજીની ગ્રામ્ય માગમાં વધારો જોવા મળી રહ્યો છે. ગયા વર્ષે નબળા ચોમાસાની સ્થિતિને પરિણામે ગ્રામ્ય માગ પર અસર જોવા મળી હતી. દેશભરમાં ઉપભોગમાં વધારો થતાં ડિસેમ્બર, ૨૦૨૩ના ત્રિમાસિકમાં એફએમસીજી ઉદ્યોગના વોલ્યુમમાં ૬.૪૦ ટકા વધારો જોવા મળ્યો હતો. મૂલ્યની દ્રષ્ટિએ આ વૃદ્ધિ ૬ ટકા રહી હતી. ડિસેમ્બર પહેલાના ત્રિમાસિક ગાળાઓની સરખામણીએ એફએમસીજી ક્ષેત્રમાં ઉપભોગ વૃદ્ધિ ધીમી પડી હતી.

**બ્રેકિંગ ન્યૂઝ**

### 4 જૂન પછી ફોન પર વધારે વાત કરવી પડશે મોંઘી

મુંબઈ | દેશમાં લોકસભા ચૂંટણીનું પરિણામ ચાર જૂને જાહેર કરવામાં આવશે. ત્યારબાદ તમારા મોબાઈલ બિલનું રિચાર્જ વધી જશે. ચૂંટણી પછી ટેલિકોમ કંપનીઓ રિચાર્જ દરમાં 15થી 17 ટકાનો વધારો ઝીંકશે. એક રિપોર્ટમાં આ વાતનો ઉલ્લેખ કરાયો છે. આખા દેશમાં 19 એપ્રિલથી એક જૂન સુધી સાત તબક્કામાં ચૂંટણી યોજાશે. ચાર જૂને મતગણતરી હાથ ધરવામાં આવશે. એક રિપોર્ટ પ્રમાણે આ ક્ષેત્રમાં ચાર્જમાં વધારો થશે. અને ભારતી એરટેલને આનો સૌથી વધુ ફાયદો થઇ શકે છે.



### મલ્ટિનેશનલ કંપનીઓની વધતી રુચિથી ભારતને ફાયદો

મુંબઈ | ભારત હવે મલ્ટિનેશનલ કંપનીઓ માટે હબ બની રહ્યું છે તેમજ મલ્ટિનેશનલ કંપનીઓની વધતી રૂચિને કારણે પણ ભારતને ફાયદો થઈ રહ્યો છે. ભારતને એક વૈકલ્પિક મેન્યુફેક્ચરિંગ બેઝ તરીકે જુએ છે જેને કારણે આગામી સમયમાં દેશમાં રોકાણ પણ મજબૂત રહેવાના અણસાર હોવાનું યુએનના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

### એકપણ રજા લીધા વગર આ ઉધોગપતિએ ઊભું કર્યું 300 લાખ કરોડનું એમ્પાયર

મુંબઈ | આજની તારીખે આ દિગ્ગજ બિઝનેસમેનની પેઢી દુનિયાની સૌથી મોટી આઈટી કંપની છે. આની માર્કેટ વેલ્યૂ 3.18 ટ્રિલિયન ડોલર છે જે ભારતીય રૂપિયામાં 300 લાખ કરોડ કરતાં વધુ છે. જિંદગીમાં ઉચ્ચ સ્થાન મેળવવા તનતોડ મહેનત કરવી પડે છે. પછી ભલે તે નોકરી હોય કે ધંધો. બિઝનેસ શરૂઆતના ગાળામાં ખૂબ લોહી-પરસેવો પાડવો પડતો હોય છે.

**માર્ચમાં 0.2 ટકા વધ્યો હતો** | સોના-ચાંદીના ભાવ 2024માં નવી રેકોર્ડ ટોચ સાથે 30 ટકા સુધી વધી શકે છે

## સોનાએ ઐતિહાસિક સપાટી કૂદાવી, ચાંદી પણ ચમકી, રોકાણકારોને ફાયદો

નવી દિલ્હી | તા.12

વૈશ્વિક સ્તરે સોના-ચાંદીમાં આજે ફરી રેકોર્ડ બ્રેક તેજી જોવા મળી છે. સ્પોટ સોનુ 2412.90 ડોલર પ્રતિ ઔંશની સર્વોચ્ચ ટોચે પહોંચ્યું છે. જ્યારે સ્પોટ ચાંદીએ પણ 29.03 ડોલર પ્રતિ ઔંશની ઐતિહાસિક ટોચ નોંધાવી છે. સ્થાનિક સ્તરે એમસીએક્સ ખાતે પણ કોમોડિટી માર્કેટ ખૂલતાંની થોડી જ ક્ષણોમાં સોનાની કિંમત 10 ગ્રામ દીઠ રૂ. 72678 અને ચાંદી કિગ્રા દીઠ રૂ. 84102ની નવી સર્વોચ્ચ સપાટીએ પહોંચી હતી.



### સોના-ચાંદીમાં તેજી માટે જવાબદાર પરિબળ

એકબાજુ અમેરિકાના ફુગાવાના આંકડા અપેક્ષા કરતાં વધુ નોંધાતા રેટ કટની શક્યતાઓ ઘટી હતી. જો કે, ગઈકાલે અમેરિકાના પ્રોડ્યુસર પ્રાઈસ ડેટા અપેક્ષા કરતાં સુધારા તરફી રહેતાં ફેડ દ્વારા આ વર્ષે રેટમાં ઘટાડો થવાનો સંકેત મળ્યો છે. લેબર ડિપાર્ટમેન્ટ રિપોર્ટમાં જણાવ્યું હતું કે, પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ અર્થશાસ્ત્રીઓની 0.3 ટકા વૃદ્ધિની અપેક્ષા સામે માર્ચમાં 0.2 ટકા વધ્યો હતો. બીજી બાજુ વૈશ્વિક સ્તરે વધતી જિયો-પોલિટિકલ ક્રાઈસિસના કારણે રોકાણકારો સેફ હેવન તરફ રોકાણ વધારી રહ્યા છે.

### ક્રૂડના ભાવમાં વૃદ્ધિ

ઈઝરાયલ અને ઈરાન વચ્ચે રાજકીય તણાવના પગલે ક્રૂડ 90 ડોલર પ્રતિ બેરલની સપાટી વટાવી ગયુ છે. નિષ્ણાતો અને અર્થશાસ્ત્રીઓ મધ્ય-પૂર્વીયમાં વધી રહેલા તણાવ અને ઓપેક દ્વારા જૂન સુધી ઉત્પાદનમાં કોઈ ફેરફાર ન કરવાના નિર્ણયના પગલે ક્રૂડમાં તેજી જારી રહી શકે છે.

### 2024 સોના-ચાંદી માટે પોઝિટીવ

સોના-ચાંદીના ભાવ 2024માં નવી રેકોર્ડ ટોચ સાથે 30 ટકા સુધી વધી શકે છે. ટૂંકાગાળા માટે પ્રોફિટ બુકિંગ રિટર્ન પર અસર કરી શકે છે. પરંતુ ઓવરઓલ આઉટલૂક 2024માં પોઝિટીવ જોવા મળી રહ્યો છે. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ અને વ્યાજદરોમાં ઘટાડો ઉપરાંત સેન્ટ્રલ બેન્કો દ્વારા ગોલ્ડ રિઝર્વની વધતી ખરીદી કિંમતી ધાતુની તેજીને વેગ આપી રહ્યો છે.

### એમસીએક્સ ગોલ્ડ 75000 થશે

એચડીએફસી સિક્યુરિટીઝના અનુજ ગુપ્તાએ જણાવ્યુ હતું કે, એમસીએક્સ ગોલ્ડ તેની મહત્વની રૂ. 72500ની સપાટી કુદાવી ગયો છે. ચાંદી પણ રૂ. 81800ના સપોર્ટ સાથે 84 હજારથી વધી છે.

## એર ઇન્ડિયાએ વિશ્વભરમાં 5 નવા કેન્દ્રો સાથે ગ્રાહક સેવામાં વધારો કર્યો

ગુરૂગ્રામ | તા.12

ભારતની અગ્રણી વૈશ્વિક એરલાઈન એર ઈન્ડિયાએ વિશ્વભરમાં તેના ગ્રાહકોને ચોવીસ કલાક સહાયતા પ્રદાન કરવા પાંચ નવા સંપર્ક કેન્દ્રો સ્થાપિત કર્યાં છે. તેણે મુંબઈ, કાહિરા અને કુઆલા લમ્પુરમાં સેન્ટર્સ દ્વારા પ્રીમિયમ સેવાઓનું સંચાલન કરવા માટે કેલિફોર્નિયામાં મુખ્યાલય ધરાવતી કસ્ટમર એંગેજમેન્ટ કંપની કોન્સેન્ટ્રિક્સ સાથે ભાગીદારી કરી છે. એરલાઈન્સે ઘરેલુ પૂછપરછ ઉપર ધ્યાન આપવા નોઈડા અને બેંગ્લોરમાં સંપર્ક કેન્દ્રોના સંચાલન માટે iEnergizer સાથે કરાર કર્યાં છે. તાજેતરમાં એર ઈન્ડિયાએ તેના પ્રીમિયમ ફ્રિકવન્ટ ફ્લાયર મેમ્બર્સ તથા બિઝનેસ અને ફર્સ્ટ-ક્લાસ મહેમાનો માટે વિશિષ્ટ પ્રીમિયમ ડેસ્કની રજૂઆત કરી છે. આ સમર્પિત સેવા વ્યક્તિગત સહાયતા પ્રદાન કરે છે, જે મુસાફરોના



પ્રતિષ્ઠિત વર્ગના મુસાફરીના એકંદર અનુભવમાં વધારો કરે છે. નવા ટેક સ્ટેક સહિત વિશ્વ-સ્તરીય ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં રોકાણ કરીને એરલાઈન ગ્રાહક સહાયતા કામગીરીને સુવ્યવસ્થિત કરવાનો તથા કાર્યક્ષમતા વધારવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

મુંબઈ કેન્દ્રના લોંચ પ્રસંગે એર ઈન્ડિયાના ચીફ કસ્ટમર એક્સપિરિયન્સ ઓફિસર રાજેશ ડોગરાએ કહ્યું હતું કે, "અમારી કામગીરીમાં અમારા ગ્રાહકો કેન્દ્રસ્થાને છે. સંપર્ક કેન્દ્રોમાં વધારો અને વિસ્તરણ અમારા ગ્રાહકોને વ્યાપક સહયોગ પ્રદાન કરવાની એર ઈન્ડિયાની કટીબદ્ધતાનો પુરાવો છે તથા વિશ્વસ્તરીય એરલાઈન બનવાની દિશામાં એર ઈન્ડિયાનું વધુ એક કદમ છે." એર ઈન્ડિયાએ આંતરિક રીતે ઈમેઈલ, સોશિયલ મીડિયા અને ચેટ સપોર્ટના સંચાલન માટે એક વ્યાપક બેક-ઓફિસ ઈનસોર્સિંગ રણનીતિ અમલમાં મૂકી છે, જેથી અમારા મૂલ્યવાન ગ્રાહકોને કાર્યક્ષમ સપોર્ટ પ્રદાન કરી શકાય.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2080, ચૈત્ર સુદ-05**

# ટાઈમ પાસ બની ગયું છે સોશ્યલ મીડિયા

જે સોશ્યલ મીડિયા ૨૦૧૦માં આશાઓનું પ્રતીક બનીને ઉભરી રહ્યું હતું, તે ૨૦૨૦ આવતાં આવતાં ફેક ન્યૂઝ અને લોકોના રાજકીય વિચારોને પ્રભાવિત કરવા જેવા આરોપોનો શિકાર થઈ ગયું. માત્ર દસ વર્ષમાં જ લોકો હવે સોશ્યલ મીડિયા પર પોતાના અભિપ્રાય પોસ્ટ કરવાથી બચવા લાગ્યા છે. પોસ્ટ કરવાનો મતલબ ટેક્સ્ટ, ઈમેજ ફોર્મમાં ખુદને અભિવ્યક્ત કરવાનો છે. લોકો લોગઈન તો કરે છે, પરંતુ બહુ ઓછા લોકો પોસ્ટ કરી રહ્યા છે. લોકો લગભગ રોજ બે કલાક ઈન્સ્ટાગ્રામ, ફેસબુક કે એક્સ જેવા સોશ્યલ મીડિયાને સ્ક્રોલ કરતાં સમય વિતાવે છે, પરંત તેમની આખરી પોસ્ટ એક વર્ષ પહેલાંની હોય છે. ક્યારેક ક્યારેક લોકો સ્ટોરી ચોક્કસ શેર કરે છે, પરંતુ તે ચોવીસ કલાક બાદ ગાયબ થઈ જાય છે. કોઈ પ્રકારના વિવાદથી બચવા માટે લોકો હવે એમ વિચારવા મજબૂર થઈ ગયા છે કે એ વાત પર ઝગડવાની જરૂર નથી કે કોણે કોને વોટ આપ્યો કે કોઈ શું વિચારે છે. હવે તેઓ આમને-સામને કે સમૂહ ચેટને પ્રાથમિકતા આપે છે, જેને ‘ખાનગી નેટવર્કિંગ’ કહેવાઈ રહ્યું છે. વપરાશકર્તાઓના સર્વેક્ષણ અને ડેટા-એનાલિટિક્સ ફર્મોની શોધ અનુસાર, અબજો લોકો સોશ્યલ મીડિયાનો દુરુપયોગ કરે છે, પરંતુ તેઓ ઓછી પોસ્ટ કરી રહ્યા છે અને મોટાભાગે નિષ્ક્રિય અનુભવનો આનંદ લઈ રહ્યા છે. તેઓ હજુ પણ લોકોની સોશ્યલ મીડિયા ફીડ જોવામાં કે રીલ જોવામાં સમય વિતાવી રહ્યા છે, પરંતુ તેઓ હવે પોતાનો અભિપ્રાય મૂકવામાં એટલા સક્રિય નથી રહ્યા. એટલે કે આ ટાઈમ પાસ કરવાનો રસ્તો બની ચૂક્યું છે. ડેટા ઈન્ટેલીજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટના ઓક્ટોબર રિપોર્ટમાં, સોશ્યલ મીડિયા એકાઉન્ટવાળા ૬૧ ટકા વયસ્ક અમેરિકી ઉત્તરદાતાઓએ કહ્યું કે તેઓ જે પોસ્ટ કરે છે, તેના વિશે વધુ ચયનાત્મક થઈ ગયા છે, એટલે કે હવે લોકો શું પોસ્ટ કરવું છે, તેના વિશે વિચારવા લાગ્યા છે. ભારત પણ તેમાં અપવાદ નથી. ભલે આપણા વિશાળ સોશ્યલ મીડયા યુઝર બેઝને કારણે અહીં એવું ન દેખાતું હોય, પરંતુ હવે લોકો સોશ્યલ મીડિયા પર ઓછી પોસ્ટ શેર કરી રહ્યા છે. તેના કેટલાય કારણ છે. આ શોધના હિસાબે લોકો માનવા લાગ્યા છે કે તેઓ જે સામગ્રી જુએ છે, તેને નિયંત્રિત નથી કરી શકતા. તેઓ પોતાના જીવનને ઓનલાઈન મૂકવા પ્રત્યે પણ વધુ સુરક્ષાત્મક થઈ ગયા છે અને પોતાની નિજતાની પણ ચિંતા થવા લાગી છે. સોશ્યલ મીડિયા પર ટ્રોલર્સની વધતી સંખ્યાને કારણે પણ લોકોની મજા બગડી ગઈ છે. આ સોશ્યલ મીડિયા કંપનીઓના વ્યવસાય માટે ખતરો છે. વપરાશકર્તાઓને વધુને વધુ શેર કરવાને કારણે જ તેઓ દુનિયાની સૌથી શક્તિશાળી કંપનીઓ અને પ્લેટફોર્મોમાંથી એક બની ગઈ છે. મજેદાર વાત એ છે કે તેમાંથી કોઈપણ કંપની કોઈ પ્રોડક્ટ નથી બનાવતી, તેમ છતાં તે દુનિયાની સૌથી મોટી નફો કરતી કંપનીઓ બની ગઈ છે.

## કૂતરાને બચાવવા જતાં કાર પુલની દીવાલ સાથે અથડાઈ: સોમનાથ દાદાનાં દર્શન કરી પાછા ફરી રહેલા સોની પરિવારને કાળ નડ્યો

# ભુજ ભચાઉ રોડ બન્યો રકત રંજીત

## પુલ સાથે કાર અથડાતાં અકસ્માત: ચારના મોત

**મહેશ એલ.સોની | નખત્રાણા**

ભુજ - ભચાઉ હાઈવે પર પધ્ધર ગામ નજીક આવેલા પુલ સાથે તુફાન ટકરાતાં મારૂ કંસારા સોની સમાજના બે સગા યુવા ભાઈઓ સહિત ચાર વ્યક્તિનાં મૃત્યુ નિપજ્યા હતા . આજે વહેલી સવારે ૫:૩૦ થી ૬:૦૦ વાગ્યા દરમ્યાન દિવ -દ્વારકાથી તુફાનમાં પરત ફરી રહેલા બે કુટુંબના અગિયાર સભ્યો પૈકી ચાર વ્યકિતના કરૂણ મોત થયા હતા જ્યારે સાતેક વ્યક્તિને ઈજા પહોંચી હતી. આમ બન્ને ફેમિલીના અગિયાર જેટલા સદસ્યો દ્વારકાથી પરત ફરી રહ્યા હતા ત્યારે આ ગંભીર અકસ્માત નડ્યો હતો જેમાં સાત જણ ભુજની જનરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેમાં એક વ્યક્તિ સિરિયસ હોવા નું જાણવા મળ્યું છે ગંભીર રીતે ઈજાગ્રસ્ત વ્યક્તિઓના નામો હજુ સુધી જાણવા મળ્યા નથી. અકસ્માતને પગલે બન્ને સાઈડ ટ્રાફિક જામ થયો હતો. ભુજ ,નખત્રાણા, અંજાર, નલિયા સહિત ના ગામોમાં શ્રી મારૂ કંસારા સોની સમાજના જ્ઞાતિજનોએ બપોર બાદ પોતાના કામકાજ સ્વયંભુ બંધ રાખી દિવંગતોને શ્રદ્ધાજલી અર્પણ કરી હતી.



**બે ભાઇઓ સહિત ત્રણનાં ઘટનાસ્થળે જ મોત**

તુફાન પુલની દીવાલ સાથે અથડાતા કારમાં સવાર માધાપરના સોની પરિવારના ત્રણ સભ્યોના ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજયા હતાં.જ્યારે આઠ સભ્યોને હળવાથી ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી.

**સાત ઘાયલોને ભુજ જનરલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા**




# ચાણસ્માથી મહેસાણા ભારે વાહનો સાથે બસો બંધ કરતાં લણવા પિંપળના મુસાફરો અટવાયા



**ચાણસ્મા | તા.12**

ચાણસ્મા મોઢેરા નદાસા ચોકડી ડી.માર્ટ થઈ મહેસાણા ભારે વાહનો દોડાવાય છે તેના કરતા લણવા પલાસર થઈ છડીયાડા મહેસાણા દોડાવાય તેવી . લણવા પીંપળ ઝિલીયા ના મુસાફરો ની માંગ .ધિણોજ પાસે પુલ જર્જરીત થઈ જતા તેને રીપેરીંગ કરવા ના હેતું સર પાટણ ક્લેક્ટર દ્વારા ચાણસ્મા થી મહેસાણા ના રોડ પર પસાર થતા ભારે વાહનો પર રોક લગાવતું જાહેરનામું બહાર પાડતાં જેના કારણે ચાણસ્મા મહેસાણા રોડ ઉપર ભારે વાહનો સાથે એસ.ટી.બસો બંધ કરી ચાણસ્મા થી મોઢેરા નદાસા થઈ ડી માર્ટ મહેસાણા બસો અને ભારે વાહનો ડાયવર્ટ કરાયા છે ત્યારે ચાણસ્મા થી લણવા ઝિલીયા ના મુસાફરો ને મહેસાણા અથવા ચાણસ્મા જવા આવવા માટે ઈકો ગાડીઓ અથવા ખાનગી વાહનો નો સહારો લઈ મહા મુશ્કેલી પૂર્વક મુસાફરી કરવાનો વારો આવ્યો છે. લણવા પીંપળ ના મુસાફરો શું કહે છે : ચાણસ્મા થી મહેસાણા કલેક્ટર ના જાહેરનામા ના અમલવારી ની કારણે ભારે વાહનો સાથે એસ ટી બસો બંધ કરી દેતાં લણવા પિંપળ ઝિલીયાના મુસાફરો ને ખાનગી વાહનો ના સહારે મુસાફરી કરવાનો વારો આવ્યો છે ત્યારે લણવાના પૂર્વ સરપંચ તખતસિહે જણાવ્યું. હતું કે ચાણસ્મા મહેસાણા બસો બંધ કરતાં વચ્ચેના ગામડાં ના મુસાફરો ચાણસ્મા કે મહેસાણા જવા માટે ખૂબ જ મુશ્કેલી પડે છે મહેસાણા ચાણસ્મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ અટવાઈ પડ્યા છે તો ચાણસ્મા થી મોઢેરા બસો ડાયવર્ટ કરાઈ છે પરંતુ તેના બદલે લણવા પલાસર છઠીયારડા થઈ મહેસાણા બસો ચાલુ કરાય તેવી માગણી વ્યક્ત કરાઈ હતી.

## વાસીયા ડુંગરી ખાતે બાઇક રેલી કરીને ગ્રામજનોને મતદાન કરવા અંગે જાગૃત કરાયા



**દિપક રાવલ | દાહોદ**

લોકસભા સામાન્ય ચૂંટણીના અવસરમાં તમામ વર્ગના મતદારો સહભાગી બનીને પોતાનો કિંમતી મત આપે એ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેમાં દાહોદ જિલ્લા વહીવટીતંત્ર પણ સહભાગી બન્યું છે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્વીપ પ્રવૃતિઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ધાનપુર તાલુકાના વાસીયા ડુંગરી ખાતે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતુ. ધાનપુર તાલુકાના વાસીયા ડુંગરીના યુવાનો દ્વારા બાઈક રેલી યોજીને ગ્રામજનોને મતદાન અંગે જાગૃત કરવામાં આવ્યા હતા.

## ચાણસ્મા તાલુકાના લક્ષ્મીપુરા (બ્રાહ્મણવાડા) ગામે જોગણીયા માતાજીનો ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો



નોરતા સનાતન આશ્રમ ના પ.પૂ. દોલતરામ બાપુ ટોટાણા આશ્રમ ના પપૂ દાસ બાપુ સહિત સંતો ધાર્મિક ઉત્સવ માં ઉપસ્થિત રહી આશિર્વચન પાઠવ્યા. ચાણસ્મા તા લક્ષ્મીપુરા (બ્રાહ્મણવાડા) ગામે જોગણી યો માતાજી નો ફોટો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો જેમાં નોરતા આશ્રમ ના સંત પં.પૂ. દોલતરામ બાપુ ત્થા ખોરસમ આશ્રમ ના સંત પ.પૂ. રામગીરી બાપુ ટોટાણા આશ્રમ ના સંત પ.પૂ. દાસ બાપુ પધારતા લક્ષ્મીપુરા ગ્રામજનો દ્વારા કુવારકાઓ ની કળશ યાત્રા સાથે ભવ્ય સંતો નું સામૈયું કર્યું હતું.

સમાજ માં શિક્ષણ વધે તે માટે દેવ મંદિરો સાથે બાળકો ને શિક્ષણ ની ભુખ જગાવી સમાજ શિક્ષીત કરવા પર ભાર મુક્યો હતો જ્યારે કાર્યક્રમ ને સફળ બનાવવા સુંદર આયોજન કરવું હતું.

## અરવલ્લીની આંગણવાડીઓમાં રંગોળી દ્વારા લોકોને મતદાન કરવા અંગે જાગૃત કરાયા



**રાકેશ મહેતા | ધનસુરા**


લોકસભા સામાન્ય ચૂંટણીમાં 100 ટકા મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા સ્વીપ પ્રવૃતિઓ અંતર્ગત કાર્યક્રમો કરીને જિલ્લાના તમામ નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. જેમાં આઈસીડીએસ વિભાગ પણ સહભાગી બન્યો છે. જિલ્લાની તમામ આંગણવાડીઓમાં લોકો દ્વારા ગામમાં રંગોળી કરીને લોકોને મતદાન કરવાનું મૂલ્ય સમજાવીને તા.07 મે ના રોજ અચુક મતદાન કરવા માટે પ્રેરીત કરવામાં આવ્યા હતા. “રંગોળીમાં ગુપ્ત દાન, મતદાન'', ''મતદાન એ જ મહાદાન'', ''મારો મત મારો અધિકાર'' વગેરે સુત્રો લખવામાં આવ્યા હતા. આમ, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને જિલ્લા કલેક્ટરશ્રી પ્રશસ્તિ પરીકના માર્ગદર્શન હેઠળ સ્વીપ પ્રવૃતિઓ અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરીને લોકોને મતદાન કરવા માટે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

## જાગોર ડુંગર: માતાનામઢ અશાપુરજીની સ્વયંભુ પ્રાગટ્ય મૂર્તિ

**મહેશ એલ.સોની | નખત્રાણા**

પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢથી પાનેલી ગામ તરફ જતા ધૂળિયા માર્ગ પર જાગોરા ડુંગર આવેલ છે આ ડુંગરની ટોચ ઉપર બે શિલાની વચ્ચે સ્વયંભુ પ્રાગટય આઈ આશાપુરા માતાજીનું સ્થાનક આવેલું છે . અહિ આઈ આશાપુરાજી સ્વયં પ્રાગટય થયા છે. જાગોરા ડુંગર નામ કેમ પડયું એની પણ એક કથા છે કે એ ડુંગરની નીચે (તળેટી) પર માહેશ્વરી વાણિક, સોની, કાપડી, ચૌહાણ વગેરે જ્ઞાતિના લોકો જાગ એટલે કે જાગરણ કરતા અને દૂર દૂરથી સાધુ સંતો ત્યાં આવતા તેઓ આખી રાત ભજન કિર્તન કરતા અને મહા પ્રસાદ પણ ગ્રહણ કરતા. દશો, વિશો, ત્રિશો એમ જાગ થતા ત્યાં આવેલી કાળા પથ્થરની ઓરડીમાં જાગ થતો જેના નામ પરથી જગોરા ડુંગર નામ પડ્યું.

હાલમાં આ ડુંગર પર ચડવા પગથિયાં પણ બનાવવામાં આવેલ છે. ગુફાની અંદર એક થી બે વ્યકિત જ સમાઈ શકે એટલી જ સાંકડી જગ્યા છે. એક કથા મુજબ મા માતાજીએ હરિયો અને ઠરિયો નામના પોતાના બાળકોને મહા બળવાન રાક્ષસ મહિષાસુરથી બચાવા માટે તેમને અહિ ગુફામાં સંતાડેલ અને અહિ જ વિશ્રામ કરેલ હોવાનું કહેવાય છે. આ ઉપરાંત ખટલા ડુંગર ઉપર ખટલા ભવાની માતાજીનું મંદિર પણ આવેલું છે.



## સરકારી પોલિટેકનિક કોલેજ ખાતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો



**દિપક રાવલ | દાહોદ**

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અંતર્ગત દાહોદ શહેરમાં મતદાન અંગેની જાગૃત્તિ પ્રસારવાના હેતુથી દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સરકારી પોલિટેકનિક કોલેજ દાહોદ ખાતે ’મતદાન જાગૃત્તિ’ કાર્યક્રમ યોજાયો હતો.

વિદ્યાર્થીઓ, મતદાર જાગૃત્તિ કાર્યક્રમના એમ્બેસેડર બની સો ટકા મતદાન થાય તે માટે જાગૃત્તિ પ્રસરાવે તેમજ પોતાના પરિવાર તેમાંય ખાસ કરીને પરિવારની મહિલાઓ અવશ્ય મતદાન કરે તે વિદ્યાર્થીઓ સુનિશ્ચિત કરે. જે વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓના ૧૮ વર્ષ પૂર્ણ થયા છે પરંતુ મતદાર તરીકે નોંધણી કરાવી નથી તેઓ ફોર્મ નં. ૦૬ ભરીને મતદાર તરીકે પોતાની નોંધણી કરાવી શકે છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત યુવા મતદારોએ મતદાન માટેના શપથ લીધા હતા.

## આઈસ વોટર ફેશિયલ: તમારી ત્વચા માટે શાંતિપુર્ણ અનુભવ



**ક્રિમા વી.બુદ્ધભટ્ટી**
**સિટી:- કોટડા (જ.) , કચ્છ**

ઉનાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે એટલે આપણે આપણા શરીરના સ્વાસ્થ્ય માટે જાત - જાતનાં ફળો અને તેમના જ્યુસ બનાવીને આરોગીએ છીએ જેથી આપણા શરીરમાં ઠંડકનો અહેસાસ થાય અને આપણો સ્વાથ્ય પણ સારું રહે. અને સૌથી વધારે આપણા ચહેરાની ત્વચાની કાળજી રાખીએ છીએ. અને એના માટે વિવિધ પ્રકારની ક્રીમનો ઉપયોગ કરતા હોઈએ છીએ અથવા તો ઘરમાં રહેલી સામગ્રી જેવી હળદર, ચણાનો લોટ, ચોખાનો લોટ, દહીં નો ફેસ પેક બનાવીને લગાવીએ છીએ. અને અત્યારે જો લોકપ્રિય બન્યું છે તે છે ચહેરા પર બરફ લગાવવો અથવા એક બાઉલ માં બરફ અને પાણી મિક્સ કરી ને ફેસને અંદર ૧૦-૧૫ મિનિટ મૂકવું. અને આનો ઉપયોગ મોટા ભાગની બોલિવૂડ ની અભિનેત્રીઓ પોતાના સ્કીન કેર રૂટિન માં કરે છે.

શું ખરેખર આઈસ વોટર ફેશિયલ આપણા ચહેરા માટે યોગ્ય છે? અથવા બરફ લગાવતી વખતે શું ધ્યાન રાખવું જોઈએ? આપણે જ્યારે બરફથી ફેસ પર હળવા હાથે માલિશ કરીએ છીએ ત્યારે બરફ ખુલ્લા છિદ્રોને ઘટાડવામાં મદદરૂપ થાય છે. લોહીના પરિભ્રમણને સુધારીને ત્વચામાં કોલેજન બનાવવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે. ઘણી વાર બરફ લગાવવાથી ચહેરા પર બળતરા થાય છે અને તેનાથી ચહેરા પર લાલાશ પડી જાય છે, અને ફોલ્લીઓ ઉપસી આવે છે. આથી બરફને સુતરાઉ કપડાં માં લપેટીને મસાજ કરી શકાય છે. જો તમારા ફેસ પર ખીલની સમસ્યા છે તો ટાળવું જોઈએ કેમકે બરફ લગાવવાથી ત્વચા વધુ સંવેદનશીલ બની જાય છે અને ખીલ ની વધારે સમસ્યા થાય છે, જો તમે બરફ થી ચહેરા પર માલિશ કરો છો તો ૩૦ મિનિટ નો સમય લઈને આખા ચહેરા પર માલિશ કરી શકાય છે જેનાથી તમારો ફેસ વધારે ગ્લો કરે છે અને ત્વચા વધારે મુલાયમ બને છે, મેક અપ કરતા પહેલા જો આઈસ વોટર ફેશિયલ કરો છો તો મેક અપ વધારે સમય સુધી રહે છે અને રેસિસ થવાની શક્યતા રહેતી નથી અને તમારો ફેસ વધારે ગ્લો કરે છે. આઈસ વોટર ફેશિયલ એ એક પ્રમુખ સૌંદર્ય સોલ્યુશન છે જે આધુનિક જીવનશૈલીની વધુ કામગીરી અને તણાવ નિયંત્રણ ના અને મનોરંજન ની જિંદગીને જોવા માટે, આઈસ વોટર ફેશિયલ એ એક શાંતિપૂર્ણ અને આરામદાયક અનુભવ પ્રદાન કરે છે. સાથે તે તમારી ત્વચાને સારી રીતે હર્બલ સામગ્રીઓથી પરિપૂર્ણ પોષણ પ્રદાન કરે છે. તે તમારા ચહેરા પર શાંતિ, ઉદારતા અને ચમક લાવે છે.



દાહોદ જિલ્લામાં ચુંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે આજ રોજ દાહોદ લોકસભાના લોકપ્રિય સાંસદ ઉમેદવાર શ્રી જશવંતસિંહ ભાભોર સાહેબ ના હસ્તે સિંગવડ સમાજ ઘર મુકામે.. લીમખેડા વિધાનસભાના સિંગવડ તાલુકાના ,તેમજ ફતેપુરા વિધાનસભાના સંજેલી તાલુકાના ,આમ આદમી પાર્ટી તેમજ B.T.P, કોંગ્રેસ પાર્ટી ના આગેવાનો કાર્યકર્તાઓએ રાષ્ટ્ર સેવાના સંકલ્પ સાથે ભારતીય જનતા પાર્ટીમાં 200 જેટલા કાર્યકર્તાઓ જોડાયા જેમનું ભારતીય જનતા પાર્ટી નો ખેસ પહેરાવી પાર્ટીમાં સ્વાગત કર્યું..... ચારેલ મોહનભાઈ લાલસીંગભાઇ(સંજેલી આમ આદમી પાર્ટી દાહોદ જિલ્લાના ઉપ પ્રમુખ) ૨.. ડામોર વિનોદભાઈ પારસીંગભાઈ (B.T.P કાર્યકર) ૩.. બારીયા મહર્ષિ શામજીભાઈ (કોંગ્રેસ કાર્યકર) ૪.. રજાત વીરસીંગભાઈ કાળુભાઈ (કોંગ્રેસ કાર્યકર) ૫.. ભેદી જેન્તીભાઈ વાલસીંગભાઇ (કોંગ્રેસ કાર્યકર) ૬.. ચારેલ કિશોરભાઈ ગલાલભાઈ (આપ કાર્યકર) ૭.. રાવત હિંમતભાઈ ચુનીલાલ (કોંગ્રેસ કાર્યકર) ૮.. તડવી સરદારભાઈ લલ્લુભાઈ (કોંગ્રેસ કાર્યકર.) તેમજ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ B.T.P કાર્યકર્તાઓ, કોંગ્રેસ પાર્ટીના કાર્યકર્તાઓ , 200 જેટલા કાર્યકર્તાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા.

## અરવલ્લી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત બીજા સર્વજ્ઞાતીય સમુહ લગ્નોત્સવ અંતર્ગત 108 દીકરીઓને ગાયત્રી મંદિર બાયડ ખાતે પાનેતર વિતરણ કરાયાં

**રાકેશ મહેતા | ધનસુરા**

અરવલ્લી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત બીજા સમૂહ લગ્નોત્સવ અંતર્ગત 108 દીકરીઓને ગાયત્રી મંદિર બાયડ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પાનેતર વિતરણ કરવામાં આવ્યા હતા અરવલ્લી ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત બીજા સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવના યોજાનાર કાર્યક્રમ અંતર્ગત ગુરૂવારના રોજ ગાયત્રી મંદિર બાયડ ખાતે સમૂહ લગ્નમાં ભાગ લેનાર 108 દીકરીઓને પાનેતર વિતરણનો કાર્યક્રમ અરવલ્લી ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અને બાયડ માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને પૂર્વ ધારાસભ્ય



નરેન્દ્રસિંહ ઝાલાના હસ્તે યોજાયો હતો. કાર્યક્રમમાં 108 દીકરીઓ અને તેમના વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મતદાન જાગૃતિના સેલ્ફી પોઈન્ટ દ્વારા જાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ

**દિપક રાવલ | દાહોદ**

લોકશાહીનો અવસર એટલે ચૂંટણી. સમગ્ર વિશ્વમાં ઉત્સવોના દેશ તરીકે ઓળખાતા ભારત દેશમાં ચૂંટણી પ્રક્રિયાને પણ ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. આ ઉત્સવમાં મત આપીને સહભાગી થવું, એ આપણા સૌની નૈતિક ફરજની સાથે એક લ્હાવો પણ છે. આજનો જાગૃત મતદાતા એ લોકતંત્રનો ભાગ્ય વિધાતા ગણાય છે. હાલમાં લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ની જાહેરાત થઇ ચૂકી છે. જે અન્વયે આગામી તા. ૭ મે, ૨૦૨૪ના રોજ થનારી લોકસભા સામાન્ય ચૂંટણીમાં દાહોદ જિલ્લામાં મહત્તમ મતદારો સહભાગી થાય તેવી આશય સાથે દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર સક્રિય પ્રયાસો દ્વારા મતદાન અંગે જાગૃતિની કવાયત હાથ ધરવામાં આવી છે.

દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાનને લઈ લોકોમાં વધુમાં વધુ જાગૃતતા કેળવાઈ તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી યોગેશ નિરગુડેના દિશા-નિર્દેશ મુજબ મતદાન જાગૃતિ લાવવાનો નવતર અને અનોખા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

“તા.૦૭ મેના રોજ અચૂક મતદાન કરે તથા “મતદાનથી વિશેષ કઈ નથી હું અવશ્ય મતદાન કરીશ” નો મતદાન કરવા માટે પ્રેરિત કરી મતદાન જાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવાનો આ પ્રયાસ ખરેખર સરાહનીય છે. ’હું મતદાર’ના સેલ્ફી પોઈન્ટ લગાવી લોકશાહીના અવસરની ઉજવણીમાં અનેક લોકો જોડાઈ રહ્યા છે. દાહોદ ખાતે મોટી સંખ્યામાં લોકો ‘હું મતદાન કરીશ’ના સેલ્ફી પોઈન્ટની મુલાકાત લઇ રહ્યા છે જેમાં જાગૃત નાગરીકો સેલ્ફી ફોટો પાડીને આવનાર લોકસભા ચૂંટણીમાં સહ પરિવાર અવશ્ય મતદાન કરવાનો સંકલ્પ લઈ અન્ય નાગરિકોને પણ મતદાન કરવા માટે અપીલ કરી રહ્યા છે . ‘દસ મિનિટ, દેશ માટે’ની નેમ સાથે દાહોદ જિલ્લાના મત વિસ્તારમાં જન-જન સુધી મતદાનનો સંદેશો પહોચડવા દાહોદ જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે. તેમજ સ્વીપ પ્રોગ્રામ અંતર્ગત મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને પણ વેગ આપવામાં આવી રહ્યો છે.ચૂંટણીમાં દરેક નાગરિકનો મત કીંમતી છે.ત્યારે ‘આવ્યો છે અવસર લોકશાહીનો, મતદાન ચૂકશો નહીં.’ના સૂત્રને યાદ રાખીને મતદાતાઓ આગામી ૭મી મેના રોજ અવશ્ય મત આપીને લોકશાહીને સશક્ત બનાવવામાં અમૂલ્ય યોગદાન આપે, તેવો જિલ્લા ચૂંટણી તંત્રનો અનુરોધ છે.



# આગ ઝરતી ગરમીમાં જો લૂ લાગવાથી બચવું હોય તો, આ ડ્રિન્કનું કરો સેવન





ઉનાળામાં આપણે આપણા શારીરિક સ્વાસ્થ્યનું જેટલું ધ્યાન રાખીએ છીએ તેટલું જ આપણી ત્વચાનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. તીવ્ર સૂર્યપ્રકાશ અને ગરમીના મોજાને કારણે ત્વચાને નુકસાન થઈ શકે છે. આવી સ્થિતિમાં, ત્વચાની સંભાળ રાખવા માટે પોતાને હાઈડ્રેટેડ રાખવું મહત્વપૂર્ણ છે. ઉનાળામાં પ્રખર તડકાને કારણે માત્ર સ્વાસ્થ્ય જ નહીં ત્વચાને લઈને પણ અનેક સમસ્યાઓ થઈ શકે છે. તીવ્ર સૂર્યપ્રકાશ અને ગરમીના તરંગોના સંપર્કમાં આવવાથી સ્વાસ્થ્યને ઘણું નુકસાન થઈ શકે છે, પરંતુ ત્વચાને થતા નુકસાનને પણ અવગણી શકાય નહીં. આવી સ્થિતિમાં, ઉનાળામાં ત્વચાની વધુ કાળજી લેવાની જરૂર છે. દરેક વ્યક્તિ જાણે છે કે ઉનાળાની ઋતુમાં શરીર અને ત્વચા બંનેને હાઈડ્રેટ રાખવું ખૂબ જ જરૂરી છે. આ ઋતુમાં ગરમ પવન અને સૂર્યપ્રકાશથી ત્વચા સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. ડાયટિશિયન મોહિની ડોંગરે કહે છે કે આવી સ્થિતિમાં તમારે તમારા આહારમાં હાઈડ્રેશન જાળવતા પીણાંનો સમાવેશ કરવો જ જોઈએ. આ તમને સ્વસ્થ રાખશે અને ત્વચા માટે પણ ખૂબ ફાયદાકારક રહેશે.

## લીંબુ પાણી

મોહિની ડોંગરે કહે છે કે મોટાભાગના લોકોને ઉનાળામાં લીંબુ પાણી પીવું ગમે છે. વિટામિન સીથી ભરપૂર લીંબુ સ્વાસ્થ્ય માટે રામબાણ ગણાય છે. તે સ્વાસ્થ્ય અને ત્વચા માટે પણ ખૂબ જ ફાયદાકારક છે. તેમાં વિટામિન અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે ફ્રી રેડિકલ સામે લડવામાં મદદ કરે છે. આ સિવાય તેઓ ચહેરાની કરચલીઓ અને વૃદ્ધત્વની પ્રક્રિયાને ધીમી કરે છે.

## સત્તુ શરબત

સત્તુ શરબત પણ આ સિઝનમાં ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. સત્તુ શરબત પીવાથી પાચનમાં નોંધપાત્ર સુધારો થાય છે. તે તમને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓથી બચાવવાનો પ્રયાસ કરે છે. આને પીવાથી તમે એનર્જી તો રાખો છો જ સાથે સાથે તમારી કુદરતી ચમક પણ જાળવી રાખો છો.

## છાશ

નિષ્ણાતોના મતે ઉનાળામાં છાશ પણ મોટાભાગના લોકોનું પ્રિય પીણું છે. તેમાં લેક્ટિક એસિડ જોવા મળે છે, જે કુદરતી રીતે પ્રોબાયોટિક છે. તે ત્વચાને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે. છાશ પીવાથી ત્વચા મોઈશ્ચરાઈઝ્ડ અને ચમકદાર બને છે. ઉનાળાની ઋતુમાં તમારા આહારમાં છાશનો સમાવેશ અવશ્ય કરો.

## આમ પન્ના

આ મીઠી અને ખાટી પીણું બાળકોથી લઈને વયસ્કો સુધી દરેકને ગમે છે. તે ત્વચાને ઘણી રીતે ફાયદો કરવામાં પણ મદદ કરે છે. આ પીવાથી તમે ઝડપથી ડિહાઈડ્રેટ થઈ જાઓ છો. કેરી પન્નામાં વિટામિન એ અને સી, આયર્ન અને ફોલેટ્સ જેવા ઘણા પોષક તત્વો હોય છે, જે ત્વચાને સુધારે છે.



# ઉનાળામાં આંખોમાં બળતરા થઈ પાણી નિકળવા લાગે છે? તો અપનાવો આ ઘરેલુ ઉપચાર, થોડી જ મીનિટોમાં થઈ જશે ઠીક

વધુ પડતી ગરમી અથવા લાંબા સમય સુધી સૂર્યપ્રકાશના સંપર્કમાં રહેવાથી આંખો પર ગંભીર અસર થાય છે અને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે. જો તમે પણ વધતી ગરમીના કારણે વારંવાર આંખોમાં પાણી આવવાની સમસ્યાનો સામનો કરી રહ્યા છો, તો તમારે પણ તમારી આંખોની કાળજી લેવાની સખત જરૂર છે. ઉનાળાની ઋતુમાં આંખના ચેપનું જોખમ વધી જાય છે. આવી સ્થિતિમાં તમારી આંખોનું ધ્યાન રાખવું ખૂબ જ જરૂરી છે. ઉનાળામાં, ધૂળના નાના કણો હવામાં રહે છે, જે આપણી આંખોને નુકસાન પહોંચાડે છે. તે જ સમયે, ડિજિટલ યુગમાં મોબાઈલ અને લેપટોપનો ઉપયોગ પણ આંખોને નુકસાન પહોંચાડે છે. ગરમીની સાથે સાથે ગેજેટ્સ પણ આપણી આંખોને નુકસાન પહોંચાડે છે. તેના કારણે માથાનો દુખાવો, આંખોમાં બળતરા અથવા પાણીના નિકળવાની સમસ્યા થઈ શકે છે.

**પાણીના છાંટા |**
તમારા દિવસની શરૂઆતમાં જ આંખોમાં ઠંડા પાણીની છાલક મારી ધોઈને બરાબર સાફ કરો. આના કારણે, જમા થયેલો કચરો સાફ થઈ જાય છે અને આંખોના લુબ્રિકેશન માટે જવાબદાર ગ્રંથીઓ સક્રિય થઈ જાય છે.

**સૂર્યપ્રકાશના સીધા સંપર્કથી બચો |**
તીવ્ર સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવાથી આંખની સમસ્યાઓ પણ થઈ શકે છે. સૂર્યના યુવી કિરણોથી પણ આંખોમાં એલર્જી કે ઈન્ફેક્શન થવાનું જોખમ રહેલું છે. આવી સ્થિતિમાં સનગ્લાસ પહેરીને જ બહાર નીકળો.

**ગુલાબજળ અને કાકડી |**
આંખોને ઠંડક આપવા અને સાફ કરવા માટે, ગુલાબજળમાં પલાળેલા કોટન પેડને દરરોજ 10 મિનિટ માટે તમારી આંખો પર લગાવો, જેનાથી ડાર્ક સર્કલ થવાની શક્યતા ઘટી જાય છે. આ સિવાય કાકડીના ટુકડા પણ આંખોની ઉપર રાખો જેનાથી આંખોમાં બળતરા થતા બંધ થઈ જશે અને આંખોને ઠંડક મળશે.

**દિવસ દરમિયાન વધુ પાણી પી હાઈડ્રેટેડ રહો |**
તમારી આંખોને સ્વસ્થ રાખવા માટે, તમારી જાતને હાઈડ્રેટેડ રાખવી મહત્વપૂર્ણ છે. તમારે દિવસભર પૂરતું પાણી પીવું જોઈએ. સાથે જ રસદાર ફળો, હર્બલ ટી અને જ્યુસનું સેવન કરો..

**ક્લોરિનેટેડ પાણીથી બચો |**
ક્લોરિન એટલે કે સ્વિમિંગ પુલમાં જે પાણી હોય છે તેમાં ક્લોરિન એડ કરેલું હોય છે જે ઉનાળામાં આંખોને પણ નુકસાન પહોંચાડે છે. તેથી, ક્લોરિનના સંપર્કમાં આવવાથી તમારી આંખો પર સોજો આવવો, બળતરા અને ખંજવાળ આવવા લાગે છે ત્યારે સ્વિમિંગ ગોગલ્સ પહેરવાની સલાહ આપવામાં આવે છે.

**આરોગ્યપ્રદ ખોરાક |**
આહારમાં ફળો,શાકભાજીનો સમાવેશ કરો. ફળો, શાકભાજીમાં લ્યુટીન અને ઝેક્સાન્થિન જેવા રસાયણો હોય છે. હાજર એન્ટીઓક્સીડેન્ટ આંખના રોગો જેવા કે મોતિયા અને મેક્યુલર ડીજનરેશન સામે રક્ષણ આપે છે.

# ગોવા અને મહારાષ્ટ્રમાં ખૂબ પીવાતા કોકમના શરબતના છે અનેક ફાયદા



ગોવા અને મહારાષ્ટ્રમાં ખૂબ ગરમી પડી રહી છે અને ગુજરાતમાં પણ હવે અંગ દઝાડતી ગરમી ચાલુ થઈ રહી છે. આવી સ્થિતિમાં આ કાળઝાળ ગરમીથી બચવા માટે કોકમ શરબત ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. અહીં જાણો તેને બનાવવાની રીત અને તેને પીવાના ફાયદા વિશે. ગોવા અને મહારાષ્ટ્રમાં ખૂબ ગરમી પડી રહી છે અને ગુજરાતમાં પણ હવે અંગ દઝાડતી ગરમી ચાલુ થઈ રહી છે. આવી સ્થિતિમાં આ કાળઝાળ ગરમીથી બચવા માટે કોકમ શરબત ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. અહીં જાણો તેને બનાવવાની રીત અને તેને પીવાના ફાયદા વિશે.

## કોકમના ફાયદા

- કોકમમાં ઠંડકનો ગુણ હોય છે, તેથી તેને ઉનાળાની ઋતુમાં પીવા માટે સારું ફળ માનવામાં આવે છે. કોકમનું શરબત પીવાથી તમે તાજગી અને સ્ફુર્તિ અનુભવો છો. કોકમનું શરબત પીવાથી ડિહાઈડ્રેશન અટકાવવામાં મદદ મળે છે.
- આયુર્વેદ અનુસાર કોકમનો ઉપયોગ ઘાની સારવાર માટે થાય છે. કોકમના સ્વાસ્થ્ય લાભો આંતરડાની સમસ્યાઓ, કાનમાં ચેપ, ઘા, પીરિયડ્સમાં વિલંબ અને સોજો સંબંધિત સમસ્યાઓથી પીડાતા લોકો માટે તે સારું માનવામાં આવે છે.
- કોકમમાં કેલરી ઓછી હોય છે. તેના સ્વાસ્થ્ય લાભો શરીરમાં કોલેસ્ટ્રોલના લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. આ સાથે તે હૃદય રોગથી પીડિત લોકો માટે સારું છે. આ સિવાય આ ફળ વજન ઘટાડવામાં મદદ કરે છે.

## આ રીતે બનાવો શરબત

- તેને બનાવવા માટે કોકમને પાણીમાં સારી રીતે ધોઈ લો અને પછી તેને કાપીને તેના બીજ અલગ કરો. હવે તેનો પલ્પ અને બહારનો ભાગ પીસી લો. જ્યારે તે સારી રીતે બ્લેન્ડ થઈ જાય, ત્યારે તેને ગળણીથી ગાળી લો.
- હવે એક વાસણમાં ખાંડની ચાસણી તૈયાર કરો. ચાસણી થોડી જાડી હોવી જોઈએ. ચાસણી બનાવ્યા પછી તેને ઠંડુ કરો અને પછી તેમાં કોકમ મિક્સ કરો. બરાબર મિક્ષ થયા બાદ તેમાં જીરું પાવડર અને એલચી પાવડર ઉમેરો.
- હવે આ મિશ્રણને થોડીવાર માટે રેફ્રિજરેટરમાં રાખો. તે ઠંડુ થાય પછી એક ગ્લાસમાં એક કે બે ચમચી કોકમનું શરબત નાખો અને પછી એક ગ્લાસ પાણી અને બરફના ટુકડા ઉમેરી સર્વ કરો.

# આધુનિક ભારતમાં સોશિયલ મીડિયા અને ડેટિંગ એપ એક ભ્રામક જાળ

આધુનીક ભારતમાં યુવક યુવતીઓના હદથી વધારે મોર્ડન વિચારો એ ઘણીવાર એમને મુશ્કેલી મા મૂકી દેતા હોય છે.પાશ્ચાત્ય સંસ્કૃતિ ની સરખામણી ભારતીય સંસ્કૃતિ સાથે થવી અશક્ય છે એનું મુખ્ય કારણ કુટુંબ પ્રથા.. કુટુંબ સયુંકત માંથી વિભક્ત થયા છે છતાંય પ્રસંગો, તહેવારો,વગેરે બધા ભેગા મળી નેજ ઉજવે છે. મોટાભાગે એરેંજ મેરેજ ને પ્રાધાન્ય આપવામાં આવે છે એનું મુખ્ય કારણ દીકરી સાત પેઢી માં પરિવારની નજીક લગ્ન બાદ સાસરે જાય ત્યારે એનું પરિવાર ના સભ્યો દુઃખ,તકલીફ,બીમારીઓ વગેરે સમસ્યા માં ખ્યાલ રાખી શકાય. આજ થી લગભગ ચાલીશ વર્ષ પહેલાં ભારત માં આપણા ત્યાં કુટુંબ પ્રથા ના લીધે સામાજિક સમસ્યાઓ જેવી કે છૂટાછેડા થી લઈને અન્ય પારિવારિક સમસ્યા ઓછી થતી હતી એનું મુખ્ય કારણ ટેકનોલોજી ની એન્ટ્રી ભારત માં થઈ નહતી.લેન્ડ લાઈન ફોન ઘરે ઘરે હતા પરંતુ મોબાઈલ નું આગમન નહતું થયું.

મોબાઈલ નું આગમન થતાં મોબાઈલ સિમ્પલ માંથી સ્માર્ટ થયા, મતલબ ભારતીય માંથી પાશ્ચાત્ય બન્યા. આ કારણોસર યુવાન યુવતીઓમાં સ્માર્ટ ફોનનો ક્રેઝ વધ્યો ને વધારે માં વધારે મોબાઈલ એપ fb,insta,teligram, tinder,binbr, વગેરે વગેરે સોશિયલ મીડિયા ફોલો કરવા લાગ્યા. આ બધી એપ માં યુવતીઓની ફ્રેન્ડ ફોલોવિંગ મોટાભાગે યુવતીઓ કરતા યુવકો વધારે હોવાથી એ ખુદને વધારે મોર્ડન માનવા લાગે છે.નિયમિત ચેટિંગમાં " હાઈ બેબ,લુકિંગ



- રુપાલી દવે

સો બ્યુટી ફૂલ.અપ્સરા યા પરી..યોર આઈઝ સો સો ડીપ મતલબ મરજીવો પણ ખોવાઈ ને ફસાય જાયલીપ્સ મતલબ..બ્યુટી, તુને ભગવાન ને ફુરસત મે ઘડા હે."...વગેરે વગેરે ચિપ વખાણ માં મોટાભાગે દીકરીઓ ફસાઈ જશે. લીધે જે વ્યક્તિ ને જોઈ પણ ના હોય એવી વ્યક્તિ ની મોહ જાળ માં યુવતીઓ ફસાઈ જાય છે.આ મોહ જાળ માં ફસાયા બાદ એ એની આંખ પર ખુદ કાળી પટ્ટી બાંધી ને સાચું જોવાનું વિચારવાનું તદન બંધ કરી ને યુવક જે કહે એ જ વાત સાચી.અજાણ્યા યુવકની જાળ માં ફસાયા બાદ જીવન નું સ્વર્સવ ગુમાવી ને અજાણ્યા યુવક ની પાછળ બધું છોડી ને નાસી જાય છે

વર્તમાન સમયમાં યુવક યુવતીઓની સૌથી પસંદ ડેટિંગ એપ છે વર્ષ ૨૦૨૩ માં ૨૩.૯૬ બિલિયન એપ્સ યુવક યુવતીઓ એ ડાવુ ન લોડ કરી છે.ભારત માં વર્ષ ૨૦૨૩ માં ડેટિંગ એપ દ્વારા સૌથી વધારે આવક આવી છે ને ડેટિંગ એપ ના ઉપયોગ માં ભારત વિશ્વ મા ૨૫ માં સ્થાન પર છે.ડેટિંગ એપ બંબલ અને tencent એપ ભારતમાં સૌથી વધારે એપ સ્ટોર માંથી ડાવુંન લોડ થયું છે. ને વિશ્વ ની ડેટિંગ એપ માં કમાણી ના મામલે ચોથા પાંચમા સ્થાન પર છે. ઓનલાઈન ડેટિંગ ટ્રેન્ડ માં વધારો થયો છે આના લીધે છેતર પીંડી ના કેસ માં અધધ વધારો થયો છે. ઉદાહરણ લઈએ તો યુવક ને અન્ય ઓનલાઈન ડેટિંગ એપ માં યુવતીનો પિક પસંદ આવી જાય છે એની પ્રોફાઈલ પસંદ પડતાં એ એની સાથે ચેટ વાતચીત કરવા લાગે છે.યુવતી યુવક ની સાથે નિયમિત સેક્સ વગેરે ની વાત કરીને એને જાળ માં ફસાવવા સફળ થાય છે.વાતચીત માં ફસાઈને યુવક એની અમુક પર્સનલ વાત પણ યુવતી સાથે શેર કરવા લાગે છે જેવી કે પરિવાર બેંક,જોબ વગેરે.. અચાનક યુવતી અમુક રૂપિયા ઉધાર માગતા યુવક એ.ટી.એમ કે ડેબિટ કાર્ડ નંબર દ્વારા મદદ કરવા પ્રયત્ન કરે છે..પરંતુ આ મદદ ને મુલાકાત યુવતી સાથે ની છેલ્લી બની જાય છે.એનું કારણ યુવતી કાર્ડ નંબર દ્વારા બધું લૂંટી ને એપ માંથી ગાયબ થઈ જાય છે. ઘણા કિસ્સા માં યુવતીઓ યુવક ને પ્રેમ જાળ માં ફસાવ્યા બાદ ડિજિટલ ગિફ્ટ કાર્ડ મોકલે છે આવા કાર્ડ ભૂલ થી પણ સ્વીકારશો નહિ



ભારતીય યુવાનો tinder,bmble ડેટિંગ એપનો બહોળો ઉપયોગ કરે છે.tinder ડેટિંગ એપ એ હૈદરાબાદ માં સૌથી વધારે યુઝ થાય છે ને એ પછી બેંગલોર , ચેન્નાઇ નો ક્રમ આવે છે. અમદાવાદ માં છાશ વારે ડેટિંગ એપ દ્વારા હની ટ્રેપ માં યુવાનો,વૃધ્ધો,પ્રૌઢ ફસાઈ જાય એવા કિસ્સા આવ્યા કરે છે. તાજેતર માં બનેલા કિસ્સા માં એક trasjender એ યુવક ને ડેટિંગ એપ દ્વારા ફસાવી ને હોટેલ માં મળવા બોલાવ્યો ને એની પાસે થી મોટી લૂંટ ચલાવી હતી.જ્યારે ઓનલાઈન ડેટિંગ એપ નો ઉપયોગ કરો છો ત્યારે ખાસ સાવચેત રહેવા ની જરૂર છે.


સોશિયલ મીડિયા કે ડેટિંગ એપ દ્વારા અજાણ્યા શખ્સની પ્રેમ જાળમાં ફસાતી ૧૦૦ માંથી માત્ર અમુક યુવતીઓ વિચર્યા વગર ઘર છોડ્યા બાદ સુરક્ષિત સલામત જીવન બસર કરતી હોય છે મોટાભાગ ની યુવતીઓનો ઈસ્તમાલ એને પ્રેમ જાળ માં ફસવનાર યુવક માટે કમાણી છે. હાલ માજ એક કિસ્સો સમાજની આંખ કાન ખોલી નાખે એવી ઘટના ન્યુઝ ચેનલો દ્વારા પ્રસારિત થયો હતા. સોશિયલ મીડિયા માં લગભગ ત્રણ વર્ષ થી યુવતી એક યુવક સાથે નિયમિત ચેટ કરતી હતી. યુવતી હિન્દુ હતી એટલે યુવક એ પોતાને હિન્દુ છે એવું પ્રસ્થાપિત કરવા ગળા મા રુદ્રાક્ષ,હાથ માં કડુ,મંદિર આગળ ઉભો હોય વગેરે માં પિક યુવતીને મોકલતો હતો. ત્રણ વર્ષ સતત ચેટ કર્યા યુવતીને એ યુવક પર પૂરેપૂરો ભરોસો બેસી ગયો.યુવક ગુજરાત નો નહતો એટલે એક વખત એણે યુવતી ને ડેટ માટે પ્રસ્તાવ મૂકતાં કહ્યું કે તું કહે ત્યારે તને મળવા આવુ. યુવતી ને એના પર પૂરેપૂરો ભરોસો બેસી ગયો હતો એટલે ડેટ ની તારીખ નક્કી કરી ને પૂરી તૈયારી સાથે યુવક નક્કી કરેલા સ્થળ પર મળવા આવ્યો.

ભવિષ્ય થી તદન અજાણ યુવતી પ્રેમ જાળ માં એટલી ફસાઈ ચૂકી હતી કે અજાણ્યા યુવક ને મળવા જતા પહેલા પરિવાર ને એના પ્રેમ પ્રકરણ વિશે કહેવાનું ઉચિત ના સમજ્યું. એ ઘર માંથી કાયમ માટે યુવક સાથે ઘર વસાવવા નીકળી હતી એટલે દાગીના,અમુક રોકડ ને બે જોડી કપડાં ફ્રેન્ડ ને ત્યાં રાત રોકવવા નું બાહનું આપી નીકળી ગઈ માબાપ એ દીકરીની ખૂબ શોધ કરી છતાંય મળી નહિ,એનું સાઈબર ક્રાઈમ દ્વારા સોશિયલ મીડિયા એકાઉન્ટ ચેક કરતા જે યુવક ને એ હિન્દુ માનતી હતી એ યુવક હિન્દુ નહતો..અત્યારે એ ગમે ત્યાં હશે એ એની ભૂલના લીધે અચૂક પસ્તાઈ રહી હશે..પરંતુ બંદૂક માંથી છૂટેલી ગોળી પાછી ફરતી નથી એમજ એક વાર કલંક નો ટિકો લાગ્યા બાદ યુવતીઓ નસીબ માની જીવન બસર ગમે તે હાલત માં કરી નાખતી હોય છે..

મિત્રો,લાઈફ તમારી છે ને એનો નિર્ણય તમારો જ છે પરંતુ સરળતા થી ચાલતી ખૂબ સુરત લાઈફ ને અન્ય ના હાથ માં મૂકતાં કમ સે કમ અમુક દિવસ કલાકો અચૂક વિચારજો. ખુદ ને અજાણ્યા ના હવાલે કરતા પહેલા એ અજાણી વ્યક્તિ વિશે માહિતીઓ પ્રાપ્ત કરજો. સોશિયલ મીડિયા દ્વારા પ્રેમમાં પડનાર યુવક ની માહિતીઓ તમને ત્યાંથી જ મળી જશે..પ્રત્યેક અપરાધી એનો ગુનો છુપાવવા કંઈ ને કંઈ ભૂલ કરતો જ હોય છે.








# નિર્માતા આનંદ પંડિતની દીકરીની રિસેપ્શન પાર્ટી

આનંદ પંડિતે ગઈ કાલે એટલે કે 11મી એપ્રિલે દીકરી એશની રિસેપ્શન પાર્ટીનું આયોજન કર્યું હતું. રિસેપ્શન પાર્ટીનું આયોજન ગુજરાતમાં કરવામાં આવું હતું. શાહરુખનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. આનંદ પંડિતની પુત્રી એશ શાહરુખ સાથે સેલ્ફી લેતી જોવા મળી રહી છે. શાહરુખ સૂટમાં ડેશિંગ લાગે છે. શાહરુખ ખાન ઉપરાંત મનોજ બાજપેયી, અદા શર્મા, તાપસી પન્નુ, અભિષેક બચ્ચન, મલ્લિકા શેરાવત, ઈમરાન હાશમી સહિત અન્ય ઘણા સ્ટાર્સ પાર્ટીમાં સામેલ થયા હતા.







## ડિરેક્ટરનું જીવનમાં પણ હોય છે અનેક સમસ્યા

### પંચમી ઘાવરીએ કહ્યું, 'કાસ્ટિંગના નામે લોકો સાથે થાય છે છેતરપિંડી, તેનું પોતાનું એકાઉન્ટ હેક થયું'

(એજન્સી) મુંબઇ | દરેક વ્યક્તિને ફિલ્મો જોવાનો શોખ હોય છે. પરંતુ બહુ ઓછા લોકો જાણે છે કે ફિલ્મોમાં દેખાતી દરેક વ્યક્તિને કાસ્ટ કરવામાં આવે છે. આ એક લાંબી પ્રોસેસ છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પ્રખ્યાત કાસ્ટિંગ ડિરેક્ટર પંચમી ઘાવરીએ કાસ્ટિંગ સંબંધિત કેટલાક ખાસ પાસાઓ વિશે સાથે વાત કરી. પંચમીએ 'મર્ડર મુબારક', 'ક્રૂ', 'કપૂર એન્ડ સન્સ' અને 'ગહરાઈયા' જેવા ઘણા મોટા પ્રોજેક્ટ્સમાં કાસ્ટિંગ કર્યું છે.

સૌ પ્રથમ, પંચમીએ કાસ્ટિંગ દ્વારા થઈ રહેલી છેતરપિંડીનો પર્દાફાશ કર્યો હતો. તેમણે કહ્યું કે સોશિયલ મીડિયા પર કાસ્ટિંગના નામે છેતરપિંડી કરવામાં આવે છે. સ્ટ્રગલ કરતા કલાકારો પાસે મોટી રકમ માગવામાં આવે છે. પંચમી ઘાવરીનું સોશિયલ મીડિયા પર કાસ્ટિંગ સંબંધિત પેજ છે. છેતરપિંડીની ઘટના જણાવતી વખતે પંચમીએ જણાવ્યું કે તેનું ઈન્સ્ટા એકાઉન્ટ હેક થઈ ગયું છે. હેકર તેના એકાઉન્ટમાંથી કલાકારોને મેસેજ મોકલીને કાસ્ટિંગના નામે પૈસા પડાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો. કાસ્ટિંગ સંબંધિત છેતરપિંડી મોટાભાગે નવા શહેરોમાંથી આવતા લોકો સાથે થાય છે. કારણ કે તેઓ તેની પ્રોસેસથી વાકેફ નથી.

પોતાને કાસ્ટિંગ ડિરેક્ટર ગણાવતા કેટલાક લોકો સ્ટ્રગલ કરી રહેલા કલાકારોને ધમકી આપે છે કે તેઓ તમને ઉદ્યોગમાંથી બ્લેક-લિસ્ટ કરી દેશે. આ વાતનો ખુલાસો કરતાં પંચમીએ કહ્યું કે આ એક મોટી ગેરસમજ છે. જે લોકો તમને આ રીતે વારંવાર ધમકી આપે છે. તે અસલી કાસ્ટિંગ ડિરેક્ટર નથી. તેમના હાથમાં કશું જ નથી. પંચમી કહે છે કે કોઈ તમને બ્લેકલિસ્ટ કરી શકે નહીં.

## Korean Singerનું 30 વર્ષે થયું મોત, દોસ્તો સાથેની પાર્ટીમાં અચાનક પડી ગયા

(એજન્સી) મુંબઇ | કોરિયન ઈન્ડસ્ટ્રીમાંથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. પ્રખ્યાત કે-પોપ સિંગર પાર્ક બો રામે 30 વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે. ગાયકના મૃત્યુની માહિતી તેમની એજન્સી XANADU એન્ટરટેઈનમેન્ટ દ્વારા આપવામાં આવી છે.




એજન્સીએ એક નિવેદન જારી કરીને કહ્યું કે સિંગર પાર્ક બો રામનું 11 એપ્રિલની મોડી સાંજે અચાનક અવસાન થયું. આ સમાચાર આવતા જ મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે સિંગર પાર્ક બો રામના મોત પાછળનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી. નામ્યાંગજુ પોલીસ સ્ટેશને એક રિપોર્ટ જાહેર કર્યો, જેમાં જણાવાયું હતું કે બો રામ જ્યારે મૃત્યુ પામ્યો ત્યારે મિત્રો સાથે દારૂ પીતો હતો. હાલ પોલીસ બો રામના મૃત્યુના કારણોની તપાસ કરી રહી છે.

બીજી તરફ, ગાયકના મૃત્યુ પછી તેમની એજન્સી XANADU એન્ટરટેઈનમેન્ટે શુક્રવારે, 12 એપ્રિલના રોજ કોરિયામાં તેમના મૃત્યુની પુષ્ટિ કરતું નિવેદન જારી કર્યું. નિવેદનમાં લખ્યું છે કે, 'પાર્ક બો રામ 11 એપ્રિલની મોડી સાંજે અચાનક અમને છોડીને ચાલ્યા ગયા. તેમના ચાહકોને આ અચાનક દુઃખદ સમાચારની જાણ થતાં અમારું હૃદય તૂટી ગયું છે. ગાયકના પરિવાર સાથે વાત કર્યા બાદ તેમના અંતિમ સંસ્કાર અંગેની માહિતી શેર કરવામાં આવશે.

## વીર પહાડિયા સ્ટારરર સ્કાય ફોર્સમાં કોચના રોલમાં જોવા મળશે, સારા-નિમરતનો પણ મહત્ત્વનો રોલ

(એજન્સી) મુંબઇ | અક્ષય કુમારની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' હાલમાં જ રિલીઝ થઇ છે. આ વચ્ચે હવે સાંભળવા મળી રહ્યું છે કે એક્ટર ટૂંક સમયમાં વીર પહાડિયાની ડેબ્યૂ ફિલ્મ 'સ્કાય ફોર્સ'નું શૂટિંગ શરૂ કરશે. ફિલ્મમાં વીર એરફોર્સ ઓફિસરની ભૂમિકા ભજવશે. અક્ષય આ ફિલ્મમાં કેમિયો રોલ કરશે. આ ફિલ્મમાં તે વીરના કોચની ભૂમિકામાં જોવા મળશે. રિપોર્ટ્સનું માનવામાં આવે તો અક્ષય ફિલ્મના 10 દિવસના શૂટ માટે મેકર્સ પાસેથી 50 કરોડ રૂપિયા વસૂલ કરી રહ્યો છે. આ ફિલ્મની વાર્તા 1965ના ભારત-પાકિસ્તાન યુદ્ધની આસપાસ વણાયેલી છે. નિર્માતાઓનો દાવો છે કે ત્યારપછી ભારતે પાકિસ્તાન પર પ્રથમ હવાઈ હુમલો કર્યો હતો. આ ફિલ્મમાં અક્ષય અને વીર ઉપરાંત સારા અલી ખાન અને નિમરત કૌર પણ જોવા મળશે. આ ફિલ્મ આ વર્ષે 2 ઓક્ટોબરે રિલીઝ થઈ શકે છે. મેકર્સે ગયા વર્ષે 2 ઓક્ટોબરે ગાંધી-શાસ્ત્રી જયંતિ પર આ ફિલ્મનું ટીઝર શેર કર્યું હતું.



આ ફિલ્મમાં કામ કરતા પહેલાં વીર આસિસ્ટન્ટ ડાયરેક્ટર પણ હતો અને વરુણ ધવનની ફિલ્મ 'ભેડિયા'માં વરુણની બૉડી ડબલ હતી. વીર મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી સુશીલ કુમાર શિંદેનો પૌત્ર છે. વીર થોડા વર્ષો પહેલાં સારા સારા અલી ખાનને ડેટ કરી ચૂક્યો છે. આ દિવસોમાં ચર્ચા છે કે તે જાહન્વી કપૂરની નાની બહેન ખુશી કપૂરને ડેટ કરી રહ્યો છે. જાહન્વી પોતે વીરના મોટા ભાઈ શિખર પહાડિયાને ડેટ કરી રહી છે.

## Oscars 2025: જાહેર થઇ એવોર્ડની તારીખ-સમય, જાણો ભારતમાં ક્યારે જોઇ શકાશે

મુંબઇ | દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત એકેડમી એવોર્ડ્સે હાલમાં જ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આવનારા વર્ષે આયોજિત થનારા 97મા એકેડમી એવોર્ડ્સની ટાઈમલાઈનની જાહેરાત કરી છે. તેને લઈને તમામની ઉત્સુકતા વધી છે. તેની સાથે એમ પણ કહેવાયું છે કે નોમિનેશન ક્યારે જાહેર કરાશે. આ વર્ષે 10 માર્ચે એકેડમી એવોર્ડનું આયોજન કરાયું હતું. આ પછી હવે આવતા વર્ષે થનારા એકેડમી એવોર્ડની ટાઈમલાઈનની જાહેરાત કરી દેવામાં આવી છે. એકેડમી એવોર્ડ્સે ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આવનારા વર્ષે આયોજિત થનારા એવોર્ડને લઈને એક પોસ્ટ શેયર કરી છે. તેમાં ટાઈમલાઈન જાહેર કરવામાં આવી છે. એકેડમી એવોર્ડ્સે કેપ્શનમાં લખ્યું કે તમારા કેલેન્ડરને માર્ક કરી લો. 97મો ઓસ્કર 2 માર્ચ 2025ના રોજ યોજાશે. નોમિનેશન 17 જાન્યુઆરી 2025ના રોજ જાહેર કરી દેવામાં આવશે. આ પોસ્ટ ઝડપથી વાયરલ થઈ રહી છે. ફેન્સ પણ પોતાની ઉત્સુકતા જાહેર કરી રહ્યા છે.

## અજય દેવગને 'મેદાન'માં દમદાર એક્ટિંગથી જીત્યું ફેન્સનું દિલ

મુંબઇ | અજય દેવગણની સ્પોટ્ર્સ ડ્રામા ફિલ્મ 'મેદાન'ની રીલિઝને લઈને લાંબા સમયથી ફેન્સ રાહ જોઈ રહ્યા હતા. આ ફિલ્મ ઈદના અનેક અવસરે થિયેટર્સમાં રીલીઝ થઈ અને તેને બોક્સ ઓફિસ પર અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફની બડે મિયાં છોટે મિયાં સાથે ક્લેશ પણ થયો. જો કે 'મેદાન'ને પણ દર્શકોનો સારો રિસ્પોન્સ મળ્યો છે અને તેની બોક્સ ઓફિસ પર શરૂઆત થઈ છે. તો જાણો ફિલ્મે રીલિઝના પહેલા દિવસે કેટલા કરોડ રૂપિયાનું કલેકશન કર્યું છે.



અજય દેવગણની 'મેદાન'ને ક્રિટિક્સ અને ઓડિયન્સનો પોઝિટિવ રિવ્યૂ મળ્યો છે. તમામ સેલેબ્સ અને દર્શકોએ પણ સોશિયલ મીડિયા પર આ ફિલ્મના વખાણ કર્યા છે. ફેમસ રાઈટર જાવેદ અખ્તરે પણ સોશિયલ મીડિયા પર ફિલ્મમાં અજયની એક્ટિંગના વખાણ કર્યા છે અને તેને મસ્ટ વોચ ગણાવી છે. તેની સાથે જ 'મેદાન'ના પહેલા દિવસે બોક્સ ઓફિસ પર તેનું પરફોર્મન્સ પણ શાનદાર રહ્યું છે. તો ફિલ્મની રીલીઝના પહેલા દિવસની કમાણીની શરૂઆતના આંકડા સામે આવ્યા છે. આ આંકડા અનુસાર ફિલ્મે 7.10 કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું છે.

## સલમાનની ફિલ્મ સિકંદર આવતાં વર્ષે ઈદ પર આવશે

મુંબઇ | સલમાન ખાન અને એ આર મુરગાદોસની આગામી ફિલ્મનું ટાઈટલ 'સિકંદર' રાખવામાં આવ્યું છે. આજે ઈદના દિવસે સલમાને કરેલી ઘોષણા અનુસાર આ ફિલ્મ આવતાં વર્ષની ઈદ વખતે રીલિઝ કરાશે. સલમાન એ. આર. મુરગાદોસની એક્શન ફિલ્મ કરી રહ્યો હોવાના અહેવાલો અગાઉથી જ ચર્ચાતા હતા. હવે આ ફિલ્મની સત્તાવાર જાહેરાત થઈ છે. સલમાને પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર ફિલ્મની જાહેરાત કરી હતી. બોક્સ ઓફિસમાં વિતેલાં વર્ષોમાં ઈદ વખતે સલમાનની મોટી ફિલ્મો રીલિઝ થતી હોય તેવું બનતું હતું. તેની 'દબંગ', 'એક થા ટાઈગર', 'કિક', 'બજરંગી ભાઈજાન' અને 'સુલતાન' સહિતની ફિલ્મો ઈદ પર રીલિઝ થઈ રહી છે અને સફળ રહી છે. ઈદનો તહેવાર હોય એ નિમિત્તે સલમાનની ફિલ્મ રીલિઝ થાય તેવો જાણે કે એક ધારો પડી ગયો હતો. આ વખતે ઈદના તહેવાર નિમિત્તે સલમાનની ફિલ્મની ગેરહાજરી બોક્સ ઓફિસ પર વર્તાઈ છે. પરંતુ, સલમાને આ ફિલ્મ આવતી ઈદ પર જાહેર કરવાની ઘોષણા કરી તેના ચાહકોને ખુશ કરી દીધા હતા.

## નોરા ફતેહીએ કપલ્સના લગ્ન પર સાધ્યું નિશાન



(એજન્સી) મુંબઇ | નોરા ફતેહીએ હાલમાં જ એક ઈન્ટરવ્યૂમાં બોલિવૂડના લગ્નો પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે અહીં લોકો માત્ર પૈસા અને પ્રસિદ્ધિ માટે લગ્ન કરે છે. આ લોકો વચ્ચે પ્રેમ બિલકુલ નથી હોતો.

નોરાએ હાલમાં જ રણવીર અલ્હાબાદી સાથે તેના પોડકાસ્ટમાં બોલિવૂડના લગ્નો પર વાત કરી હતી. તેમણે કહ્યું કે આ લોકો માત્ર પોતાના હેતુ માટે જ સાથે રહે છે. આ લોકો ખૂબ જ ગણતરીબાજ હોય છે. આવી સ્થિતિમાં લોકો તેમના પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને ભેગી કરે છે અને તેથી હતાશ અને આત્મહત્યાનો અનુભવ કરે છે.

નોરાએ વધુમાં કહ્યું- આ લોકો ફેમસ થવા માટે એકબીજાનો ઉપયોગ કરે છે. પરંતુ આવા લોકો ઈચ્છે તો પણ મારી સાથે કંઈ કરી શકતા નથી. આ જ કારણ છે કે કોઈ મને હેંગઆઉટ કરતા કે કોઈ છોકરાને ડેટ કરતા જોઈ શકતું નથી.

હું જાણું છું કે શું ચાલી રહ્યું છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લોકો પ્રભાવ માટે લગ્ન કરે છે. આ લોકો એવા લોકો સાથે લગ્ન કરવા માગે છે જેમની ફિલ્મો રિલીઝ થઈ રહી છે અને બોક્સ ઓફિસ પર સારી કમાણી કરી રહી છે.

### એક્ટ્રેસે કહ્યું, 'તેમના વચ્ચે સાચો પ્રેમ હોતો નથી, ફક્ત પૈસા અને ચહેરા માટે જ લગ્ન કરે છે'

### પૈસા, ચહેરા અને સત્તા માટે લોકો પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે'

તેમણે વધુમાં કહ્યું કે આજે લોકો પ્રસિદ્ધિ, પૈસા અને સત્તા માટે પોતાનું જીવન બરબાદ કરી રહ્યા છે. તમે જેને પ્રેમ પણ નથી કરતા તેની સાથે લગ્ન કરવા અને પછી તેની સાથે વર્ષો સુધી રહેવાથી વધુ ખરાબ કંઈ નથી.

નોરાએ કહ્યું- અમારી ઈન્ડસ્ટ્રીના મોટાભાગના લોકો આ બકવાસ કરી રહ્યા છે. તેમને આ અંગે કોઈ ખ્યાલ પણ નથી. આ લોકો લગ્નને પ્લાનની જેમ જોઈ રહ્યા છે. તેણે પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વચ્ચે ભેદ કરવાનું બંધ કરી દીધું છે. આ કારણે તેઓ ખુશ પણ નથી.

નોરાએ કહ્યું કે તે પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વચ્ચેનો તફાવત જાણે છે, તેથી તે આ બાબતોથી દૂર રહે છે.

### ટાઈટલ પણ નક્કી કરી લેવામાં આવ્યું હતું, પરંતુ એક્ટ્રેસ હોલિવૂડમાં જતી રહી અને ફિલ્મ ન બની

## બોની કપૂર પ્રિયંકા-દિલજીત સાથે ફિલ્મ બનાવવા ઇચ્છતા હતાં



(એજન્સી) મુંબઇ | બોની કપૂર દિલજીત દોસાંજ અને પ્રિયંકા ચોપરા સાથે ફિલ્મ બનાવવાની તૈયારી કરી રહ્યા હતા. પરંતુ ત્યારબાદ પ્રિયંકાએ બોલિવૂડ ફિલ્મોથી દૂરી બનાવી અને હોલિવૂડની ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કરી દીધું. જેના કારણે બોની કપૂરની ફિલ્મ બનતા પહેલાં જ અટકી ગઈ હતી.

કનેક્ટ એફએમ કેનેડા સાથેની મુલાકાતમાં બોનીએ દિલજીત વિશે વાત કરી હતી. તેણે કહ્યું- તે (દિલજીત) હંમેશા સારો એક્ટર રહ્યો છે. ઘણા સમય પહેલાં મેં તેની અને પ્રિયંકા ચોપરા સાથે ફિલ્મ બનાવવાની યોજના બનાવી હતી. એ ફિલ્મનું નામ 'સરદાર'ની રાખવાનું હતું. ત્યારબાદ પ્રિયંકાને અમેરિકન ટીવી સિરીઝ ક્વોન્ટિકોની ઓફર મળી. તેમણે અમને થોડો સમય રાહ જોવા કહ્યું. બોનીએ જણાવ્યું કે આ પછી પણ પ્રિયંકાએ તે ઓફર સ્વીકારી લીધી હતી. આ કારણે અમારે હાર સ્વીકારવી પડી. આ સિરીઝ કર્યા પછી તે ફસાઈ ગઈ હતી. સિરીઝમાં તેમનું કામ ખૂબ જ પસંદ કરવામાં આવ્યું હતું. સારી એક્ટિંગના આધારે તેને વધુ પ્રોજેક્ટ્સની ઓફર મળી. આ પછી તેમણે ત્યાં જ તેની કારકિર્દી શરૂ કરી. પરિણામે, અમારી ફિલ્મ સ્થગિત થઈ ગઈ.

બોનીએ જણાવ્યું કે જ્યારે તેણે પ્રિયંકા સાથે આ ફિલ્મ વિશે દિલજીત સાથે વાત કરી તો દિલજીત લગભગ આ ફિલ્મ માટે સહમત થઈ ગયો. દિલજીતના વખાણ કરતા તેણે કહ્યું- મેં તેની ઘણી પંજાબી ફિલ્મો જોઈ છે.'

તેમને કોમેડીની ખૂબ સારી સમજ છે અને તેની કોમિક ટાઈમિંગ પણ શાનદાર છે. તે એક સારો ગાયક પણ છે.

બોની કપૂરે થોડા સમય પહેલાં ફિલ્મ 'નો એન્ટ્રી 2'ની જાહેરાત કરી હતી. આ ફિલ્મમાં અર્જુન કપૂર અને વરુણ ધવનની સાથે દિલજીત દોસાંજને પણ કાસ્ટ કરવામાં આવ્યો છે. ફિલ્મ 'નો એન્ટ્રી'ના 20 વર્ષ પૂરા થવા પર તે 2025માં સિનેમાઘરોમાં રિલીઝ થશે.

બોની કપૂરે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે તેણે ત્રણેય સ્ટાર્સને કેમ કાસ્ટ કર્યા હતા. તેણે કહ્યું કે વરુણ અને અર્જુન ઘણા સારા મિત્રો છે. બંને વચ્ચે શાનદાર કેમેસ્ટ્રી સ્ક્રીન પર જોવા મળશે. તે જ સમયે, આજે દિલજીતની ઘણી મોટી ફેન ફોલોઈંગ છે. આ સંદર્ભમાં, ત્રણેયની ત્રણેય સ્ક્રીન પર અજાયબીઓ કરશે.

# કિંગ કોહલીએ દર્શકો સામે કાન પકડ્યા

## હાથ પણ જોડ્યા, વિરાટના કહેવાથી દર્શકોએ હાર્દિકને તાળીઓથી વધાવી લીધો; મેચ મોમેન્ટ્સ

(એજન્સી) મુંબઈ | તા 12

મુંબઈ ઈન્ડિયન્સે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 17મી સિઝનમાં સતત બીજી જીત મેળવી છે. ટીમે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે 197 રનનો ટાર્ગેટ માત્ર 15.3 ઓવરમાં પૂરો કરી લીધો હતો. બેંગલુરુના રીસ ટોપ્લીએ હવામાં કૂદીને ડાબા હાથથી ફ્લાઈંગ કેચ કરી લીધો. જ્યારે ગ્લેન મેક્સવેલે સૂર્યકુમાર યાદવ અને ઈશાન કિશનને જીવનદાન આપ્યું હતું, આ બંનેએ ફિફ્ટી ફટકારી હતી. વિરાટ કોહલીએ ફિલ્ડિંગ કરતી વખતે દર્શકોની તાળીઓથી હાર્દિક પંડ્યાને વધાવી લીધો હતો. 1. રજતે 2 સિક્સર ફટકારીને ફિફ્ટી ફટકારી અને બીજા જ બોલ પર આઉટ થઈ ગયો

RCBના રજત પાટીદારે IPLની 17મી સિઝનમાં પોતાની પ્રથમ ફિફ્ટી ફટકારી હતી. તેણે 25 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. તેણે જેરાલ્ડ કુટ્ઝી સામે 12મી ઓવરના પહેલા અને બીજા બોલ પર સતત બે છગ્ગા ફટકારીને તેની ફિફ્ટી પૂરી કરી. જો કે તે ત્રીજા બોલ પર જ આઉટ થઈ ગયો હતો. જસપ્રીત બુમરાહે ઈનિંગની 17મી ઓવરમાં સતત 2 વિકેટ લઈને RCBને બેકફૂટ પર ધકેલી દીધું હતું. તેણે ચોથા બોલ પર ફાફ ડુ પ્લેસિસને કેચ આઉટ કરાવ્યો, પછી પાંચમા બોલ પર મહિપાલ લોમરોરને LBW પણ કર્યો. લોમરોરે રિવ્યુ લીધો પણ તે બચી શક્યો નહીં. બુમરાહે મેચમાં કુલ 5 વિકેટ લીધી હતી. જસપ્રીત બુમરાહે 17મી ઓવરના ચોથા અને પાંચમા બોલ પર 2 વિકેટ લીધી હતી. RCBના ગ્લેન મેક્સવેલે પણ સૂર્યકુમાર યાદવનો કેચ છોડીને જીવનદાન આપ્યું હતું. તે સમયે સૂર્યકુમાર 15 રન પર રમી રહ્યો હતો. સૂર્યા ફરીથી 19 બોલમાં 52 રન બનાવીને આઉટ થયો હતો. 11મી ઓવરના ચોથા બોલ પર સૂર્યાએ કટ શોટ રમ્યો, બોલ ઝડપથી બેકવર્ડ પોઈન્ટની દિશામાં ગયો. અહીં ઊભા રહીને મેક્સવેલે હાથ લંબાવ્યો પણ બોલ તેના હાથથી ચૂકી ગયો. આ બોલ પર સૂર્યાને 2 રન મળ્યા હતા.ત્રીજી ઓવરના બીજા બોલ પર જ ઈશાન કિશનને જીવનદાન મળ્યું હતું. મેક્સવેલે રીસ ટોપ્લીના ફુલ લેન્થ બોલ પર સ્લિપમાં ઈશાનનો કેચ છોડ્યો હતો. જીવનદાન સમયે ઈશાન 12 રન બનાવીને રમી રહ્યો હતો. આ બોલ પર ઈશાને ચોગ્ગો ફટકાર્યો હતો. ઈશાને જીવનદાનનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો અને મુંબઈ સૂર્યાએ એવો ઝડપી શોટ માર્યો હતો કે મેક્સવેલને તેના હાથમાં ઈજા થઈ હતી. સૂર્યાએ ફરીથી જીવનદાનનો લાભ લીધો અને તે જ ઓવરમાં આકાશ દીપ સામે વધુ 2 છગ્ગા ફટકાર્યા.RCBના પેસર રીસ ટોપ્લીએ ડાબા હાથથી એક શાનદાર ફ્લાઈંગ કેચ કરી લીધો. 12મી ઓવરના બીજા બોલે વિલ જેક્સે લેગ સ્ટમ્પ પર ફુલ લેન્થ ફેંક્યો, રોહિત શર્માએ સ્વિપ શોટ રમ્યો. બોલ ફાઈન લેગ તરફ ગયો, અહીં શોર્ટ ફાઈન લેગ પર ઊભેલો ટોપ્લી તેની ડાબી બાજુએ હવામાં કૂદ્યો અને એક હાથે એક શાનદાર કેચ ઝડપી લીધો. રોહિતને 24 બોલમાં 38 રનના સ્કોર પર પેવેલિયન પરત ફરવું પડ્યું હતું.રીસ ટોપ્લીએ રોહિત શર્માને શોર્ટ ફાઈન લેગ પોઝિશન પર કેચ આઉટ કરીને પેવેલિયન મોકલ્યો હતો. પૂર્વ કેપ્ટન રોહિતના આઉટ થયા બાદ હાર્દિક પંડ્યા 12મી ઓવરમાં બેટિંગ કરવા આવ્યો હતો. વિલ જેક્સે ઓફ સ્ટમ્પ પર ફુલ લેન્થ બોલ ફેંક્યો, હાર્દિકે લોંગ ઓન તરફ પહેલા જ બોલ પર સિક્સર ફટકારી. ત્યારબાદ હાર્દિકે 16મી ઓવરના ત્રીજા બોલ પર સિક્સર ફટકારીને ટીમને જીત અપાવી હતી. હાર્દિકે માત્ર 6 બોલમાં 21 રન બનાવ્યા હતા.




## મુંબઈએ 15.3 ઓવરમાં 197 રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો



(એજન્સી) મુંબઈ | તા 12

ઈશાન અને સૂર્યાની તાબડતોડ ફિફ્ટી; આ સિઝનમાં બેંગલુરુ પાંચમી મેચ હાર્યું ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ની 17મી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે સતત હતી. ટીમે RCB સામે 197 રનનો મોટો ટાર્ગેટ માત્ર 15.3 ઓવરમાં ચેઝ કરી લીધો હતો. સૂર્યકુમાર યાદવે 17 અને ઈશાન કિશને 23 બોલમાં ફિફ્ટી ફટકારી હતી જ્યારે જસપ્રીત બુમરાહે 5 વિકેટ ઝડપી હતી. આ સિઝનમાં RCBની આ પાંચમી હાર છે, ટીમ સતત ચોથી મેચ હારી હતી. વાનખેડે સ્ટેડિયમમાં ટૉસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા RCBએ 8 વિકેટના નુકસાન પર 196 રન બનાવ્યા હતા. દિનેશ કાર્તિક, ફાફ ડુ પ્લેસિસ અને રજત પાટીદારે અડધી સદી ફટકારી હતી. મુંબઈએ 197 રનનો ટાર્ગેટ માત્ર 3 વિકેટ ગુમાવીને ચેઝ કર્યો હતો. ઈશાન કિશને આ સિઝનમાં અડધી સદી ફટકારી છે. તેણે 23 બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. તેણે રોહિત શર્મા સાથે અડધી સદીની ભાગીદારી પણ કરી છે. અને ઈશાન કિશનની ઓપનિંગ જોડીએ 23 રન બનાવ્યા હતા. બન્ને ઓપનર્સે સિરાજની આ ઓવરમાં 4 બાઉન્ડરી ફટકારી હતી. આ ઓવર પછી મુંબઈનો સ્કોર 50 રનને પાર કરી ગયો. ટીમે 5 ઓવરમાં વિના નુકશાન 55 રન બનાવી લીધા છે.



# સંજુ સેમસન પર 12 લાખનો દંડ

(એજન્સી) જયપુર | તા 12

રાજસ્થાન રોયલ્સ (RR)ના કેપ્ટન સંજુ સેમસનને 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. બુધવારે જયપુરમાં ગુજરાત ટાઈટન્સ (GT) સામેની મેચમાં સ્લો ઓવર રેટ માટે સંજુને દંડ ફટકારવામાં આવ્યો હતો. ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)એ બુધવારે આ જાણકારી આપી. IPLની 17મી સિઝનમાં બુધવારે રાજસ્થાન રોયલ્સનો આ સિઝનનો પ્રથમ પરાજય થયો હતો.

ટૉસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાને 20 ઓવરમાં 3 વિકેટે 196 રન બનાવ્યા હતા. ગુજરાતે 197 રનનો ટાર્ગેટ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. 20મી ઓવરમાં ગુજરાત જીત્યું, આ ઓવરમાં માત્ર 4 ખેલાડી બાઉન્ડરી પર હતા ગુજરાતને 20મી ઓવરમાં જીતવા માટે 15 રનની જરૂર હતી. રાજસ્થાનની ટીમ નિર્ધારિત સમયે ઓવર પૂરી કરવાથી 5 મિનિટ પાછળ રહી ગઈ હતી. જેના કારણે છેલ્લી ઓવરમાં સંજુ 5ને બદલે માત્ર 4 ખેલાડીઓને જ બાઉન્ડરી પર મોકલી શક્યો હતો. GTનો રાશિદ ખાને 3 ચોગ્ગા ફટકારીને ટીમને જીત તરફ દોરી હતી. IPL અધિકારીઓએ કહ્યું કે આ સિઝનમાં રાજસ્થાનની ટીમની આ પહેલી ભૂલ હતી,

તેથી IPLની આચાર સંહિતા અનુસાર ન્યૂનતમ સજા આપવામાં આવી છે. પંતને 24 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો દિલ્હી કેપિટલ્સ (DC)ના કેપ્ટન રિષભ પંતને સતત બે મેચમાં સ્લો ઓવર રેટિંગ માટે દંડ ફટકારવામાં આવ્યો છે. IPLની 16મી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે પંતને 24 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આટલું જ નહીં, પંત ઉપરાંત દિલ્હી કેપિટલ્સના ઈમ્પેક્ટ પ્લેયર સહિત પ્લેઈંગ-11માં સામેલ ખેલાડીઓ પર મેચ ફીના 25%નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ પહેલા ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) સામેની છેલ્લી મેચમાં પણ તે સ્લો ઓવર રેટ માટે દોષી સાબિત થયો હતો, પરંતુ સિઝનની પહેલી ભૂલ હોવાથી 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## UEFA ચેમ્પિયન્સ લીગ ક્વાર્ટર ફાઈનલ્સ.. ફર્સ્ટ લેગ:બાર્સેલોનાએ PSGને હરાવ્યું

(બાર્સેલોન) | તા 12

બાર્સેલોનાએ UCL (UEFA ચેમ્પિયન્સ લીગ) ક્વાર્ટર ફાઈનલની ત્રીજી મેચમાં PSGને 3-2થી હરાવ્યું હતું. એફસી બાર્સેલોના માટે વિંગર રાફિન્હાએ 2 ગોલ કર્યા હતા. જ્યારે ત્રીજો ગોલ ડિફેન્ડર એન્ડ્રેસ ક્રિશ્ચિયનસને કર્યો હતો. PSG તરફથી ઓસમાન ડેમ્બેલે અને વિતિન્હાએ ગોલ કર્યા હતા. બુધવારે મોડી રાત્રે બે ક્વાર્ટર ફાઈનલ મેચ રમાઈ હતી. પેરિસમાં સ્પેનિશ ક્લબ બાર્સેલોના અને ફ્રેન્ચ ક્લબ PSG વચ્ચે મેચ રમાઈ. તો, બીજી મેચ મેડ્રિડમાં સ્પેનિશ ક્લબ



એટલેટિકો મેડ્રિડ અને જર્મન ક્લબ બોરુશિયા ડોર્ટમંડ વચ્ચે રમાઈ હતી. દિવસની બીજી મેચમાં એટલેટિકો મેડ્રિડે બોરુશિયા ડોર્ટમંડને 2-1થી હરાવ્યું હતું. આ પહેલાં મંગળવારે રિયલ મેડ્રિડમાં માન્ચેસ્ટર સિટી અને રિયલ મેડ્રિડ વચ્ચે રમાયેલી પ્રથમ મેચ અને લંડનમાં ઈંગ્લેન્ડની ક્લબ આર્સેનલ અને જર્મનીની ક્લબ બાયર્ન મ્યુનિચ વચ્ચે રમાયેલી બીજી મેચ ડ્રો રહી હતી.

## ભારે સંઘર્ષ બાદ સુમિત નાગલ હોલ્ગર રુને સામે આખરે હાર્યો

ભારતનો અનુભવી ખેલાડી સુમિત નાગલ ભારે સંઘર્ષ કર્યા બાદ વરસાદના વિઘ્નો વચ્ચે રમાયેલી મોન્ટે કાર્લો માસ્ટર્સ ટેનિસ ટૂર્નામેન્ટની મેચમાં સાતમા ક્રમાંકિત હોલ્ગર રુને સામે હાર્યો હતો. પ્રથમ સેટ જીતીને સનસનાટી મચાવનાર સુમિતે બે કલાક 11 મિનિટના સંઘર્ષ બાદ 3-6, 6-3, 2-6થી મુકાબલો ગુમાવ્યો હતો. સુમિત બીજા સેટમાં 1-2થી પાછળ હતો ત્યારે વરસાદના કારણે મેચ ફરીથી સ્થગિત કરવામાં આવી હતી અને પછીથી તેણે બીજો હોલ્ગર રુનેએ નિર્ણાયક સેટમાં તેની બે વખત સર્વિસ બ્રેક કરીને મેચ પોતાની તરફેણમાં કરી લીધી હતી. સુમિત મોન્ટે કાર્લો ટૂર્નામેન્ટના મુખ્ય ડ્રોમાં સ્થાન મેળવનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે.

# મુંબઈ ઈન્ડિયન્સે હાર્વિક દેસાઈનો સમાવેશ કર્યો

(એજન્સી) મુંબઈ | તા 12

મુંબઈ ઈન્ડિયન્સ (MI) અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) વચ્ચે IPL 2024ની 25મી મેચ પહેલાં એક મોટા સમાચાર સામે આવ્યા છે. મુંબઈ ઈન્ડિયન્સે એક ઈજાગ્રસ્ત ખેલાડીના સ્થાને ડોમેસ્ટિક ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનાર પ્લેયરને સ્થાન આપ્યું છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં સૌરાષ્ટ્ર તરફથી રમી રહેલા 24 વર્ષીય વિકેટકીપર બેટર હાર્વિક દેસાઈને મુંબઈ ઈન્ડિયન્સે બાકીની સિઝન માટે પોતાની ટીમમાં સામેલ કર્યો છે. વિષ્ણુ વિનોદના સ્થાને હાર્વિકનો સમાવેશ કર્યો છે. વિષ્ણુ વિનોદ ઈજાના કારણે સમગ્ર IPL 2024માંથી બહાર છે. IPLએ મીડિયા એડવાઈઝરી જારી કરી અને હાર્વિક દેસાઈના મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાવા અંગે માહિતી આપી છે.

તેમણે લખ્યું, 'વિકેટકીપર બેટર વિષ્ણુ વિનોદના હાથની ઈજાના કારણે TATA IPL 2024ની બાકીની મેચમાંથી બહાર થઈ ગયો છે. મુંબઈ ઈન્ડિયન્સે તેના સ્થાને સૌરાષ્ટ્રના વિકેટકીપર બેટર હાર્વિક દેસાઈને ટીમમાં સામેલ કર્યો છે. 24 વર્ષીય હાર્વિકે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી છે. તે ભારતની U19 ટીમનો ભાગ હતો જેમણે 2018માં વર્લ્ડ કપ જીત્યો હતો. હાર્વિક દેસાઈની કારકિર્દી... 24 વર્ષીય હાર્વિક દેસાઈ તાજેતરમાં યોજાયેલી રણજી ટ્રોફી 2024 રમ્યો હતો. તેણે 46 ફર્સ્ટ ક્લાસ મેચની 80 ઈનિંગ્સમાં 2658 રન બનાવ્યા છે.



# 2027નો વર્લ્ડ કપ દ. આફ્રિકામાં આઠ સ્થળોએ રમાશે

દક્ષિણ આફ્રિકાએ ICC વર્લ્ડ કપ 2027 માટે તેના આઠ સ્થળોની જાહેરાત કરી છે. ત્રણ દેશો દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા 2027માં ODI વર્લ્ડ કપની યજમાની કરશે. આ ટુર્નામેન્ટ ઓક્ટોબર અને નવેમ્બરમાં રમાશે. દક્ષિણ આફ્રિકામાં સ્થાનો હોસ્ટ કરવા માટે આઠ સ્ટેડિયમની પુષ્ટિ કરવામાં આવી છે. તેમાં જોહાનિસબર્ગમાં વાન્ડરર્સ, પ્રિટોરિયામાં સેન્ચ્યુરિયન પાર્ક, ડરબનમાં કિંગ્સમીડ, ગેકેબરહામાં સેન્ટ જ્યોર્જ પાર્ક, પાર્લમાં બોલેન્ડ પાર્ક અને કેપ ટાઉનમાં ન્યુલેન્ડ્સ મુખ્ય સ્થળનો સમાવેશ થશે.



## સ્થળની નજીક હોટેલ-એરપોર્ટ જરૂરી છે- CEO (CSA)

સ્થળ પસંદગી વિશે બોલતા, ક્રિકેટ સાઉથ આફ્રિકા (CSA)ના CEO ફોલેત્સી મોસેકીએ કહ્યું કે સ્થળની સાથે તેઓએ હોટલના રૂમ અને એરપોર્ટની ઉપલબ્ધતાને પણ ધ્યાનમાં લેવાની જરૂર છે. દક્ષિણ આફ્રિકાની મીડિયા સંસ્થા ન્યૂઝ 24 સાથે વાત કરતાં તેમણે કહ્યું કે, મેદાનની પસંદગીની પ્રક્રિયા વિચારપૂર્વક કરવામાં આવી છે. આમાં હોટલના રૂમની સંખ્યા અને એરપોર્ટની ઉપલબ્ધતા પણ સામેલ છે.

**નામિબિયાને પ્રથમ વખત તક મળી :** ઈતિહાસમાં આ બીજી વખત બનશે જ્યારે દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે ICC ODI વર્લ્ડ કપની યજમાની કરશે. આ પહેલા બંને દેશોએ 2003માં વર્લ્ડ કપનું આયોજન પણ કર્યું હતું. જો કે, આ પ્રથમ વખત બનશે જ્યારે નામિબિયાને ટુર્નામેન્ટની યજમાની કરવાની તક આપવામાં આવી છે.

**2027 ODI વર્લ્ડ કપ માટે ટીમ કેવી રીતે ક્વોલિફાય થશે? :** ICCએ 2027માં દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વેમાં યોજાનાર વર્લ્ડ કપ માટેની ક્વોલિફિકેશન અંગે સ્પષ્ટતા કરી છે. આ વર્લ્ડ કપમાં 14 ટીમ ભાગ લેશે. દક્ષિણ આફ્રિકા અને ઝિમ્બાબ્વે સીધા યજમાન દેશો તરીકે ક્વોલિફાય થશે. જ્યારે તે સમયે ODI વર્લ્ડ રેન્કિંગના આધારે 8 ટીમ ક્વોલિફાય થશે. જ્યારે ICCની ગ્લોબલ ક્વોલિફાયર ટુર્નામેન્ટ હેઠળ 4 ટીમની પસંદગી કરવામાં આવશે.

## પીવી સિંધુ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ચાઇનીઝ ખેલાડી હાન સામે હારી

ભારતની ઓલિમ્પિક મેડલ વિજેતા પીવી સિંધુનો બેડમિન્ટન એશિયન ચેમ્પિયનશિપની પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં છઠ્ઠી ક્રમાંકિત ચીનની હાન યૂએ સામે ભારે સંઘર્ષ કર્યા બાદ પરાજય થયો હતો. પેરિસ ઓલિમ્પિક પહેલાં ફોર્મ અને રિધમ હાંસલ કરવાની કવાયત કરી રહેલી હૈદરાબાદી ખેલાડીનો એક કલાક અને નવ મિનિટ સુધી રમાયેલા મુકાબલામાં 19-21, 21-13, 17-21થી થયો હતો. આ મુકાબલા પહેલાં ભારતીય ખેલાડીનો હાન યૂએ સામેનો રેકોર્ડ 5-0નો હતો. અન્ય ભારતીય ખેલાડીઓમાં તનીષા ક્રાસ્ટો અને અશ્વિની પોનપ્પાની વિમેન્સ ડબલ્સની જોડી પ્રી-ક્વાર્ટર ફાઈનલમાં જાપાનની નામી માતસુયામા તથા ચિહારુ શિડાની ત્રીજી ક્રમાંકિત જોડી સામે 17-21, 12-21ના સ્કોર સાથે હારી ગઈ હતી. આ ઈવેન્ટમાં મોટા ભાગના ભારતીય ખેલાડીઓનો પરાજય થયો છે.

## રોહિત શર્માએ દિનેશ કાર્તિકને સ્લેજ કર્યો

(એજન્સી) મુંબઈ | તા 12

દિનેશ કાર્તિકમાં શાનદાર ફોર્મ બતાવી રહ્યો છે. મુંબઈ ઈન્ડિયન્સ સામે રમાયેલી મેચમાં છઠ્ઠા નંબર પર બેટિંગ કરી રહેલા રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના વિકેટકીપર બેટસમેને 23 બોલમાં 53 રનની ઈનિંગ રમી હતી, જેમાં તેણે 5 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકાર્યા હતા. કાર્તિકની શાનદાર બેટિંગ જોઈને મુંબઈના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માએ વખાણ કર્યા



હતા.આ સ્લેજિંગનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે રોહિત શર્મા કહે છે, શાબાશ ડીકે, શાબાશ. દિનેશ કાર્તિક સાથે આ પહેલા પણ આવું બન્યું છે. IPLમાં શાનદાર પ્રદર્શન બાદ દિનેશ કાર્તિકને 2022 T20 વર્લ્ડ કપમાં પસંદ કરવામાં આવ્યો હતો. હવે તે જોવાનું રસપ્રદ રહેશે કે દિનેશ કાર્તિક 2024 ટી20 વર્લ્ડ કપ માટે પણ પસંદગીકારોને પ્રભાવિત કરવામાં સક્ષમ છે કે કેમ. આ વખતે T20 વર્લ્ડ કપ માટે ઘણા વિકેટકીપર બેટસમેન વચ્ચે સ્પર્ધા જોવા મળશે. હવે જોવાનું એ રહેશે કે પસંદગીકારો કયા વિકેટકીપરને તક આપે છે.

## રાફિન્હાના બે ગોલ વડે PSGને 3-2થી હરાવ્યું

બાર્સેલોના તરફથી વિંગર રાફિન્હાએ 37મી તથા 62મી મિનિટે ગોલ કર્યા હતા. ટીમનો ત્રીજો ગોલ આન્દ્રેસ ક્રિસ્ટિયનસેને 77મી મિનિટે નોંધાવ્યો હતો. પીએસજી માટે ઓસ્માને ડેમ્બેલે 48મી તથા વિટિન્હાએ 50મી મિનિટે ગોલ કર્યા હતા. બાર્સેલોનાએ મેચની આક્રમક શરૂઆત કરી હતી અને તેને સતત ગોલ કરવાની તક મળી હતી. જોકે પીએસજીએ પણ વારંવાર બાર્સેલોનાના ગોલપોસ્ટ ઉપર આક્રમણ કર્યું હતું પરંતુ પ્રથમ ગોલ બાર્સેલોના તરફથી રાફિન્હાએ નોંધાવ્યો હતો. બીજી હાફમાં પીએસજીએ પોતાની રમવાની સ્ટ્રેટેજી બદલી હતી અને એટેકિંગ શરૂઆત કરી હતી. 48મી મિનિટે ડેમ્બેલે સ્કોર 1-1થી સરભર કર્યો હતો. વિટિન્હાએ સ્કોરને 2-1નો કર્યો હતો.

## મેક્સવેલનું શરમજનક પ્રદર્શન, ફજેતી થઇ

(એજન્સી) મુંબઈ | તા 12

પરંતુ ગ્લેન મેક્સવેલ આરસીબી માટે સૌથી નબળી કડી સાબિત થઈ રહ્યો છે. મેક્સવેલ વર્તમાન સિઝનમાં 3, 4 અને 5 નંબર પર બેટિંગ કરવા આવે છે, પરંતુ તેનું બેટ દરેક વખતે શાંત રહ્યું છે. આ હકીકત તમને આશ્ચર્યચકિત કરી શકે છે કે મેક્સવેલે IPL 2024માં અત્યાર



સુધી 6 ઈનિંગ્સમાં માત્ર 32 રન બનાવ્યા છે, જેમાંથી તેનો સર્વોચ્ચ સ્કોર 28 રન છે જે તેણે KKR સામેની મેચમાં બનાવ્યો હતો. બોલરોને બનાવી રહ્યો છે. મેક્સવેલ વિશ્વના શ્રેષ્ઠ ફિલ્ડરોમાંનો એક છે મેક્સવેલની ઘણી ટીકા થઈ રહી છે કારણ કે તે ત્રણ વખત શૂન્યના સ્કોર પર આઉટ થઈ સામેની મેચમાં શૂન્ય પર આઉટ થયો છે. MI vs RCB મેચમાં તેણે શ્રેયસ ગોપાલના બોલ પર પોતાની વિકેટ ગુમાવી હતી. આઈપીએલ 2024 મેક્સવેલ માટે પણ ખરાબ રહ્યું કારણ કે તે ફિલ્ડિંગમાં સારો પરંતુ તેણે શરૂઆતની કેટલીક મેચોમાં 3 કેચ છોડ્યા છે.

## બુમરાહને મળી મોટી બમ્પર ઓફર



(એજન્સી) મુંબઈ | તા 12

જસપ્રીત બુમરાહને ફ્રેન્ચાઈઝી તરફથી ઓફર મળી છે, મુંબઈ ઈન્ડિયન્સના ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ પોતાના પ્રદર્શનના બળ પર ટીમને જીત તરફ લઈ જવાની ક્ષમતા ધરાવે છે. મિચેલ સ્ટાર્ક ભલે IPL ઈતિહાસનો સૌથી મોંઘો ખેલાડી રહ્યો હોય, પરંતુ જો બુમરાહ હરાજીમાં આવશે તો આ રેકોર્ડ એક જ ક્ષણમાં તુટી જશે.તેણે RCB સામે આર્થિક બોલિંગનું ઉદાહરણ રજૂ કર્યું, 4 ઓવરમાં 21 રન આપીને 5 વિકેટ લીધી. આ પંજા સાથે બુમરાહ પર્પલ કેપની રેસમાં આગળ નિકળી ગયો છે. આ એપિસોડમાં એક ફ્રેન્ચાઈઝીએ જસપ્રિત બુમરાહને બમ્પર ઓફર આપી છે. બૂમ-બૂમ કી બેટ-બોલ મુંબઈ ઈન્ડિયન્સના અનુભવી ખેલાડી જસપ્રિત બુમરાહને IPL 2024 દરમિયાન બમ્પર ઓફર મળી છે. આ ફ્રેન્ચાઈઝી જસપ્રીતને પોતાની ટીમમાં સામેલ કરવા માંગે છે. ખાસ વાત એ છે કે આ ઓફર ફ્રેન્ચાઈઝીના કેપ્ટન દ્વારા ખુલ્લેઆમ અને બધાની સામે આપવામાં આવી છે. આ ફ્રેન્ચાઈઝી બીજું કોઈ નહીં પણ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર જ છે.

# ભારત સામે માલદીવ્સ ઘૂંટણિયે:માલદીવ્સમાં ભારતીય ટૂરિસ્ટ માર્કેટ ધડામ

## હવે પ્રવાસીઓને આકર્ષવા માટે ભારતનાં જ શહેરોમાં રોડ શો કરશે

(એજન્સી) માલે | તા 12

ભારત અને મુઈઝ્ઝુ સરકાર વચ્ચે વિવાદ ચાલુ છે. આ દરમિયાન માલદીવ્સ ભારતીય પ્રવાસીઓને આકર્ષવા માટે ભારતનાં ઘણાં શહેરોમાં રોડ શોનું આયોજન કરશે. કયાં શહેરમાં અને ક્યારે રોડ શો યોજાશે એની માહિતી આપવામાં આવી નથી. માલદીવ્સ એસોસિયેશન ઓફ ટૂર એન્ડ ટ્રાવેલ ઓપરેટર્સ (MATATO)એ ગુરુવારે રાત્રે ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે મુલાકાત કરી બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા અંગે ચર્ચા કરી હતી.

હકીકતમાં જાન્યુઆરીથી માલદીવ્સની મુલાકાતે આવતા ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. તેનું કારણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કરવામાં આવેલી વાંધાજનક ટિપ્પણી છે. પીએમ મોદીએ 3 જાન્યુઆરીએ લક્ષદ્વીપની મુલાકાત લીધી હતી. ત્યાંની સુંદરતા સાથે જોડાયેલી તસવીરો શેર કરતા તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક સૌંદર્ય ઉપરાંત લક્ષદ્વીપની શાંતિ પણ મનમોહક છે. આ પછી લક્ષદ્વીપ અને માલદીવ્સ વચ્ચે સરખામણી થવા લાગી. તેના પર માલદીવ્સના કેટલાક મંત્રીઓએ પીએમ મોદી અને ભારત વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી.

### 7 જાન્યુઆરી પછી ભારત અને માલદીવ્સ વચ્ચે તણાવ વધ્યો

એસોસિયેશને આગળ કહ્યું- ભારતીય પ્રવાસીઓ માલદીવ્સના ટૂરિઝમ સેક્ટરની સફળતા માટે ખૂબ જ મુખ્ય છે. પ્રવાસીઓના કારણે માલદીવ્સમાં ગેસ્ટહાઉસ અને અન્ય સુવિધાઓ આપનાર મીડિયમ સ્કેલ બિઝનેસ આગળ વધી શકે છે. અમે વાતચીત અને એકબીજાની મદદ કરવાની ભાવનામાં વિશ્વાસ રાખીએ છીએ.



ન્યૂઝ ફ્લેશ

### કીમોથેરપી પછી તબીબે કહ્યું કે કેન્સર હતું જ નહીં

ટેક્સાસ | અમેરિકાના ટેક્સાસ ખાતે મૂંઝવણમાં મૂકતો કેસ સામે આવ્યો છે. અહીં એક મહિલાના પેથોલોજી રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે તે મહિલા કેન્સર પીડિત છે. તે રિપોર્ટને આધારે મહિલાએ કીમોથેરપી શરૂ કરી દીધી, પરંતુ હવે મહિલાને જાણ થઈ છે કે તેને કેન્સર હતું જ નહીં .મહિલા તબીબો દ્વારા તેની સાથે જે કાંઇ થયું તેથી હતપ્રભ છે. આ કિસ્સામાં તબીબોની બેદરકારી સામે આવી છે. મીડિયા અહેવાલ મુજબ તે મહિલા વર્ષ 2022માં પેટમાં દુઃખાવો ઉપડતાં હોસ્પિટલ કિડનીમાં પથરીને કારણે પેટમાં દુઃખી રહ્યું છે. તપાસ દરમિયાન કિડનીમાં પથરી હોવાની જાણકારીની સાથોસાથ સ્પલીન પર સોજો હોવાનું પણ સામે આવ્યું હતું. તે પછી ગયા વર્ષે સ્પલીનની સર્જરી કરવામાં આવી. સર્જરી કરીને વધેલા ભાગોને દૂર કરવામાં આવ્યા હતા. સર્જરી કરીને જે વધારા ભાગને બહાર કાઢવામાં આવ્યો હતો.

### ભારતના આરોહે કર્યું NASAના સાઉન્ડિંગ રોકેટ મિશનનું નેતૃત્વ

ન્યુયોર્ક | ભારતમાં જન્મેલા આરોહ બડજાત્યાએ અમેરિકન સ્પેસ એજન્સી NASAના મિશનમાં મહત્વની ભૂમિકા ભજવી છે. તાજેતરમાં, NASAએ પૂર્ણ સૂર્યગ્રહણ દરમિયાન એક સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કર્યું હતું. આ મિશનનું નેતૃત્વ ભારતીય મૂળના સંશોધક આરોહ બડજાત્યાએ કર્યું હતું. આરોહના પરિવારનું કહેવું છે કે અમેરિકા જતા પહેલા આરોહે ભારતના અલગ-અલગ શહેરોમાં અભ્યાસ કર્યો હતો. NASAએ પોતાના નિવેદનમાં કહી આ વાત અમેરિકન સ્પેસ એજન્સી NASAએ 8 એપ્રિલના રોજ ઉત્તર અમેરિકામાં જોવા મળેલા સૂર્યગ્રહણ દરમિયાન ત્રણ સાઉન્ડિંગ રોકેટ લોન્ચ કર્યા, જેથી એ વાતનો અભ્યાસ કરી શકાય કે જ્યારે ગ્રહના એક ભાગ પર સૂરજનો પ્રકાશ થોડી ક્ષણો માટે ઓછો થઈ જાય છે તો પૃથ્વીના ઉપરના વાયુમંડળમાં NASAએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ મિશનનું નેતૃત્વ યુનિવર્સિટીના એન્જિનિયરિંગ ભૌતિકશાસ્ત્રના પ્રોફેસર આરોહ બડજાત્યાએ કર્યું હતું.

### બૈસાખી પહેલા અમેરિકન અધિકારીએ એવું કહ્યું કે થઈ ગયું વાયરલ

ન્યુયોર્ક | ન્યુયોર્કના એક પ્રભાવશાળી નેતાએ બૈસાખી પહેલા અમેરિકન સંસદમાં શીખ ધર્મને લઈને મોટું નિવેદન આપ્યું છે. અમેરિકન સાંસદે સંસદમાં કહ્યું છે કે શીખ ધર્મ શીખવાડે છે કે તમામ મનુષ્યો એક પરિવાર તરીકે એક બીજા સાથે જોડાયેલા છે. ટોમ સુઓજીએ મંગળવારે કહ્યું છે કે ગુરુ ગોવિંદ સિંહે 1699માં ખાલસા સમુદાયની સ્થાપન કરી હતી જેનો એક માત્ર ઉદ્દેશ્ય તમામ લોકોની ગરિમાને જાળવી રાખવાની અને માનવધિકારોની રક્ષા કરવાની છે પછી તે રાષ્ટ્રીયતા, જ્ઞાતિ, ધર્મ અથવા સામાજિક સ્થિતિ કોઈપણ હોય. તેમણે કહ્યું કે, 'શીખ ધર્મ શીખવાડે છે કે તમામ મનુષ્યો એક પરિવાર તરીકે એક-બીજા સાથે જોડાયેલા હોય છે અને તેમના રચનાકાર એક જ હોય છે જે તેમની અંદર હોય છે. સુઓજીએ સદનમાં કહ્યું કે, 'હું અહીં 13 એપ્રિલ, 2024 ના રોજ બૈસાખીની 325મી વર્ષગાંઠની ઉજવણી કરવા આવ્યો છું અને ગુરુ ગોવિંદ સિંહની વિરાસતમાં સ્વતંત્રતા, સમાનતા અને મહત્વ આપ્યું જેને આપણે અમેરિકનો માનીએ છીએ. તેમણે કહ્યું કે શીખ ધર્મ એ પણ શીખવે છે કે દરેક વ્યક્તિનું ગૌરવ છે અને તે આદર અને કરુણાને પાત્ર છે.

## કેકની ફેક્ટરીમાં ગેરકાયદેસર રીતે કામ કરતા હતા, વિઝા નિયમોનું ઉલ્લંઘન કરવાના પણ આરોપ

# બ્રિટનમાં 12 ભારતીયોની ધરપકડ, જેમાં એક મહિલા પણ સામેલ

લંડન | તા 12

બ્રિટનમાં 12 ભારતીયોની ધરપકડ કરવામાં આવી છે. જેમાં એક મહિલાનો પણ સમાવેશ થાય છે. તમામ લોકો ગાદલા બનાવતી અને કેકની ફેક્ટરીમાં ગેરકાયદેસર કામ કરતા હતા. તેમના પર વિઝા નિયમોનું ઉલ્લંઘન કરવાનો પણ આરોપ છે. બ્રિટિશ ઈમિગ્રેશન અધિકારીઓએ ગુરુવારે રાત્રે માહિતી જણાવી હતી.

બ્રિટનના ગૃહ કાર્યાલયના એક નિવેદન અનુસાર, ઈમિગ્રેશન એન્ફોર્સમેન્ટ અધિકારીઓએ ઈંગ્લેન્ડના વેસ્ટ મિડલેન્ડ વિસ્તારમાં ગાદલા બનાવતી એક ફેક્ટરી પર દરોડા પાડ્યા હતા. અધિકારીઓને બાતમી મળી હતી કે અહીં ગેરકાયદેસર રીતે કામ થઈ રહ્યું છે. કેક ફેક્ટરીમાંથી 4 લોકોની ધરપકડ વિદન અનુસાર, 7 ભારતીયોની ગાદલા બનાવતી ફેક્ટરીમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તે જ સમયે, નજીકની કેક ફેક્ટરીમાંથી 4 લોકો ઝડપાયા હતા. ચારેય પર વિઝા ઉલ્લંઘનના આરોપ છે. આ સિવાય એક ભારતીય મહિલાની પણ ઈમિગ્રેશન ક્રાઈમના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. ભારત પરત મોકલી શકાય છે અધિકારીઓના જણાવ્યા અનુસાર ધરપકડ કરાયેલા લોકોને કાર્યવાહી બાદ ભારત પરત મોકલી શકાય છે. જ્યાં સુધી કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી આ લોકોને કસ્ટડીમાં રાખવામાં આવશે. આ સાથે જ જો આરોપ સાબિત થાય કે સંબંધિત ફેક્ટરીમાં ગેરકાયદેસર કામદારોને રાખવામાં આવ્યા હતા અને રોજગાર આપતા પહેલા જરૂરી તપાસ કરવામાં આવી ન હતી તો બંને ફેક્ટરીઓને દંડ ભરવો પડી શકે છે.



### કેક ફેક્ટરીમાંથી 4 લોકોની ધરપકડ

